દૈનિક

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 53 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ફાલ્ગુન સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 March 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૪ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



100% PURE VEG & JAIN FOOD

## વિશ્વ ના ખુણે ખુણે ... બાળકો થી વડીલો સુધી ...ઘર ઘર માં , દેશ પરદેશ માં ...
## ફોરમ વર્લ્ડવાઈડ ને હરહંમેશ પહેલી પસંદ બનાવવા બદલ, અમારા ગુજરાતી, કચ્છી, વાગડ, સ્વામી નારાયણ અને રાજસ્થાની પ્રવાસીઓ નો ખુબ ખુબ ધન્યવાદ




COPENHAGEN | OSLO | BERGEN | GEIRANGER | TRONDHIEM | ALESUND | LOFOTEN ISLAND

- રાજસ્થાની મહારાજ ના હાથે બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
- અમારા IN HOUSE ગુજરાતી ટુર મેનેજરો ની ઉત્કૃષ્ટ સેવાઓ
- ટુર કિંમત માં વિઝા - ટીપ્સ અને ઈન્સ્યુરેન્સ નો સમાવેશ
- દરેક સ્થળો ની GUIDED CITY TOUR
- DROTTNINGHOLM PALACE
- ATLANTIC OCEAN DRIVE
- DALSNIBBA GLACIER MOUNTAIN
- GEIRANGER FJORD CRUISE
- FLOIBANEN FUNICULAR RIDE
- NORWAY IN NUTSHELL TOUR
- TROLLFJORD CRUISE (LOFOTEN)
- ORESUND BRIDGE ની સફર
- VASA MUSEUM ની મુલાકાત
- OSLO OPERA HOUSE PHOTOSTOP
- LOFOTEN ISLAND GUIDED TOUR
- RINGVE MUSEUM ની મુલાકાત
- TURNING TORSO
- NIDAROS CATHEDRAL

Departures: MAY - 21 | JUNE - 7,24 | JULY - 11,27



FORAM® WORLDWIDE #ChaloForamKeSang








ONLY COMPANY WITH KITCHEN CARAVAN SERVICES

- CASTLE સ્ટે માં મુકામ (ONLY WITH FORAM WORLDWIDE)
- સ્કોટલેન્ડ ના પ્રખ્યાત WHISKEY MUSEUM ની મુલાકાત
- વર્લ્ડ હેરિટેજ સાઈટ GAINT CAUSEWAY - આયર્લેન્ડ ની મુલાકાત
- ડાર્ક હેજિસ - OLDEST BIRCH TREES OF IRELAND
- EDINGBURGH CASTLE ની ઐતિહાસીક ગાઈડેડ ટુર
- TOWER OF LONDON (કોહીનુર ડાયમંડ સાથે ) ગાઈડેડ ટુર
- MANCHESTER સ્ટેડિયમ ની ગાઈડેડ ટુર
- વિશ્વ વિખ્યાત OXFORD UNIVERSITY ની ગાઈડેડ ટુર
- વર્લ્ડ ફેમસ CADBURY WORLD BIRMINGHAM ની મુલાકાત
- TITANIC MUSEUM ની મુલાકાત
- WINDSOR CASTLE ની મુલાકાત (ROYAL'S FAMILY 2ND HOME)
- STRATFORD UPON AVON - શેક્સપિયર BIRTH PLACE

| | | | | | |
|---|---|---|---|---|---|
| MAY | 11,23 | JUNE | 4,16 | JULY | 23 |
| AUG | 4 | SEP | 20 | OCT | 15 |




LONDON | LIVERPOOL | DUBLIN | BIRMINGHAM
BELFAST | GLASGOW | MANCHESTER

### OUR EXCLUSIVE INCLUSIONS

- chef — રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
- અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજરો
- ઈન્સ્યોરન્સ અને ટીપ્સ નો ટુર કિંમત માં સમાવેશ
- કોઈ પણ પ્રકારના છુપા ખર્ચ નહીં
- અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીંગ નો સમાવેશ

**FORAM +91 9324366095 | DINESH +91 8591728602 | VINAY +91 8104578855 | BHAKTI +91 9321236935**

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI | WWW.FORAMWORLDWIDE.COM | FOLLOW US ON

# સાસણ ગીરમાં આવીને ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે કરેલાં કામોની યાદ તાજી થઈ: વડા પ્રધાન મોદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પ્રવાસે આવેલા વડા પ્રધાન મોદીએ સોમવારે સવારે સાસણ ગીરમાં સિંહ દર્શન કર્યા હતાં. સાસણ ગીર ખાતેના સફારી પાર્કની મુલાકાત લઈ ખુલ્લી જીપમાં વન્ય પ્રાણીઓનાં ફોટા પાડી સિંહ દર્શનનો લ્હાવો લીધો હતો. બાદ વન વિભાગના અધિકારીઓ સાથે એશીયાઈ સિંહોના સંરક્ષણ માટે સંવાદ કર્યો હતો.

વડા પ્રધાન મોદી સોમવારે વહેલી સવારે ખુલ્લી જીપમાં સાસણ ગીરનાં સફારી પાર્કમાં સિંહ દર્શન માટે પહોંચ્યા હતા. વડા પ્રધાન મોદીએ માથે ટોપી, હાથમાં કેમેરા સાથે ગીરમાં પ્રવેશી સિંહ સહિતનાં અનેક વન્ય પ્રાણીઓનાં ફોટા પાડયા હતા. અનેક સ્થળોએ તેમણે દુરબીનથી વન સૃષ્ટિનાં દૂરનાં દશ્યો નજીકથી નિહાળ્યા હતા. બાળ સિંહને લાડ કરતા માતા સિંહણને કેમેરામાં કેદ કરી હતી તો એક સ્થળે સિંહને નિહાળી જીપને થોભાવી દીધી હતી. ત્યાર બાદ તેઓ નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં હાજરી આપવા સાસણ સદન પરત ફર્યા હતા.

તેમણે એક્સપર ટ્વિટ કરતાં કહ્યું હતું કે, આજે સવારે, વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે પર હું ગીરમાં સફારી પર ગયો, જે આપણે બધા જાણીએ છીએ તેમ ભવ્ય એશિયાઈ સિંહનું ઘર છે.ગીરમાં આવવાથી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે સેવા આપતી વખતે અમે સામૂહિક રીતે કરેલા કાર્યની ઘણી યાદો પણ તાજી થઈ જાય છે. છેલ્લાં ઘણાં વર્ષોમાં સામૂહિક પ્રયાસોથી તે સુનિશ્ચિત થયું છે કે એશિયાઈ સિંહોની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમણે સિંહદર્શનના ફોટો પણ પોસ્ટ કર્યા હતાં.

ભારત સરકારે સિંહોના સંવર્ધન માટે ૨૯૦૦ કરોડના ખર્ચે પ્રોજેક્ટ લાયન શરૂ કર્યો છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં ૯ જિલ્લાના ૫૩ તાલુકાઓમાં ૩૦ હજાર સ્કવેર કિલોમિટરમાં સિંહોનું રહેઠાણ છે.

# ગુજરાત એટીએસએ હરિયાણાથી એક આતંકવાદીને ઝડપ્યો: બે હેન્ડગ્રેનેડ અને શંકાસ્પદ વીડિયો મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:હરિયાણાના ફરિદાબાદમાં ગુજરાત એટીએસ અને ફરીદાબાગ એસટીએફ સહિત આઈબીની ટીમોએ સંયુક્ત રીતે એક ઓપરેશન પાર પાડીને એક ૧૯ વર્ષના આતંકવાદીને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી બે હેન્ડગ્રેનેડ અને શંકાસ્પદ વીડિયો પણ મળી આવ્યા હતા. આરોપી યુવક અબ્દુલ રહેમાન ઉત્તર પ્રદેશના ફૈઝાબાદના મિલ્કીપુરનો રહેવાસી હોવાનું પણ તપાસમાં જણાયું હતું.

કેન્દ્રીય એજન્સીઓને મળેલા ઈનપુટ બાદ કરવામાં આવેલી કાર્યવાહીમાં રવિવારે રાત્રે ચારેક કલાકની તપાસ બાદ ફરીદાબાદના સોહના રોડ પર પાલી વિસ્તારમાં એક જર્જરિત મકાનમાંથી આરોપીની ધરપકડ કરાઈ હતી. ગુજરાત એટીએસનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે હરિયાણા નજીક ૨ આતંકવાદીઓ વિશે માહિતી મળી હતી અને તે સંદર્ભે આ ઓપરેશન કરાયું હતું. હરિયાણામાં આ કેસમાં ફક્ત અબ્દુલ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બીજા યુવક વિશે કોઈ માહિતી આપવામાં આવી ન હતી.

એટીએસનાં સૂત્રો પ્રમાણે અબ્દુલ રહેમાન આતંકવાદી સંગઠન સાથે સોશિયલ મીડિયા દ્વારા જોડાયેલા હોવાની માહિતી મળી હતી. એટીએસની ટીમે હરિયાણાની ટીમ સાથે મળીને તેની પ્રવૃત્તિઓ શોધી કાઢવા માટે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. સમગ્ર માહિતીની પુષ્ટિ થયા બાદ આરોપીને કસ્ટડીમાં લેવાયો હતો. ધરપકડ કરાયેલા યુવક પાસેથી કેટલાક શંકાસ્પદ વીડિયો પણ મળી આવ્યા છે જેના વિશે તેની પૂછપરછ કરવામાં આવી હતી.

આરોપીની પૂછપરછમાં અનેક ખુલાસા થઈ શકે છે. આરોપી સાથે કોઈ અન્ય સામેલ છે કે કેમ, હેન્ડ ગ્રેનેડનું તે શું કરવા માગતો હતો. તે કઈ સંસ્થા સાથે જોડાયેલો હતો તે વિશે પણ તપાસ કરવામાં આવશે. હાલ આતંકી પાસેથી મળી આવેલા ડિજિટલ પુરાવાની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીઓ યુવક કોના સંપર્કમાં હતો તેની માહિતી એકઠી કરી રહી છે.

# ગુજરાતમાં એક વર્ષમાં ₹ ૪૯૬ કરોડની જીએસટી ચોરી નોંધાઈ: દંડ પેટે ૨૪૬ કરોડની વસૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન વાંસદાના ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં રાજ્યના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, રાજ્યમાં એક વર્ષમાં કુલ ૪૯૬.૬૨ કરોડની જીએસટી ચોરી થઈ છે. સરકાર દ્વારા જીએસટી ચોરી કરનારા પાસેથી કુલ કુલ ૨૪૬.૮૭ કરોડ રૂપિયાનું દંડ પેટે રકમ વસૂલવામાં આવી છે.

નાણાપ્રધાને કહ્યું હતું કે, ચાલુ વર્ષે ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન રાજ્ય કર વિભાગને જીએસટી હેઠળ રૂ. ૬૭,૦૭૯ કરોડની આવક થઈ છે. જે ગત વર્ષના સમાન સમયગાળાની ૫૮,૪૪૭ કરોડની આવક સામે ૧૫ ટકા વધારો દર્શાવે છે. ફેબ્રુઆરી-૨૦૨૫માં રાજ્ય કર વિભાગને જીએસટી હેઠળ રૂ.૬,૩૮૮ કરોડની આવક થઈ છે.જે ફેબ્રુઆરી-૨૦૨૪માં થયેલ આવક કરતાં ૭ ટકા વધુ છે. ફેબ્રુઆરી-૨૦૨૫માં વેટ હેઠળ ૨,૮૦૭ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ. ૧૨૧૭ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ ૨૧ કરોડની આવક થઈ છે. રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિધ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૧૦,૪૩૩ કરોડની આવક થઈ છે

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ૧૧ માસમાં રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૧,૦૯,૧૯૨ કરોડની આવક થયેલ હતી. જાન્યુઆરી ૨૦૨૫માં રાજ્ય કર વિભાગને જીએસટી હેઠળ રૂ.૬,૮૭૩ કરોડની આવક થઈ છે. જે જાન્યુઆરી ૨૦૨૪માં થયેલ આવક કરતાં ૧૭ ટકા વધુ છે. જાન્યુઆરી-૨૦૨૫ માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૧૨ ટકા છે.

તે ઉપરાંત જાન્યુઆરી-૨૦૨૫માં વેટ હેઠળ રૂ.૨,૮૫૬ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ.૯૯૮ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ.૨૧ કરોડની આવક થઈ હતી. રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ ૧૦,૭૪૮ કરોડની આવક થઈ હતી.નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ દસ માસમાં રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૯૮,૬૭૪ કરોડની આવક થઈ હતી.

# ગુજરાત સરકારે બે વર્ષમાં ₹ ૯૪ હજાર કરોડની લોન લીધી હોવાની વિધાનસભામાં માહિતી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન પ્રશ્નોત્તરીકાળમાં ધારાસભ્યો દ્વારા સરકારને પૂછવામાં આવતા સવાલનો જવાબ સરકારના પ્રધાનો દ્વારા આપવામાં આવતો હોય છે. આ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યના સવાલનો જવાબ આપતાં સરકારના પ્રધાને જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ૯૪ હજાર કરોડની લોન લીધી છે.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે પૂછેલા સવાલનો જવાબ આપતાં સરકાર તરફથી જણાવાયું હતું કે, રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ૯૪ હજાર કરોડની બજાર લોન લીધી છે. ૨૦૨૨-૨૩માં ૨થી૧૩ વર્ષ માટે બજાર લોન લીધી હતી. રાજ્ય સરકારે ૨૦૨૨-૨૩માં ૭.૩૫થી ૭.૮૨ ટકા વ્યાજે લોન લીધી હતી. જ્યારે ૨૦૨૩-૨૪માં ૨થી ૧૦ વર્ષ માટે ૭.૧૮થી ૭.૬૬ ટકા વ્યાજે લોન લીધી હતી. રાજ્ય સરકારે ૨ વર્ષ માટે લીધેલી આ લોનની કેટલી ચૂકવણી કરવામાં આવી અને કેટલી બાકી છે તેને લઈને કોઈ માહિતી રજૂ કરી નહોતી.

રાજ્ય સરકારે ગુજરાતના વિકાસને આગળ ધપાવવા માટે ફંડ એકત્રિત કરવા પ્રયાસો હાથ ધર્યા છે. રાજ્યમાં અત્યારે સેમિકન્ડક્ટર, એરોસ્પેસ અને બાયોટેકનોલોજી જેવી ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રોમાં પણ મોખરે છે. આ ઉપરાંત ગ્રીન એનર્જી, પ્રવાસન ક્ષેત્ર અને પરીવહન ક્ષેત્રમાં બુલેટ ટ્રેન અને મેટ્રો રેલ જેવી મહત્વની કામગીરી થઈ રહી છે.

# ગુજરાતની ચારેય સરકારી વીજકંપનીઓને કેન્દ્રીય વીજ મંત્રાલય દ્વારા એ પ્લસ રેટિંગ અપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે રાજ્યમાં સરકારી વીજકંપનીઓ દ્વારા વીજઉત્પાદન અને વીજ વિતરણની સુચારુ કામગીરી અને સુદૃઢ વીજમાળખાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશની ૪૨ સરકારી વીજવિતરણ કંપનીઓમાંથી ગુજરાતની ચારેય વીજવિતરણ કંપનીને એ પ્લસ રેટિંગ મળ્યું છે. જેમાં દક્ષિણ ગુજરાત વીજકંપની, મધ્ય ગુજરાત વીજ કંપની અને ઉત્તર ગુજરાત વીજ કંપનીને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય, જ્યારે પશ્ચિમ ગુજરાત વીજકંપની પાંચમા ક્રમે આવે છે.

રાજ્યમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલાં વીજજોડાણો અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યું કે વર્ષ ૧૯૯૭થી અમલી થયેલી આ યોજના હેઠળ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં આશરે રૂ. ૫૮૩.૩૪ કરોડના ખર્ચે કુલ ૧૦,૯૬,૫૮૧ જેટલા પરિવારોને ઘર વપરાશનાં વીજજોડાણો આપવામાં આવ્યા છે. જે અંતર્ગત કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણની માહિતી આપતાં તેમણે જણાવ્યું કે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જિલ્લાના વિવિધ તાલુકાના ૧૪૧૯ લાભાર્થીઓને કુલ રૂ.૬૫.૪૩ લાખના ખર્ચે વીજજોડાણ આપવામાં આવ્યાં છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યના તમામ વિસ્તારના કોઈ પણ જ્ઞાતિના ગરીબ લાભાર્થીઓ પૈકી શહેરી વિસ્તારમાં રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતાં તથા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧,૨૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતાં લાભાર્થીઓ આ યોજના હેઠળ ઘર વપરાશનું વીજજોડાણ મેળવી શકે છે.

# ગુજરાતમાં એક વ્યક્તિ-એક પદના નિયમનું ઉલ્લંઘન: ભાજપના ધારાસભ્યો બે વર્ષથી કોર્પોરેટરપદે યથાવત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાજપમાં એક વ્યક્તિ-એક પદનો નિયમ સી.આર.પાટીલ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ હતા ત્યારે ૨૦ જુલાઈ, ૨૦૨૦ના બનાવ્યો હતો. જો કે હાલ તેમના આ નિયમનો જ ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. કારણ કે ભાજપના જ કેટલાક નેતાઓ છેલ્લાં બે વર્ષ કરતાં પણ વધુ સમયથી ધારાસભ્ય અને સાથોસાથ કોર્પોરેટરના પદે પણ હજુ યથાવત્ છે.

દર્શિતા શાહ ડિસેમ્બર, ૨૦૨૨માં રાજકોટ પશ્ચિમ બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી જીત્યાં એ પહેલાં રાજકોટના ડેપ્યુટી મેયર હતાં. ધારાસભ્ય બન્યાં એટલે તેમણે મેયરપદેથી રાજીનામું આપી દીધું હતું, પરંતુ કોર્પોરેટરનું પદ હજુ સુધી છોડ્યું નથી. હાલ તે રાજકોટના રેસકોર્સ વિસ્તારમાં વોર્ડ નંબર-૨નાં કોર્પોરેટર પણ છે. તે જ પ્રકારે જામનગર દક્ષિણ બેઠકના ધારાસભ્ય દિવ્યેશ અકબરી પણ હાલમાં જામનગર મનપામાં વોર્ડ નંબર-૮ના છે. વડોદરાની સયાજીગંજ બેઠકથી ભાજપના ધારાસભ્ય કેયૂર રોકડિયાએ પણ કોર્પોરેટર પદ છોડ્યું નથી. ભૂપેન્દ્ર પટેલની સરકારમાં મહિલા અને બાળકલ્યાણપ્રધાન ભાનુબેન બાબરિયા રાજકોટ ગ્રામ્ય બેઠકથી ભાજપનાં ધારાસભ્ય અને રાજકોટ મનપાના વોર્ડ નંબર-૧ના કોર્પોરેટર પણ છે. વિધાનસભાની ચૂંટણી જીત્યાને બે વર્ષ કરતાં પણ વધુ સમય થઈ ચૂક્યો છે છતાં નિયમોની આડશ લઈને તેમણે બેમાંથી એકપણ હોદ્દો છોડ્યો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા મહિના પહેલાં ગેનીબેન ઠાકોર બનાસકાંઠાથી લોકસભાની ચૂંટણી જીત્યાં બાદ તેમણે વાવ વિધાનસભા સીટ પરથી ધારાસભ્ય તરીકે રાજીનામું આપી દેવું પડ્યું હતું અને પછી પેટાચૂંટણી થઈ હતી. હવે જ્યારે કોર્પોરેટર અને ધારાસભ્યના પદે ભાજપની જ એક વ્યક્તિ હોય તો એ શું ભાજપે જાતે જ બનાવેલા નિયમનું ઉલ્લંઘન નથી?

# રાજ્યના ખેડૂતોને છેલ્લાં બે વર્ષમાં વીજ બિલમાં ₹ ૧૮,૦૦૪ કરોડની સબસિડી અપાઈ: ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિધાનસભા ગૃહમાં ધારાસભ્યો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતોને વીજબિલમાં રાહત માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૮,૨૩૩ કરોડ અને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૯,૭૭૧ કરોડ એમ કુલ બે વર્ષમાં રૂ. ૧૮,૦૦૪ કરોડની સબસિડી આપવામાં આવી છે. રાજ્યમાં ખેતીવાડી વીજજોડાણો અંગે વિગતો આપતા કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, છેલ્લાં બે દાયકામાં ખેડૂતોને ૧૪ લાખ નવા ખેતીવાડી વીજજોડાણ આપવામાં આવ્યાં છે. આમ હાલમાં ખેતીવાડી વીજ જોડાણની કુલ સંખ્યા ૨૧ લાખથી વધુ છે. તદુપરાંત રાજ્યના ખેડૂતોને વીજ દરના તફાવતની રકમ, ઇલેક્ટ્રિસિટી ડ્યુટી તેમજ ફ્યુઅલ સરચાર્જ ભરપાઈ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. તે ઉપરાંત છેલ્લા બે દાયકામાં ખેડૂતોના વીજ દરમાં કોઈ જ વધારો કરવામાં આવ્યો નથી.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં છેલ્લાં બે વર્ષમાં વીજબિલમાં સબસિડી મુદ્દે કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, મહેસાણા જિલ્લામાં વીજબિલમાં રાહત પેટે વર્ષ ૨૦૨૩માં ૪૩,૪૬૮ ખેડૂતોને રૂ. ૭૦૧.૪૪ કરોડ તથા વર્ષ ૨૦૨૪માં ૪૪,૪૭૧ ખેડૂતોને રૂ. ૬૩૭.૬૫ કરોડની એમ કુલ રૂ. ૧૩૩૯.૦૯ કરોડની સબસિડી આપવામાં આવી છે. એ જ રીતે, અમરેલી જિલ્લામાં વીજબિલમાં રાહત પેટે વર્ષ-૨૦૨૩માં ૧,૩૨,૪૬૩ ખેડૂતોને રૂ. ૩૭૭.૪૧ કરોડ તથા વર્ષ-૨૦૨૪માં ૧,૩૫,૭૯૩ ખેડૂતોને રૂ. ૩૩૯.૨૮ કરોડની એમ છેલ્લાં બે વર્ષમાં કુલ રૂ. ૭૧૬.૬૯ કરોડની સબસિડી આપવામાં આવી છે.

આ અંગે વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ બિલમાં રાહત પેટે વર્ષ-૨૦૨૩માં ૩૧,૬૩૭ ખેડૂતોને રૂ. ૧૫૩.૦૪ કરોડ તથા વર્ષ-૨૦૨૪માં ૩૪,૦૪૮ ખેડૂતોને રૂ. ૧૩૫.૦૯ કરોડની સબસિડી આપવામાં આવી છે. આમ, ખેડૂતોને કુલ રૂ. ૨૮૮.૧૩ કરોડની વીજ બિલમાં રાહત આપી છે. તેમજ નવસારી જિલ્લામાં વીજબિલમાં રાહત પેટે વર્ષ ૨૦૨૩માં ૫૨,૨૦૫ ખેડૂતોને રૂ. ૭૪.૮૭ કરોડ તથા વર્ષ ૨૦૨૪માં ૫૨,૩૬૯ ખેડૂતોને રૂ. ૬૬.૯૨ કરોડની સબસિડી આપવામાં આવી છે. આમ, છેલ્લાં બે વર્ષમાં ખેડૂતોને કુલ રૂ. ૧૪૧.૭૯ કરોડની વીજબિલમાં રાહત આપવામાં આવી છે.

આ ઉપરાંત સાબરકાંઠા, ખેડા, સુરત, સુરેન્દ્રનગર, ભરૂચ, રાજકોટ, જૂનાગઢ, દાહોદ, ભાવનગર, કચ્છ, ગાંધીનગર, વડોદરા, મોરબી, વલસાડ અને છોટાઉદેપુર જિલ્લામાં પણ વીજબિલમાં રાહત પેટે સબસિડી આપવામાં આવી હોવાની વિગતો લેખિત પ્રત્યુત્તરમાં જણાવી હતી.

# જંગલ વિસ્તારના ખેડૂતોને પીએમ કુસુમ યોજના હેઠળ ખાસ સહાય: પીએમ સૂર્યઘર યોજનામાં ૪૦ ટકા યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિધાનસભા ગૃહ ખાતે પીએમ કુસુમ યોજના અંગે ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પીએમ કુસુમ યોજના હેઠળ ખેતરમાં સોલાર પંપ સ્થાપિત કરવાથી સિંચાઈ માટે ખેડૂતોની પરંપરાગત વીજળી પરની નિર્ભરતા ઘટશે. તેની સાથે જ, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાથી પર્યાવરણને અનુકૂળ સૌર ઊર્જાનો ઉપયોગ કરવામાં પણ મદદ મળશે. આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, પીએમ કુસુમ યોજના હેઠળ ૭.૫ હોર્સ પાવરની ક્ષમતા ધરાવતા સૌર ઊર્જા આધારિત - સોલાર પંપ સ્થાપિત કરવા માટે ભારત સરકાર તરફથી કુલ ખર્ચના ૩૦ ટકા અને રાજ્ય સરકાર તરફથી ૩૦ ટકા મળી, કુલ ૬૦ ટકા સબસીડી આપવામાં આવે છે. જ્યારે, બાકીનો ૪૦ ટકા ખર્ચ ખેડૂતોએ કરવાનો રહે છે.

આ યોજના હેઠળ આપવામાં આવતી વધારાની સહાય અંગે દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યના જંગલ વિસ્તારના ખેડૂતોને પીએમ કુસુમ યોજના હેઠળ સોલાર પંપ સેટ આપવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

કોઈ ખેડૂતને વીજજોડાણ આપવા માટે વીજલાઈન વન વિસ્તારમાંથી પસાર કરવાની થાય અથવા પરંપરાગત વીજજોડાણ આપવું શક્ય ન હોય, ત્યારે આવા ખેડૂતોને ૪૦ ટકા ફાળાના બદલે માત્ર રૂ. ૬,૫૦૦ થી રૂ. ૧૨,૦૦૦ હોર્સ પાવર પ્રમાણેનો ફિક્સ ચાર્જ ભરીને સોલાર પંપ સેટ આપવામાં આવે છે. જ્યારે, બાકીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વધારાની સબસીડી તરીકે આપવામાં આવે છે. આ ઉપરાંત આદિજાતિ વિસ્તારના ખેડૂતોને સૌર ઊર્જા સંચાલિત પંપ-સેટ માટેના ફિક્સ ચાર્જ ભરવામાંથી પણ મુક્તિ આપવામાં આવે છે. એટલે કે, આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ખેડૂતોએ કોઈ જ રકમ ભરવાની રહેતી નથી.

વિધાનસભા ખાતે રજૂ કરાયેલી વિગતો અનુસાર પીએમ કુસુમ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લાના ૩,૪૦૨ ખેડૂતોને રૂ. ૧૪,૮૬૦ લાખ, વલસાડ જિલ્લાના ૪૪૯ ખેડૂતોને રૂ. ૧,૭૬૮ લાખ, બનાસકાંઠા જિલ્લાના ૩૫૬ ખેડૂતોને રૂ. ૧,૪૯૦ લાખ, છોટા ઉદેપુર જિલ્લાના ૧૮૯ ખેડૂતોને રૂ. ૫૯૧ લાખ, તાપી જિલ્લાના ૧૬૧ ખેડૂતોને રૂ. ૬૮૭ લાખ તેમજ ગીર સોમનાથ જિલ્લાના ૧૨૩ ખેડૂતોને રૂ. ૬૩૦ લાખથી વધુની સહાય આપવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સોલાર પાવરને પ્રોત્સાહન આપીને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે ગુજરાત પ્રયત્નશીલ છે. આજે પીએમ સૂર્યઘર યોજનામાં ૪૦ ટકા યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમ છે.

# ગુજરાત યુનિ.એ ફીમાં ₹ ૫૫૦૦નો વધારો કરતા એનએસયુઆઈનાં ધરણાં

## કુલપતિની ચેમ્બરમાંથી કાર્યકરોની અટકાયત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટીમાં ફીમાં ૫૫૦૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે જેના પગલે એનએસયુઆઈ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. એનએસયુઆઈના કાર્યકર્તા ગુજરાત યુનિવર્સિટી ટાવરમાં કુલપતિની ઓફિસ બહાર જાળી તોડીને અંદર જઈને કુલપતિની ઓફિસમાં બેસીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. એ દરમિયાન વિરોધ કરી રહેલા તમામ કાર્યકરોની પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. જોકે એનએસયુઆઈ દ્વારા આગામી દિવસોમાં કુલપતિના ઘરનો ઘેરાવ કરવાની પણ ચીમકી આપવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીમાં તાજેતરમાં જ બી.કોમથી માંડીને પીએચડીના કોર્સમાં ૧૮૦૦ રૂપિયાથી લઈ ૫૫૦૦ રૂપિયા સુધીનો ફી વધારો કરવામાં આવ્યો છે. આ ફી વધારો નવા શૈક્ષણિક સત્રથી લાગુ કરવામાં આવશે. ફી વધારાને લઈને એનએસયુઆઈ દ્વારા ગત અઠવાડિયે વિરોધ કરવામાં આવ્યો હતો અને ફી વધારો પરત ખેંચવાની માગણી કરવામાં આવી હતી. જો ફી વધારો પરત ના ખેંચાય તો યુનિવર્સિટીનો ઘેરાવ અને આગામી દિવસોમાં કુલપતિના ઘરનો ઘેરાવ કરવાની પણ ચીમકી આપવામાં આવી હતી.

એનએસયુઆઈના કાર્યકરોએ મોટી સંખ્યામાં ગુજરાત યુનિવર્સિટી પહોંચીને વિરોધ કર્યો હતો. કાર્યકરોએ કુલપતિની ઓફિસમાં જઈને ઉગ્ર રજૂઆત કરી હતી. કાર્યકરોએ કુલપતિ સામે જ તેમની ઓફિસમાં બેસીને સૂત્રોચ્ચાર કર્યા હતા.

# આણંદના કેનવાલ તળાવનો ₹ ૭૯ કરોડના ખર્ચે કાયાકલ્પ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આણંદ જિલ્લાના મહત્વના એવા કેનવાલ તળાવની રૂ. ૭૯ કરોડની વધુના ખર્ચે ડિસિલ્ટિંગ અને રિમોકેલિગની કામગીરી કરવામાં આવશે. વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપતા જળ સંપત્તિ અને પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું. આ માટે ટેન્ડરિંગ પ્રક્રિયા બાદ મંજૂરી પણ આપી દેવામાં આવી છે. જેનું કાર્ય આગામી સમયમાં પૂર્ણ કરવામાં આવશે. લગભગ ૧૬ વર્ષ જૂનું આ તળાવ ૫૨૫ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે ત્યારે તેમાં ૧૭ થી ૧૮ ટકા અને ડિસિલ્ટિંગ અને રિમોકેલિંગની કામગીરી કરીને તેને મૂળ સ્થિતિમાં લાવવા રાજ્ય સરકાર આ કામગીરી કરી રહી છે. કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, કેનવાલ તળાવના માધ્યમથી આજુબાજુના ૧,૯૮૭ જેટલાં ગામોને પીવાનું પાણી તેમજ ૧,૪૩૬ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ સિવાય અમદાવાદ સહિત નવ શહેરોને પાણી ઉપલબ્ધ કરવામાં આવે છે.

# ગુજરાત વિધાનસભાની કાર્યવાહીનું પ્રસારણ ‘જીવંત’ કરવા માટે કૉંગ્રેસે અધ્યક્ષને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભા સત્રની કાર્યવાહીને જીવંત પ્રસારણ કરવાનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. કૉંગ્રેસ નેતા અમિત ચાવડાએ ગુજરાત વિધાનસભાની કાર્યવાહીનું પણ જીવંત પ્રસારણ કરવામાં આવે તેવી માગ કરી હતી. દેશનાં ૨૮ રાજ્યોની વિધાનસભાની કાર્યવાહીનું પણ જીવંત પ્રસારણ કરવામાં આવતું હોય તો ગુજરાતમાં પણ વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કેમ નહીં તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો. તે ઉપરાંત વિધાનસભામાં ધારાસભ્યોએ કરેલી ચર્ચાની કોપી તેમને મળે તેવી માગ પણ અમિત ચાવડાએ કરી હતી.

કૉંગ્રેસ નેતા અમિત ચાવડાએ પત્રમાં માંગ કરી હતી કે, ગુજરાતની પ્રજા પોતાના પ્રશ્નો-સમસ્યાઓ-સૂચનો-સુવિધાઓ અને સુશાસન માટે પોતાનો અવાજ રજૂ કરવા ૧૮૨ વિધાનસભા વિસ્તારોમાંથી પોતાના પ્રતિનિધિને ચૂંટીને વિધાનસભામાં ચૂંટીને મોકલે છે. વિધાનસભામાં ચૂંટાઈને આવતો પ્રજાનો પ્રતિનિધિ ચાહે કોઈપણ પક્ષનો કે વિસ્તારનો હોય તેનો સતત પ્રયત્ન રહે છે કે પોતાના વિસ્તારના લોકો અને ગુજરાતની જનતાનો અવાજ અને લાગણી-માગણી વિધાનસભામાં રજૂ કરે અને સરકારના ધ્યાન પર લાવે.

તેમણે વધુમાં કહ્યું હતું કે દેશની પાર્લામેન્ટમાં સંસદની કાર્યવાહી તેમ જ અનેક રાજ્યોની વિધાનસભાની કાર્યવાહીનું પણ જીવંત પ્રસારણ કરવામાં આવે છે. ગુજરાતમાં કૉંગ્રેસ દ્વારા વખતોવખત વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણની માગણી કરવામાં આવી છે. પ્રજાના ટેક્સનાં પૈસાથી વિધાનસભાની સમગ્ર કાર્યવાહીનો ખર્ચ, તમામ ધારાસભ્યો અને મુખ્ય પ્રધાન સહિત મંત્રીમંડળના સભ્યો અને વિવિધ વિભાગોના અધિકારીઓને સુવિધાઓ પ્રજાના ટેક્સનાં પૈસામાંથી મળે છે. આથી પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકારી તંત્ર વિધાનસભામાં કઈ રીતે પ્રજાની સુખાકારી-સુવિધા અને સુરક્ષા બાબતે કાર્યવાહી કરી રહ્યા છે તે જોવાનો અને જાણવાનો પ્રજાનો પણ અધિકાર બને છે.

વિધાનસભા સત્રની કાર્યવાહીના એક એકતરફી પ્રસારણ અંગે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સમાચાર માધ્યમોમાં માહિતી વિભાગ દ્વારા જે વિધાનસભાની કાર્યવાહીના અંશો લોકશાહીના ધબકારના સ્વરૂપે મોકલવામાં આવે છે. જે અધૂરા-એકતરફી અને પક્ષપાત પૂર્વકના હોય છે. જેમાં સરકારના ચોક્કસ મંત્રીઓના પ્રવચનોના વીડિયો રાજકીય એજન્ડાઓને ઉજાગર કરવા જાહેર કરવામાં આવે છે. વિપક્ષના સભ્યો સતત આ બાબતે અન્યાય અને ભેદભાવ થતો હોવાનું મહેસૂસ કરી રહ્યા છે. જેથી કૉંગ્રેસના તમામ ધારાસભ્યોની માગ છે કે ગુજરાત વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ ચાલુ સત્રથી જ શરૂ કરવામાં આવે.

તે ઉપરાંત ધારાસભ્યો પણ પોતાના વિસ્તારના પ્રશ્નો અને વિકાસ માટે જે ચર્ચા કરે છે તેની માહિતી જનતા સુધી પહોંચાડે તે જરૂરી છે. તે ઉપરાંત વિધાનસભાની ચર્ચાના અધ્યક્ષે માન્ય કરેલાં પ્રવચનોની વીડિયોની નકલ સભ્યોને આપવાની પણ તેમણે માગ કરી હતી.

૨૦૩ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 53 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 March 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૪ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


ઑક્ટો-ડિસે. ૨૦૨૪માં

## સીધા વિદેશી રોકાણમાં ૫.૬ ટકાનો ઘટાડો

નવી દિલ્હી: વૈશ્વિક અર્થતંત્રમાં પ્રવર્તી રહેલી અચોક્કસતા વચ્ચે વર્ષ ૨૦૨૪માં ઑક્ટોબર-ડિસેમ્બરના ત્રિમાસિકમાં ફૉરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ-સીધા વિદેશી રોકાણ)માં ૫.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો જેને કારણે એફડીઆઈનું પ્રમાણ અગાઉના વર્ષના એ જ સમયગાળાના ૧૧.૫૫ અબજ ડૉલરથી ઘટીને ૧૦.૯ અબજ ડૉલર થઈ ગયું હોવાનું સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

ડિપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં એફડીઆઈ ૪૩ ટકા વધીને ૧૩.૬ અબજ ડૉલર અને અગાઉના એપ્રિલ-જૂનના ત્રિમાસિકમાં ૪૭.૮ ટકા વધીને ૧૬.૧૭ અબજ ડૉલર થયું (જુઓ પાનું ૨) ▶▶


125 વર્ષથી
સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી ®
સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ



ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 78,210/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## 'આપ'નો ભ્રષ્ટાચાર હવે ખુલ્લો પડવા લાગ્યો: રેખા ગુપ્તા

નવી દિલ્હી: પબ્લિક હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઍન્ડ મેનેજમેન્ટ ઑફ હેલ્થ સર્વિસિસ અંગેના કોમ્પ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ 'કેગ'ના અહેવાલને પગલે 'આપ' પર નિશાન સાધતા દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ સોમવારે કહ્યું હતું કે ચારેતરફ ફેલાયેલો 'આપ'નો ભ્રષ્ટાચાર હવે ખુલ્લો પડવા લાગ્યો છે.

કેગના આ અહેવાલને સમીક્ષા માટે પબ્લિક અકાઉન્ટ કમિટી (પીએસી) મોકલી આપવામાં આવ્યો (જુઓ પાનું ૨) ▶▶


Summer Holidays
પ્યોર વેજ અને જૈન ગ્રુપ ટૂર બધા સમાવેશ સાથે
Yehi સમય Hai
Sahi સમય Hai
ગ્રાન્ડ યુએસએ - ૨૧ દિવસ
ગ્રાન્ડ યુરોપ - ૧૯ દિવસ
બેસ્ટ ઓફ દક્ષિણ આફ્રિકા સાથે મોરેશિયસ ૧૫ દિવસ
બેસ્ટ ઓફ યુરોપ -૧૪ દિવસ (બેસ્ટ સેલર)
બેસ્ટ ઓફ ઓસ્ટ્રેલિયા -૧૩ દિવસ
ફાર ઈસ્ટ થાઈલેન્ડ / મલેશિયા / સિંગાપોર ક્રુઝ સાથે - ૧૫ દિવસ
કોઈ છુપાયેલા ખર્ચ વગર તમામ સમાવિષ્ટ સાથેના પેકેજ
વધુ વિગતો માટે સંપર્ક કરો
Guideline™ making travel an art !
HEAD OFFICE : 4062 2222 / 98198 91904
GHATKOPAR: 9820089928
KANDIVALI: 9619251138


## હિમાચલમાં ભારે વર્ષા: અનેક વિસ્તારોમાં પરીક્ષા મોકૂફ

ધરમશાળા (હિમાચલ પ્રદેશ) : હિમાચલ પ્રદેશ સ્કૂલ એજ્યુકેશન બોર્ડ દ્વારા હિમવર્ષાથી અસરગ્રસ્ત ચંબાના પાંગી અને લાહૌલ-સ્પિતિ જિલ્લાના વિસ્તારોમાં ચોથી માર્ચથી શરૂ થનારી પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. છેલ્લા થોડા દિવસથી હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને હિમવર્ષાને લીધે ચંબાના પાંગીમાં અને લાહૌલ-સ્પિતિ જિલ્લામાં રોડ અને પગદંડીને જબરદસ્ત નુકસાન થયું છે અને આને લીધે અનેક રૂટ બંધ છે. આને પરિણામે હિમાચલ પ્રદેશ સ્કૂલ એજ્યુકેશન બોર્ડ આઠ, નવ, દસ, અગિયાર અને બારમા ધોરણના પ્રશ્નપત્રો અને પરીક્ષાની બીજી સામગ્રી એ વિસ્તારોમાં પહોંચાડી શકી નથી. અધિકારીઓએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓને પડનારી હાડમારીને ધ્યાનમાં રાખીને બૉર્ડે ચોથી માર્ચથી શરૂ થનારી પરીક્ષા આ વિસ્તારોમાં આઠ માર્ચ સુધી મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. રાજ્યના બીજા વિસ્તારોમાં પરીક્ષા યોજાશે. ■







LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# માયાવતીનો નવો ડ્રામા, ભત્રીજાને તગેડી ભાઈને બેસાડ્યો

**બહુજન** સમાજ પાર્ટી (બસપા)નાં કર્તાહર્તા માયાવતી પોલિટિકલ ડ્રામા કરવા માટે જાણીતાં છે. માયાવતીએ કરેલા નવા ડ્રામામાં પોતાના ભત્રીજા આકાશ આનંદ પાસેથી બસપાની બધી જવાબદારીઓ છીનવી લીધી છે અને આકાશ આનંદને બસપાના નેશનલ કો-ઓર્ડિનેટર પદેથી દૂર કરાયા છે. માયાવતીએ આકાશ આનંદ પોતાના રાજકીય વારસ નથી એવી જાહેરાત પણ કરી છે. છેલ્લા એક વર્ષમાં માયવતીએ આકાશ આનંદને પોતાના રાજકીય વારસ અને નેશનલ કો-ઓર્ડિનેટરપદેથી દૂર કર્યા હોય એવું બીજી વાર બન્યું છે. રસપ્રદ વાત એ છે કે, માયાવતીના આ નિર્ણય પાછળ તેમનો ફેમિલી ડ્રામા પણ જવાબદાર છે કેમ કે માયાવતીએ બસપામાં થયેલા ડખાપંચક માટે આકાશ આનંદના સસરા અશોક સિધ્ધાર્થને જવાબદાર ગણાવ્યા છે.

માયાવતીએ એલાન પણ કર્યું છે કે, હું જીવું છું ત્યાં સુધી કોઈને મારા રાજકીય વારસ જાહેર નહીં કરું. મજાની વાત એ છે કે, માયાવતીએ આકાશ આનંદના સ્થાને બે નવા નેશનલ કો-ઓર્ડિનેટરની નિમણૂક કરી તેમાં એક તો તેમના સગા ભાઈ અને આકાશના પિતા આનંદ કુમાર છે જ્યારે બીજા નેશનલ કો-ઓર્ડિનેટર તરીકે રાજ્યસભા સાંસદ રામજી ગૌતમને જવાબદારી સોંપવામાં આવી છે. હવે દીકરાને દૂર કરીને પિતાને નેશનલ કો-ઓર્ડિનેટર બનાવો તો શું ફરક પડ્યો ? હોદ્દો તો માયાવતીના પરિવારમાં જ રહ્યો ને ? ઘી ઢળ્યું તો પણ ખીચડીમાં જ ને ?

માયાવતીએ લખનૌમાં બસપા કાર્યકરો સાથેની બેઠકમાં આકાશ આનંદને રાજકીય વારસ તરીકે દૂર કરવાની જાહેરાત કરી. આ બેઠકમાં શરૂઆતમાં સ્ટેજ પર બે ખુરશીઓ મૂકવામાં આવી હતી. એક ખુરશી પર માયાવતી બેઠેલાં ને બીજી ખુરશી આકાશ આનંદ માટે ખાલી રખાયેલી પણ ભત્રીજો આકાશ મીટિંગમાં આવ્યો જ નહીં એટલે તેના માટે મૂકવામાં આવેલી ખુરશી દૂર કરવામાં આવી અને માયાવતીએ આકાશ આનંદ પાસેથી હોદ્દા છિનવી લેવાની જાહેરાત કરી નાંખી.

માયાવતીએ ૧૫ દિવસ પહેલાં ભત્રીજા આકાશ આનંદના સસરા ડો. અશોક સિદ્ધાર્થને બસપામાં જૂથવાદ પોષવાના કારણસર તગેડી મૂક્યા હતા. ડો. અશોક સિદ્ધાર્થની પુત્રી પ્રજ્ઞાનાં લગ્ન ૨૦૨૩માં માયાવતીના ભત્રીજા આકાશ આનંદ સાથે થયા હતાં ને એ પછી માયાવતીએ તેમને દક્ષિણનાં રાજ્યોના પ્રભારી બનાવ્યા હતા પણ અચાનક ડો. આનંદ પરથી મન ઊઠી જતાં તેમને તગેડી મૂક્યા.

બસપાના ભૂતપૂર્વ સાંસદ અને ડૉ. અશોક સિદ્ધાર્થના નજીકના સાથી નીતિન સિંહને પણ બસપામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. નીતિન સિંહ પણ બસપા સંગઠનમાં જૂથવાદ અને ગેરશિસ્તને પોષતા હોવાનો આક્ષેપ મુકાયો હતો.

ડૉ. સિદ્ધાર્થની હકાલપટ્ટીના બે દિવસ પછી માયાવતીએ ભત્રીજા આકાશ આનંદને સુધરી જવા અલ્ટિમેટમ આપ્યું હતું. માયાવતીએ જ્ઞાન પિરસેલું કે, કાંશીરામની જેમ દરેક દુઃખનો સામનો કરે, છેલ્લા શ્વાસ સુધી પાર્ટી માટે પૂરા હૃદય અને આત્માથી લડે અને પાર્ટીની ચળવળને આગળ ધપાવતો રહે એ જ બસપાનો ખરો રાજકીય વારસ બનશે. આકાશ આનંદે આ વાત સાંભળી નહીં એટલે તેમને રવાના કરી દેવાયા.

જો કે આ નિર્ણય કાયમી છે એવું માનવાને કોઈ કારણ નથી ને આકાશ આનંદનું પત્તું સાવ કપાઈ ગયું છે એવા ભ્રમમાં રહેવાની પણ જરૂર નથી કેમ કે બસપામાં પહેલાં પણ આ ડ્રામા ભજવાઈ ચૂક્યો છે. માયાવતી પહેલાં પણ આકાશ આનંદને માથે ચડાવીને પછી પછાડી ચૂક્યાં છે ને પાછો માથા પર બેસાડ્યો છે એટલે ફરી એ જ ઘટનાઓનું પુનરાવર્તન થઈ શકે છે. માયાવતીએ ૧૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના બસપા નેતાઓની બેઠક બોલાવીને અચાનક તેમના નાના ભાઈ આનંદ કુમારના પુત્ર આકાશ આનંદને તેમના રાજકીય વારસ જાહેર કર્યા હતા. માયાવતીએ ભત્રીજાનાં બહુ વખાણ કરેલાં ને કહેલું કે, આકાશ કાંશીરામના વારસા અને રાજકારણને આગળ ધપાવશે.

છ મહિના પછી માયાવતીનું ફટક્યું અને ૭ મે, ૨૦૨૪ના રોજ, આકાશ પાસેથી માયાવતીએ બધી જવાબદારીઓ છીનવી લીધી. આકાશને નેશનલ કો-ઓર્ડિનેટર પદેથી દૂર કરવામાં આવ્યા હતા. માયાવતીએ કહ્યું હતું કે આકાશ હજુ પણ અપરિપક્વ છે અને તેણે ઘણું શીખવાની જરૂર છે. દોઢ મહિના પછી આકાશ પરિપક્વ થઈ ગયો અને માયાવતીએ પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો. ૨૩ જૂન, ૨૦૨૪ના રોજ માયાવતીએ ફરીથી પોતાના ભત્રીજા આકાશને રાજકીય વારસ જાહેર કરીને નેશનલ કો-ઓર્ડિનેટર તરીકેની જવાબદારી પણ સોંપી. હવે આઠ મહિના પછી ફરી એકવાર માયાવતીએ આકાશ આનંદ પાસેથી બધી જવાબદારીઓ છીનવી લીધી છે.

માયાવતીએ આકાશ આનંદની જવાબદારીઓ છિનવી લેતી વખતે કેટલીક હાસ્યાસ્પદ વાતો પણ કરી છે. માયાવતીના કહેવા પ્રમાણે, હવે તેમનાં સંતાનોનાં લગ્ન ફક્ત બિન-રાજકીય પરિવારોમાં જ કરાવવાનો નિર્ણય લીધો છે કે જેથી અશોક સિદ્ધાર્થના કિસ્સામાં થયું હતું એ રીતે ભવિષ્યમાં અમારા પક્ષને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થાય, માયાવતીએ અશોક સિદ્ધાર્થ વિશે ઘણું બધું કહ્યું છે અને સાથે સાથે એવું પણ કહ્યું છે કે, મારા માટે બસપા અને બસપાની વિચારધારાની ચળવળ પહેલાં આવે છે, જ્યારે પરિવાર અને સંબંધો પછી આવે છે. હું જીવીશ ત્યાં સુધી સંપૂર્ણ પ્રામાણિકતા સાથે પાર્ટીને આગળ ધપાવતી રહીશ.

માયાવતીએ સમાજવાદી પાર્ટી અને ભાજપ એક જ સિક્કાની બે બાજુ હોવાનો દાવો કરીને કહ્યું કે, બસપા મિલ્કીપુરમાં પેટાચૂંટણી લડી ન હતી છતાં સમાજવાદી પાર્ટીને કારમી હારનો સામનો કરવો પડ્યો. પહેલાં સપાએ પોતાની હાર માટે બસપાને જવાબદાર ઠેરવતી પણ હવે કોને જવાબદાર ઠેરવશે ? આ વાત કહીને માયાવતીએ એવો મમરો મૂક્યો છે કે, આંબેડકરવાદી નીતિઓ અને સિદ્ધાંતોનું પાલન કરતી બસપા જ ભાજપ અને અન્ય જ્ઞાતિવાદી પક્ષોને હરાવી શકે છે. આ વાત દેશભરના તમામ સમુદાયના લોકોએ સમજવી જોઈએ.

સવાલ એ છે કે, માયાવતી જે કરી રહ્યાં છે તેને બાબાસાહેબ આંબેડકરના સિદ્ધાંતો સાથે કંઈ લેવાદેવા છે ખરી ? બિલકુલ નથી. માયાવતી કાંશીરામનું નામ પણ વારંવાર લીધા કરે છે, પણ કાંશીરામને પણ માયાવતી ક્યારનાં છોડી ચૂક્યાં છે. માયાવતી હળાહળ પરિવારવાદ ચલાવે છે અને દલિતોના નામે પોતાની દુકાન ચલાવે છે. માયાવતીને પરિવારને સાચવવામાં રસ છે અને ભાજપ પોતાની સામેના કેસો ખોલીને અંદર ના કરે તેમાં રસ છે એટલે ભાજપને ફાયદો થાય એવું રાજકારણ રમે છે.

આ દેશના દલિતો માયાવતી માને છે તેમ મૂરખ નથી. માયાવતીના ઈરાદાને દલિતો બહુ પહેલાં જ સમજી ચૂક્યા છે ને એટલે જ રાજકીય રીતે માયાવતી સાવ અપ્રસ્તુત બની ગયાં છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,
મંગળવાર, તા. ૪-૩-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૩, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૭ સુધી, પછી કૃત્તિકા.
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૭, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૪૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૪-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૫ (તા. ૪)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૪ ,રાત્રે ક. ૨૦-૨૦

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ – પંચમી. સૂર્ય પૂર્વાભાદ્રપદામાં સાંજે ક. ૧૮-૪૧.

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, યમદેવતાનું પૂજન, આમલીનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર-બુધ અર્ધચતુષ્કોણ ઉગ્ર પ્રકૃત્તિના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ અર્ધચતુષ્કોણ.
- ગોચરગ્રહોઃસૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# 'અનૉરા'ને શ્રેષ્ઠ ફિલ્મના ઑસ્કર સહિત ચાર એવૉર્ડ

લૉસ ઍન્જલસઃ અહીં યોજાયેલા ૮૭મા ઑસ્કર એવૉર્ડ સમારોહમાં પરીઓની વાર્તા જેવા અંત વિનાની સ્ટ્રીપ ક્લબ સિન્ડ્રેલા સ્ટૉરી ધરાવતી 'અનૉરા'ને રવિવારે શ્રેષ્ઠ ફિલ્મનો ઑસ્કર એવૉર્ડ મળ્યો હતો. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ધ પામ ડિ'ઑર એવૉર્ડ વિજેતા

'અનૉરા' ઑસ્કરમાં ફ્રન્ટ રનર રહી હતી. 'અનૉરા' ફિલ્મ માટે સિન બાકરને શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવૉર્ડ મળ્યો હતો.

'ઍવરીથિન્ગ ઍવરીવૅર ઑલ ઍટ વન્સ', 'કૉડા' અને 'નૉમાલૅન્ડ સહિત 'વિકેડ' અને 'ડ્યૂન પાર્ટ-ટૂ' જેવી બ્લૉકબસ્ટર ફિલ્મને બદલે પસંદગીકારોએ શ્રેષ્ઠ ફિલ્મ તરીકે 'અનૉરા'ની પસંદગી કરી હતી.

ચાર ઑસ્કર મેળવી બાકરે વૉલ્ટ ડિઝનીના વિક્રમની બરાબરી કરી હતી. જોકે વૉલ્ટ ડિઝનીએ વર્ષ ૧૯૫૪માં જુદી જુદી ફિલ્મ માટે ચાર ઑસ્કર મેળવ્યા હતા.

બાવીસ વર્ષ અગાઉ 'ધ પિયાનિસ્ટ' ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતા તરીકેનો એવૉર્ડ મેળવ્યા બાદ ઍન્ડ્રેન બ્રૉડીએ બ્રાડી કૉર્બેટની 'ધ બ્રૂટાલિસ્ટ' ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતા તરીકેનો ઑસ્કર મેળવ્યો હતો.

'ધ બ્રૂટાલિસ્ટ'માં બ્રૉડીએ અગ્નિકાંડમાંથી બચી ગયેલી વ્યક્તિની ભૂમિકા ભજવી હતી.

દરમિયાન ઑસ્કર એવૉર્ડ સમારોહના સંચાલક કૉનન ઑબ્રૅઈને આશ્ચર્યજનક રીતે ભારતીય પ્રેક્ષકોને 'નમસ્કાર' કરી હિન્દીમાં સંબોધન કર્યું હતું. (એજન્સી) ■

### ૮૭મા ઑસ્કર એવૉર્ડના વિજેતાઓની યાદી

૧) શ્રેષ્ઠ ફિલ્મઃ 'અનૉરા'
૨) શ્રેષ્ઠ અભિનેતાઃ ઍન્ડ્રેન બ્રૉડી (ફિલ્મઃ 'ધ બ્રૂટાલિસ્ટ')
૩) શ્રેષ્ઠ અભિનેત્રીઃ મિકે મૅડિસન (ફિલ્મઃઅનૉરા')
૪) શ્રેષ્ઠ દિગ્દર્શકઃ સિન બાકર (ફિલ્મઃ'અનૉરા')
૫) શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીઃ ઝોઍ સાલ્દાના (ફિલ્મઃ 'ઍમિલિયા પૅરેઝ')
૬) શ્રેષ્ઠ સહાયક અભિનેતાઃ કેરન કૂલ્કિન (ફિલ્મઃ 'અ રિયલ પૅઈન'
૭) શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફિલ્મઃ 'આઈ એમ સ્ટીલ હિયર'
૮) શ્રેષ્ઠ દસ્તાવેજી ફિલ્મઃ 'નૉ અધર લૅન્ડ'
૯) બૅસ્ટ ઑરિજિનલ સ્ક્રિનપ્લેઃ સિન બાકર (ફિલ્મઃ'અનૉરા')
૧૦) ) બૅસ્ટ ઍડૅપ્ટેડ સ્ક્રિનપ્લેઃ પીટર સ્ટ્રોગન (ફિલ્મઃ 'કૉન્ક્લેવ')
૧૧) બૅસ્ટ ઑરિજિનલ સ્કૉરઃ ડેનિયલ બ્લૂમબર્ગ (ફિલ્મઃ 'ધ બ્રૂટાલિસ્ટ')
૧૨) બૅસ્ટ ઑરિજિનલ સૉન્ગઃ 'એલ માલ' (ફિલ્મઃ 'ઍમિલિયા પૅરેઝ')
૧૩) બૅસ્ટ ઍનિમેટેડ ફિલ્મઃ 'ફ્લૉ'
૧૪) વિઝયૂઅલ ઈફેક્ટઃ ફિલ્મઃ ('ડ્યૂન પાર્ટ-ટૂ') ■

# ઈડીએ બે રિયલ્ટી ફર્મની હજારો કરોડની સંપત્તિ પકડી પાડી

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દિલ્હી-એનસીઆરમાં રિયલ્ટી ફર્મ ડબ્લ્યુટીસી ગ્રૂપ અને ભુતાની ગ્રૂપનાં ઠેકાણામાં દરોડા પાડીને હજારો કરોડ રૂપિયાની સંપત્તિ પકડી પાડી હતી.

ઈડીએ એક નિવેદનમાં કહ્યું હતું કે પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ ડબ્લ્યુટીસી ગ્રૂપ અને એના પ્રમોટર આશિષ ભલ્લા તથા ભુતાની ગ્રૂપ અને એના પ્રમોટર આશિષ ભુતાની વિરુદ્ધ દિલ્હી, નોઈડા (ઉત્તર પ્રદેશ) અને ફરિદાબાદ અને ગુરુગ્રામ (બન્ને હરિયાણામાં)ના ૨૭ ઠેકાણાઉપરં દરોડા પાડ્યા હતા.

ઈડીએ વધુમાં કહ્યું હતું કે દિલ્હી પોલીસની ઈકોનોમિક ઑફેન્સ વિંગ અને ફરિદાબાદ પોલીસે ડબ્લ્યુટીસી ગ્રૂપ અને એના પ્રમોટર આશિષ ભલ્લા, સુવર્ણા ભલ્લા, અભિજિત ભલ્લાા તથા ભુતાની ઈન્ફ્રા અને બીજાઓ સામે કથિત છેતરપિંડી, વિશ્વાસનો ફોજદારી ભંગ અને સેંકડો ઘર ખરીદનારા સાથે છેતરપિંડીની એફઆઈઆર નોંધાતા ઈડીએ તેમની સામે કેસ કર્યો હતો. પોલીસે સેંકડો ઘર ખરીદનારાઓ અને રોકાણકારોની ફરિયાદોના આધારે રિયલ્ટી ફર્મ સામે કેસો નોંધ્યા હતા. ભુતાની ઈન્ફ્રાએ ગયા અઠવાડિયે એક નિવેદનમાં કહ્યું હતું કે અમે ડબ્લ્યુટીસી સાથેના બધા સંબંધ તોડી નાખ્યા છે અને ઈડીને તેની તપાસમાં સહકાર આપીએ છીએ.

ડબ્લ્યુટીસી તરફથી કોઈ ટિપ્પણી આવી નથી. (એજન્સી) ■

# રોહિત શર્મા અંગે કૉંગ્રેસી નેતાનાં નિવેદન પછી 'બબાલ': બીસીસીઆઈએ આપ્યો જવાબ

નવી દિલ્હીઃ ભારતીય ટીમના કેપ્ટન અને સિક્સર કિંગ રોહિત શર્મા માટે કૉંગ્રેસના નેતાએ કરેલી ટિપ્પણી પછી જોરદાર વિવાદનું નિર્માણ થયું છે. કૉંગ્રેસનાં નેતા ડોક્ટર શમા મોહમ્મદે રોહિત શર્મા અંગે (બોડી શેમિંગ)ની કરેલી ટિપ્પણી પછી વિવાદનું નિર્માણ થયું છે. આ મુદ્દે અનેક રાજકીય પ્રતિક્રિયાઓ મળી છે, જ્યારે કૉંગ્રેસ પાર્ટીએ પણ શમા મોહમ્મદના નિવેદનથી અંતર રાખ્યું છે, ત્યારે બીસીસીઆઈ (ધ બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા)એ આકરો જવાબ આપ્યો છે.

બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયાએ પણ શમા મોહમ્મદના નિવેદનની ટીકા કરી છે. દેવજીત સૈકિયાએ કહ્યું છે ભારતીય ટીમના કેપ્ટન અંગે આ પ્રકારનું નિવેદન આપવાનું નિંદનીય છે. કેપ્ટન વિના પણ રોહિત શર્મા ટીમ ઈન્ડિયામાં મોટી જવાબદારી નિભાવી રહ્યા છે. અત્યારના તબક્કે ભારતીય ટીમ આઈસીસી ટૂર્નામેન્ટની સેમી ફાઈનલ રમવા સજ્જ છે ત્યારે આ પ્રકારનું નિવેદન હકીકતમાં નિંદનીય છે.

મીડિયાને સંબોધતા દેવજીત સૈકિયાએ કહ્યું હતું કે એક જવાબદાર વ્યક્તિ માટે આ પ્રકારની તુચ્છ ટિપ્પણી કરવાની બાબત કમનસીબ છે. ટીમ એક મહત્ત્વપૂર્ણ ટૂર્નામેન્ટ રમવા માટે તૈયાર છે, ત્યારે આવી વાતની ટીમ અને ખેલાડીઓ પર પણ ખોટી અસર પડે છે. આ પ્રકારનું કોઈ નિવેદન કરવામાં આવે નહીં તેનો સૌને અનુરોધ કરવામાં આવે છે. આ અગાઉ કૉંગ્રેસના પ્રવક્તા અને ડોક્ટર શમા મોહમ્મદે પોતાના એક્સ એકાઉન્ટ પર રોહિત શર્માને ટેગ કરીને લખ્યું હતું કે એક ખેલાડીની રીતે રોહિત શર્મા મેદસ્વી છે. તેને વજન ઉતારવાનું જરૂરી છે અને ભારતના બિનઅસરકારક કેપ્ટન પણ છે. જોકે, આ વિવાદ પછી શમાએ પોતાની પોસ્ટને ડિલીટ પણ કરી હતી. ■

# જર્મનીમાં ગિરીદીવાળા વિસ્તારમાં કાર ઘસી જતાં એકનું મોત

જર્મનીઃ પશ્ચિમ જર્મનીના મૅનહૅમ શહેરના ગિરદીવાળા વિસ્તારમાં સોમવારે કાર ધસી જતાં એક જણનું મોત થયું હોવા ઉપરાંત અનેક લોકો ઘાયલ થયા હોવાનું પોલીસે કહ્યું હતું. ઘટનાને મામલે કાર ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે લોકોને ડાઉનટાઉન વિસ્તારથી દૂર રહેવા અને ઘરમાંથી બહાર ન નીકળવાનું કહ્યું હતું.

ઘટનાને પગલે સમગ્ર શહેરમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી. જોકે પોલીસે સુરક્ષા વધારી દેવાનું કારણ નહોતું જણાવ્યું. પોલીસ પ્રવક્તાના જણાવ્યાનુસાર આ ઘટનાને 'લાઈફ થ્રેટનિંગ ડિપ્લોયમેન્ટ સિચ્યુએશન' તરીકે નિહાળવામાં આવી રહી છે.

ડાઉનટાઉન મૅનહૅમના પૅરાડૅપ્લાટ્ઝ વિસ્તારમાં સોમવારે બપોરે ૧૨:૧૫ વાગ્યે આ ઘટના બની હતી. ઘટનાને પગલે પોલીસે ઍલર્ટ જાહેર કરી દીધું હતું.

મૅનહૅમ શહેરની વસતી ૩,૨૬,૦૦૦ જેટલી છે અને તે ફ્રૅન્કફર્ટની દક્ષિણે ૮૫ કિ.મી.ના અંતરે આવેલું છે. (એજન્સી) ■

# છત્તીસગઢના બજેટમાં નક્સલગ્રસ્ત બસ્તરના વિકાસનું લક્ષ્ય

જમ્મુ : છત્તીસગઢ સરકારે સોમવારે ૧.૬૫ લાખ કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું હતું જેમાં નક્સલવાદની સમસ્યાથી પીડાતા બસ્તરના વિકાસ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બજેટમાં પ્રવાસન, સલામતી અને માળખાકીય સુવિધાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. નાણાપ્રધાન ઓ. પી. ચૌધરીએ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષનું બજેટ રજૂ કર્યું હતું. આનો હેતુ બસ્તરને નવા વિકાસ મૉડેલ બનાવવાનો અને નક્સલવાદથી પ્રભાવિત વિસ્તારનું પરિવર્તન કરવાનો છે. સત્તાવાર નિવેદનમાં જણાવ્યા પ્રમાણે છત્તીસગઢ સરકાર નક્સલવિરોધી ઓપરેશનમાં મહત્ત્વની ભૂમિકા ભજવવા કેન્દ્ર સરકારના નેશનલ સિક્યોરિટી ગાર્ડ જેવા સ્પેશ્યલ ઓપરેશન્સ ગ્રૂપની રચના કરશે. તદુપરાંત ૧૦ જિલ્લામાં એન્ટિનાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની અને પાંચ જિલ્લામાં સાઈબર પોલીસ સ્ટેશનની રચના કરાશે. ખનીજોના રક્ષણ માટે કેન્દ્ર સરકારના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિચી ફોર્સની જેમ સ્ટેટ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સની રચના કરાશે. (એજન્સી) ■

# ઓડિશામાં વિદેશી મહિલાની જાંઘ પર ભગવાન જગન્નાથનાં ટેટૂથી આક્રોશઃ પોલીસે નોંધ્યો કેસ

ભુવનેશ્વરઃ વિદેશી મહિલાએ જાંઘ પર ભગવાન જગન્નાથનું ટેટૂ બનાવડાવતા ઓડિશામાં લોકોમાં આક્રોશ ફેલાયો છે, જેના કારણે તેની સામે પોલીસ કેસ નોંધવામાં આવ્યો છે. વિદેશી મહિલાના ટેટૂનો ફોટો, જેને તેણે ભુવનેશ્વરના એક પાર્લરમાં કરાવ્યો હતો, તે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેના કારણે જગન્નાથના ભક્તો દ્વારા વિરોધ થયો હતો, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, તે મહિલા એક બિન-સરકારી સંસ્થા માટે કામ કરે છે. જગન્નાથના અમુક ભક્તોએ રવિવારે સાહિદ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને કાયદાની કલમ ૨૯૯ (ઇરાદાપૂર્વક કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીઓને દુભાવવી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ નોંધાવનાર વ્યક્તિઓમાંના એક સુબ્રત મોહનીએ જણાવ્યું હતું કે, ''અયોગ્ય જગ્યાએ ભગવાન જગન્નાથનાં ટેટૂથી અમારી ભાવનાઓને ઠેસ પહોંચી છે. તે તમામ જગન્નાથ ભક્તો અને સામાન્ય રીતે હિંદુઓનું અપમાન છે. અમે આ ઘટનામાં સંડોવાયેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહીની માંગણી સાથે એફઆઇઆર દાખલ કરી છે.''

વિવાદ બાદ વિદેશી મહિલાએ અને ટેટૂ પાર્લરના માલિકે સોશિયલ મીડિયા પર જાહેરમાં માફી માગી હતી.

મહિલાએ હાથ જોડીને, એક વીડિયોમાં કહ્યું છે કે, ''હું ભગવાન જગન્નાથનો અનાદર કરવા માગતી ન હતી. હું ભગવાન જગન્નાથની સાચી ભક્ત છું અને હું દરરોજ મંદિરમાં જાઉં છું. મારી ભૂલ થઈ છે અને તેના માટે હું ખૂબ જ માફી માગુ છું. મેં કલાકારને માત્ર છુપા સ્થાન પર ટેટૂ કરવા કહ્યું હતું. હું કોઈ સમસ્યા ઊભી કરવા માગતી ન હતી. હું ટૂંક સમયમાં જ એ ટેટૂ દૂર કરીશ. મારી ભૂલ માટે મને માફ કરો.''

ટેટૂ શોપના માલિકે જણાવ્યું હતું કે મહિલાએ તેની જાંઘ પર ભગવાન જગન્નાથનું ટેટૂ બનાવવાની વિનંતી કરીને તેની દુકાનનો સંપર્ક કર્યો ત્યારે અમારા કર્મચારીઓએ તેને તેના બદલે તેના હાથ પર શાહી લગાવવાનું સૂચન કર્યું હતું. જો કે, તેણે તેને તેની જાંઘ પર લગાવવાનો આગ્રહ રાખ્યો હતો. હું આ ઘટના માટે દિલથી માફી માગુ છું. હું તે સમયે દુકાનમાં હાજર ન હતો. ટેટૂ કલાકાર કાં તો ટેટૂને ઢાંકી દેશે અથવા લગભગ ૨૫ દિવસ પછી તેને હટાવી દેશે, કારણ કે હાલ તેને દૂર કરવાથી ચેપ લાગી શકે છે. ■

# હિમાચલના ભાગોમાં ભારે વરસાદ અને બરફ માટે 'ઑરેન્જ' એલર્ટની ચેતવણી

શિમલાઃ હવામાન કચેરીએ સોમવારે લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ ભારે હિમવર્ષા, ચંબા અને કાંગડા જિલ્લામાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદ અને બરફ અને બિલાસપુર, હમીરપુર અને સોલન જિલ્લામાં કરા માટે 'ઑરેન્જ' ચેતવણી જારી કરી છે.હવામાન વિભાગે સોમવારે હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ ભારે હિમવર્ષા માટે 'ઑરેન્જ' ચેતવણી જારી કરી હતી, જેના કારણે સ્થાનિક પોલીસે લોકોને સંવેદનશીલ વિસ્તારોથી દૂર રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા માટે એક એડવાઈઝરી જારી કરી હતી. મંડી પ્રશાસને લોકોને સલાહ આપી છે કે તેઓ ઊંચા વિસ્તારોમાં મુસાફરી કરવાનું ટાળે. સોમવારે સવારે ૮.૨૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું હતું, જેમાં બિલાસપુર અને મંડીમાં આછું ધુમ્મસ જોવા મળ્યું હતું. ગયા અઠવાડિયે થયેલી હિમવર્ષાને પગલે સપ્તાહના અંતમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓએ શિમલા અને અન્ય પ્રવાસન નગરો તરફ પ્રયાણ કર્યું હતું.

લઘુતમ તાપમાનમાં કોઈ ફેરફાર થયો નથી. આદિવાસી લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં કીલોંગ સૌથી ઠંડું સ્થળ હતું, જ્યાં રાત્રિનું તાપમાન માઈનસ ૧૦.૦૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

છેલ્લા કેટલાક દિવસોમાં ભૂસ્ખલન અને અચાનક પૂરને કારણે રાજ્યમાં સેંકડો રસ્તાઓ બંધ છે અને તેમને પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. ■

પહેલા પાનાનું ચાલુ

## સીધા વિદેશી રોકાણ

હતું. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૪ના સમયગાળામાં એફડીઆઈમાં ૨૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો. એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૩-૨૪ના સમયગાળામાં એફડીઆઈનું પ્રમાણ ૩૨ અબજ ડૉલર હતું જે ચાલુ નાણાકીય વર્ષના એ જ સમયગાળામાં ૨૭ ટકા વધીને ૪૦.૬૭ અબજ ડૉલર થઈ ગયું હતું.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ઈક્વિટી ફ્લૉ, રિઈન્વેસ્ટમેન્ટ અર્નિંગ્સ અને અન્ય મૂડી એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૩-૨૪ના ૫૧.૫ અબજ ડૉલરથી ૨૧.૩ ટકા વધીને ૬૨.૪૮ અબજ ડૉલર થઈ ગયા હતા.

જોકે સર્વિસ, કમ્પ્યુટર સૉફ્ટવૅર ઍન્ડ હાર્ડવૅર, ટ્રેડિંગ, ટેલિકમ્યુનિકેશન, ઑટોમોબાઈલ અને કેમિકલ ક્ષેત્રમાં એફડીઆઈનું પ્રમાણ ઘટ્યું હતું.

એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪-૨૫ દરમિયાન મહારાષ્ટ્રમાં એફડીઆઈનું સર્વાધિક ૧૬.૬૫ અબજ ડૉલરનું રોકાણ જોવા મળ્યું હતું. ૫.૫૬ અબજ ડૉલર અને ૪.૫ અબજ ડૉલરના રોકાણ સાથે ગુજરાત અને કર્ણાટક ત્યાર પછીના ક્રમે રહ્યા હતા. (એજન્સી) ■

## 'આપ'નો ભ્રષ્ટાચાર

છે અને ત્રણ મહિનામાં તેનું તારણ આવે એવી શક્યતા છે.

સોમવારે ગુપ્તાનાં સંબોધન દરમિયાન દિલ્હી વિધાનસભામાં નાટ્યાત્મક દશ્યો જોવાં મળ્યાં હતાં.

વિધાનસભાની કાર્યવાહી ખોરવી નાખવાને મામલે 'આપ'ના વિધાનસભ્ય જરનૈલ સિંહને બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા જેના વિરોધમાં 'આપ'ના તમામ સભ્યોએ વૉકઆઉટ કર્યો હતો.

અગાઉની 'આપ' સરકાર પર દિલ્હીની હૅલ્થ કેર સિસ્ટમની ગેરવ્યવસ્થાનો આક્ષેપ કરતાં ગુપ્તાએ કહ્યું હતું કે દરેક ખાતા લથડિયા ખાઈ રહ્યા છે અને તેને યોગ્ય માવજતની જરૂર છે.

દરદી, ડૉક્ટર અને દવા વિના ચાલતા 'મોહલ્લા ક્લિનક' તો ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયા હતા, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# કેન્દ્રીય પ્રધાન રક્ષા ખડસેની દીકરીની છેડતીના કેસમાં વધુ ત્રણ પકડાયા

મુંબઈ: કેન્દ્રીય પ્રધાન રક્ષા ખડસેની દીકરી અને તેની ફ્રેન્ડ્સની કથિત છેડતીના કેસમાં જળગાંવ પોલીસે વધુ બે યુવાનની ધરપકડ કરી હતી, જ્યારે સગીરને તાબામાં લીધો હતો.

જળગાંવના કોઠાલી ગામમાં સંત મુક્તાઈ યાત્રામાં ૨૮ ફેબ્રુઆરીની રાતે બનેલી ઘટના પ્રકરણે રક્ષા ખડસેએ કરેલી ફરિયાદને આધારે મુક્તાઈનગર પોલીસે સાત જણ વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો.

આ કેસમાં અગાઉ એક આરોપી કિરણ માળીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે સોમવારે આ પ્રકરણમાં વધુ બે આરોપી અનિકેત ભોયી અને અનુજ પાટીલની ધરપકડ કરી હતી, જ્યારે સગીરને તાબામાં લીધો હતો. આ કેસમાં અત્યાર સુધીમાં ચાર આરોપી પકડાયા હોવાનું મુક્તાઈનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓએ અનેક છોકરીઓ સાથે ગેરવર્તન કર્યું હતું અને બૉડીગાર્ડ્સ સાથે પણ તેમની બોલાચાલી થઈ હતી. બોડીગાર્ડે આપેલાં નામને આધારે પોલીસ બાકીના આરોપીઓની શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ) ■

# ભાજપ - સેના (યુબીટી) વચ્ચે શું રંધાઈ રહ્યું છે?

## સંજય રાઉતના ભાઇને સ્પીકર સન્માન આપે છેઃ વરુણ સરદેસાઈ ફડણવીસને મળે છેઃ ચંદ્રકાંત પાટીલ આદિત્ય ઠાકરે - દાનવેને ચોકલેટ મોકલે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભાનું બજેટ સત્ર સોમવાર થી શરૂ થયું હતું. સત્ર દરમિયાન ભાજપના નેતાઓ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષના નેતાઓ વચ્ચે વધતી જતી નિકટતા હંમેશા ચર્ચાનો વિષય રહે છે. આ વર્ષે પણ પહેલા જ દિવસે થયેલી બે બેઠકોએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

પહેલા જ દિવસે વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે વિધાનસભાના તાલિકા અધ્યક્ષોની યાદી જાહેર કરી. આ વખતે શિવસેના (યુબીટી) પક્ષના વિધાનસભ્ય સુનીલ રાઉતને પણ નિયુક્ત કરવામાં આવ્યા છે.

સુનીલ રાઉત ઠાકરે જૂથના મુખ્ય નેતા અને સાંસદ સંજય રાઉતના ભાઈ છે. રાજ્યમાં પક્ષના વિભાજન પછી પહેલી વાર ઠાકરે જૂથને તાલિકા અધ્યક્ષનું પદ આપવામાં આવ્યું છે. તેથી, ફડણવીસ અને ઠાકરે વચ્ચે વધતી જતી નિકટતાની ચર્ચા ફરી શરૂ થઈ છે.

### સરદેસાઈ ફડણવીસને મળ્યા

બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેનું નિવાસસ્થાન 'માતોશ્રી' જ્યાં આવેલું છે તે બાંદ્રા-પૂર્વ વિધાનસભા મતવિસ્તારના શિવસેના (યુબીટી)ના વિધાન સભ્ય વરુણ સરદેસાઈ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળવા ગયા હતા.

તેમણે કહ્યું હતું કે તેઓ આ મુલાકાત મતવિસ્તારમાં વિકાસ કાર્યો માટે હતી.

સરદેસાઈ હોય કે રાઉત, બંને ઠાકરે પરિવારની અત્યંત નજીક છે. સરદેસાઈ ઠાકરેના સંબંધી છે, જ્યારે રાઉત નજીકના સહયોગી છે.

એ જ રીતે, ગયા વખતની જેમ, ભાજપના નેતા ચંદ્રકાંત પાટીલે વિધાન પરિષદના વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે અને આદિત્ય ઠાકરેને ચોકલેટ આપીને શુભેચ્છા પાઠવી હતી.

તેથી, એવી ચર્ચા છે કે આ ત્રણેય પગલાં ભાજપ અને ઠાકરે જૂથ વચ્ચેના અંતરને દૂર કરી રહ્યા છે. ■

### ઠાકરે જૂથને વિપક્ષી નેતાપદ?

આ વર્ષના સત્રમાં પણ ઠાકરે જૂથને વિપક્ષી નેતાનું પદ મળવાની ચર્ચા છે. સંખ્યાના અભાવે, આ ચૂંટણી ખાસ સત્તાઓનો ઉપયોગ કરીને યોજાવાની શક્યતા છે. સંજય રાઉતે પહેલાથી જ આ પદ માટે શિવસેના (યુબીટી)નો દાવો રજૂ કરવાનો સંકેત આપી દીધો હતો. ■

### શિયાળુ સત્ર દરમિયાન બેઠક

આ પહેલા, ઉદ્ધવ ઠાકરેએ ડિસેમ્બર ૨૦૨૪માં નાગપુરમાં યોજાયેલા વિધાનસભાના શિયાળુ સત્રમાં ભાગ લીધો હતો. તે સમયે તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને પણ મળ્યા હતા. આ બેઠક દરમિયાન એવું કહેવામાં આવ્યું હતું કે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાનું પદ ઠાકરે જૂથને આપવું જોઈએ તેવી ચર્ચા થઈ હતી. ત્યારથી તે મુદ્દો વણઉકેલાયેલો રહ્યો છે. ■

# મહારાષ્ટ્રનું પસંદગીનું એફડીઆઈનું ડેસ્ટિનેશન, રાષ્ટ્રીય જીડીપીમાં ૧૪ ટકા ફાળોઃ રાજ્યપાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણને સોમવારે જણાવ્યું હતું કે રાજ્ય વિદેશી સીધા રોકાણ (એફડીઆઈ) માટે એક પસંદગીનું સ્થળ છે અને દેશના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)માં ૧૪ ટકાથી વધુ ફાળો આપે છે.

રાજ્યપાલે બજેટ સત્રના પહેલા દિવસે રાજ્ય વિધાનસભાના સંયુક્ત સત્રને સંબોધતા ભારપૂર્વક જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર દેશના અગ્રણી ઔદ્યોગિક રાજ્યોમાંનું એક છે.

તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારે જાન્યુઆરીમાં સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દરમિયાન ૬૩ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે આશરે ૧૫.૭૨ લાખ કરોડ રૂપિયાના સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે અને આ રોકાણો ૧૫ લાખથી વધુ રોજગારીની તકો ઉભી કરશે.

રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મહારાષ્ટ્ર-કર્ણાટક સરહદ વિવાદ ઉકેલવા માટે પ્રતિબદ્ધ છે અને સુપ્રીમ કોર્ટ સમક્ષ મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવા માટે નિષ્ણાત વકીલોની નિમણૂક કરી છે.

'મહારાષ્ટ્ર એફડીઆઈ માટે એક પસંદગીનું સ્થળ છે અને દેશના જીડીપીમાં ૧૪ ટકાથી વધુ ફાળો આપે છે,' એમ રાજ્યપાલે જણાવ્યું હતું.



**આવકારઃ** મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દવેન્દ્ર ફડણવીસે ગઈ કાલે વિધાન ભવનમાં રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનનું સ્વાગત કર્યું હતું. (અમય ખરાડે)

તેમણે નોંધ્યું હતું કે રાજ્ય સરકાર મહારાષ્ટ્રમાં ઉદ્યોગોને રોકાણ આકર્ષવા, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા અને રોજગારીની તકો ઉભી કરવા માટે લગભગ ૫,૦૦૦ કરોડ રૂપિયાની રોકાણ પ્રોત્સાહન સબસિડી આપવાની યોજના ધરાવે છે.

રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે, સરકારે મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઔદ્યોગિકીકરણને ટેકો આપવા અને પ્રોત્સાહન આપવા માટે આશરે ૩,૫૦૦ એકર જમીન ફાળવવાનો નિર્ણય લીધો છે અને ઔદ્યોગિક હેતુઓ માટે ૧૦,૦૦૦ એકર જમીનને સૂચિત કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકાર ઔદ્યોગિક વિકાસ વધારવા, સપ્લાય ચેઇનની કાર્યક્ષમતા સુધારવા અને વિશ્વ કક્ષાની વ્યવસાયિક ઇકોસિસ્ટમ બનાવવા માટે ૧૦ સંકલિત ઔદ્યોગિક ઉદ્યાનો અને સંકલિત લોજિસ્ટિક્સ પાર્ક વિકસાવવાની યોજના ધરાવે છે.■

# મહારાષ્ટ્રનાં શહેરોમાં ટૂંકમાં શરૂ થશે ભાડેથી પાર્કિંગ યોજના

મુંબઈ: રેન્ટ (ભાડેથી) પાર્કિંગ અથવા પેઇડ પાર્કિંગને કારણે રાજ્યના મુખ્ય શહેરોમાં થતી પાર્કિંગની સમસ્યાનો ઉકેલ આવી શકે છે જેની શરૂઆત મુંબઈ, થાણે અને પુણે જેવા શહેરોથી કરવામાં આવી છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું,

મહારાષ્ટ્ર માટે સરકાર પાર્કિંગ પોલિસી બનાવી રહી છે. દરેક પાલિકાને પાર્કિંગની જગ્યા માટેનો નકશો તૈયાર કરવાનું કહેવામાં આવ્યું છે. આ સિવાય વાહનચાલકો ભાડેના પાર્કિંગની શોધ કરી શકે તે માટે સોફ્ટવેર પણ બનાવવામાં આવી રહ્યો છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

વરલી ખાતેના રાજ્ય પરિવહન વિભાગના મુખ્યાલયના શિલાન્યાસ કાર્યક્રમાં ફડણવીસે ઉક્ત નિવેદન આપ્યું હતું.

સૌથી પહેલા નકશો અને એપ બનાવવાનું મુખ્ય કામ છે ત્યાર બાદ પાર્કિંગ બનાવવાનું હાથ ધરાશે. મુંબઈમાં ઘણા જાહેર પાર્કિંગ છે જેમાં બિનઉપયોગી જગ્યાઓ છે. ભવિષ્યમાં જો વાહનચાલકોને પાર્કિંગ માટેની જગ્યા નહીં મળે તો તે એપ દ્વારા ભાડેથી પાર્કિંગની જગ્યા શોધી શકશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

પાર્કિંગ માટેની નવી પોલિસીની જાહેરાત સૌપ્રથમ વખત ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૪માં કરાઇ હતી જે સરકારના બહુચર્ચિત ૧૦૦ દિવસના પરિવર્તનનો એક ભાગ છે. ડિસેમ્બર, ૨૦૨૪માં સરકારે પ્રસ્તાવ મૂક્યો હતો કે વાહન ખરીદતી વખતે જ સર્ટિફાઇડ પાર્કિંગ એરિયાનું સર્ટિફિકેટ આપવાનું રહેશે. ■

# ૧૫ એપ્રિલ સુધીમાં ૨૪ ચેક પોઇન્ટ બંધ કરોઃ ફડણવીસ

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ૨૪ ચેકપોઇન્ટ ૧૫ એપ્રિલ સુધી બંધ કરવાનો નિર્દેશ પરિવહન વિભાગને કર્યો છે.

દેશમાં જીએસટી લાગુ થયા બાદ સીમા તપાસણી નાકા એટલે કે ચેકપોઇન્ટનું મહત્ત્વ બંધ થઇ ગયું છે, એમ તેમણે કહ્યું હતું.

ભવિષ્યમાં વેપાર વધારવા તથા માલ-સામાનના પરિવહનને પ્રોત્સાહન આપવા માટે ચેકપોઇન્ટ બંધ કરવા જરૂરી છે. તેથી ૧૫મી એપ્રિલ સુધી આ બાબતે પ્રસ્તાવ રજૂ કરવાનું મુખ્ય પ્રધાને કહ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે પરિવહન વિભાગનું ભૂમિપૂજન કરાયું હતું. ૨૦૨૭ સુધી તેનું કામ પૂર્ણ કરવામાં આવશે. મુખ્ય પ્રધાને હળવા કમર્શિયલ વાહનોની ડીલર પોઇન્ટ નોંધણી અને હાયપોથેકેશન ટર્મિનેશનને માન્યતા આપવાનારા બે ફેસલેસ સેવાનું લોકાર્પણ પણ કર્યું હતું, પ્રશાસને મેટા સાથે કરાર કર્યા છે ત્યારે ભવિષ્યમાં ૫૦૦ સેવા વોટ્સએપ પર ઉપલબ્ધ થશે જેમાં આરટીઓની ૪૫ ફેસલેસ સેવાનો પણ સમાવેશ હશે. ■

# મુંબઈના નાળાઓની સફાઈ આવતા સપ્તાહથી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસાની તૈયારીમાં બૃહનમુંબઈ મહાનગરપાલિકા લાગી પડ્યું છે અને આના ભાગરૂપે શહેરના નાનાં નાળાંઓની સફાઈ આવતા અઠવાડિયાથી અને મોટાં નાળાંઓની સફાઈ ૧૫ માર્ચથી શરૂ થઈ જશે. અલબત, મીઠી નદીને મામલે હાઈ કોર્ટમાં ચાલી રહેલુ સુનાવણી પણ આદેશ આવ્યા બાદ તેની સફાઈનું કામ હાથ ધરવામાં આવશે એવું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

નાળાસફાઈનું કામ ચોમાસા પહેલા ૭૫ ટકા, ચોમાસામાં ૧૫ ટકા અને ચોમાસા બાદ ૧૦ ટકા એમ ત્રણ તબક્કામાં કરવામાં આવે છે. પાલિકાનું લક્ષ્યાંક ૩૧ મે સુધી મુંબઈના નાળાઓની ૭૫ ટકા સફાઈ કરી નાખવાનું છે. નાળાસફાઈમાં કોઈ કચાશ બાકી રહે નહીં તે માટે વિડિયો રેકોર્ડિંગથી લઈને અત્યંત બારીકાઈથી નાળાસફાઈ પર ભાર આપવામાં આવશે જેથી કરીને ચોમાસામાં મુંબઈ પાણીમાં ડૂબશે નહીં એવો દાવો પણ ઉચ્ચ અધિકારીએ કર્યો હતો.

ચોમાસામાં વરસાદી પાણી મુંબઈમાં ભરાઈ નહીં તે માટે દર વર્ષે ચોમાસા પહેલા નદી અને નાળાઓને સાફ કરવાનું કામ કરવામાં આવે છે. મુંબઈના નાનાં નાનાં નાળા, મોટા નાળા, રસ્તાને લાગીને આવેલા વરસાદી પાણીનો નિકાલ કરનારી ગટરમાં માટી, કચરો વગેરે જમા થવાને કારણે ચોમાસામાં પાણી ભરાઈ જવાની સમસ્યા ઉદ્ભવતી હોય છે. તેથી દર વર્ષની માફક આ વર્ષે પણ નાળાસફાઈના કામ માટે આગામી બે વર્ષ માટે કુલ ૨૬ ટેન્ડર ઝોન પ્રમાણે મગાવવામાં આવ્યા હતા, તેમાંથી બે વર્ષ માટે કુલ ૫૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની શક્યતા છે. ■

# કોર્ટના આદેશ પછી પ્રધાન માણિકરાવ કોકાટે સંબંધે વિધાનસભા કે રાજ્યપાલ નિર્ણય લેશોઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે છેતરપિંડીના કેસમાં દોષી જાહેર થયેલા રાજ્યના પ્રધાન માણિકરાવ કોકાટે અંગેનો નિર્ણય વિધાનસભા કે રાજ્યપાલ કોર્ટના આદેશ પછી લેશે.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વિધાનસભ્ય કોકાટેને ગયા મહિને નાસિકની મેજિસ્ટ્રેટ કોર્ટે છેતરપિંડીના કેસમાં દોષિત ઠેરવ્યા હતા અને બે વર્ષની જેલની સજા ફટકારી હતી. ત્યારબાદ ત્યાંની સેશન્સ કોર્ટે તેમની સજા સ્થગિત કરી હતી અને મેજિસ્ટ્રેટના આદેશ પર સ્ટે માગતી કોકાટેની અરજી પર પાંચમી માર્ચ, ૨૦૨૫ ના રોજ પોતાનો નિર્ણય આપશે.

રાજ્ય વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ સોમવારે ગૃહમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને સરકારનું વલણ શું છે તે જાણવા માગ્યું હતું.

'કૃષિ પ્રધાન કોકાટે ને દોષિત ઠેરવવામાં આવ્યા છે અને ઉચ્ચ અદાલત દ્વારા ચુકાદા પર હજુ સુધી કોઈ સ્ટે મૂકવામાં આવ્યો નથી,' એમ તેમણે કહ્યું હતું. શિવસેના (યુબીટી)ના નેતાએ કોકાટેને વિધાનસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાની શક્યતા તરફ ઈશારો કરી રહ્યા હતા, જેના કારણે તેમને રાજીનામું આપવું પડી શકે છે.

કાઉન્સિલના ચેરમેન રામ શિંદેએ કહ્યું કે કોકાટે નીચલા ગૃહના સભ્ય છે અને આ મુદ્દો ત્યાં ઉઠાવવો જોઈએ. આ અંગે, વિપક્ષના સભ્યોએ જોરદાર અવાજમાં કહ્યું હતું કે એક પ્રધાન બંને ગૃહોના હોય છે.

ફડણવીસે ત્યારબાદ કહ્યું હતું કે, 'કોર્ટે સુનાવણી પૂર્ણ કરી લીધી છે અને આ મામલો આદેશ માટે અટકેલો છે. ગૃહ અથવા રાજ્યપાલ દ્વારા (કોર્ટના) આદેશ પછી નિર્ણય લેવામાં આવશે.'

મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે, ગૃહમાં ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપવા માટે શોક પ્રસ્તાવ રજૂ કરવામાં આવી રહ્યો હતો ત્યારે વિપક્ષના સભ્યો દ્વારા હોબાળો થવાની અપેક્ષા નહોતી.

સોમવારના રોજ રાજ્ય વિધાનસભાના બજેટ સત્રના પહેલા દિવસે બંને ગૃહોએ ગયા વર્ષે ડિસેમ્બરમાં અવસાન પામેલા મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. ગયા મહિને નાસિકની કોર્ટે કોકાટેને સરકારી ક્વોટા હેઠળ ફ્લેટ મેળવવા માટે છેતરપિંડી અને ખોટા દસ્તાવેજો રજૂ કરવા બદલ દોષી ઠેરવ્યા હતા. ■

# દસ્તાવેજો વિના જ બાળકને ગેરકાયદે દત્તક આપી દીધું

## પરેલની હૉસ્પિટલમાં પરસ્પર સમજૂતીથી બાળકને દત્તક આપ્યું પણ બાળક માંદું પડતાં પોલ ખૂલી

મુંબઈ: નાણાભીડ તેમ જ પતિ શરાબી હોવાથી એક મહિલાએ પેટનું બાળક અન્ય જરૂરિયાતમંદ મહિલાને દત્તક આપી દીધું હતું. જોકે બાળકની તબિયત લથડતાં તેને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ આ પોલ ખૂલી હતી. પોલીસે બંને મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોઇ બાળક દત્તક લેનારી ૩૮ વર્ષની મહિલાની શોધ ચલાવાઇ રહી છે, તો બાળક દત્તક આપનારી મહિલાને નોટિસ ફટકારાઇ છે. બંને કલ્યાણ પૂર્વની રહેવાસી છે.આ કેસ સૌપ્રથમ માનપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. બાદમાં આ કેસને ભોઇવાડા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાયો હતો. બાળક દત્તક આપનારી મહિલા કવિતા યાદવ (નામ બદલ્યું છે)નો નો પતિ શરાબી છે અને બંને જણ આર્થિક રીતે પણ સંઘર્ષ કરતાં હતાં. આથી કવિતા ગર્ભપાત કરાવવા માગતી હતી, પણ તેની મુલાકાત અન્ય પ્રિયા જોશી (નામ બદલ્યું છે) સાથે થઇ હતી, જેને ગર્ભ રહેતો નહોતો. આથી તે બાળક દત્તક લેવા માગતી હતી.

બંને વચ્ચે આપસી સમજૂતીથી બાળક દત્તક લેવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની સંમતિ થઇ હતી. તેઓ કઠોર માર્ગદર્શિકા સાથે બાળક દત્તક લેનારા વાલીઓની પસંદગી કરતા સેન્ટ્રલ એડોપ્શન સિસોર્સ ઓથોરિટીની ઝંઝટમાં પડવા માગતી નહોતી. આથી કવિતા પરેલની હોસ્પિટલમાં દાખલ થઇ હતી. તેણે દત્તક લેનારી પ્રિયાનું આધાર કાર્ડ આપ્યું હતું. ૧૧ ઑક્ટોબરે તેણે બાળકને જન્મ આપ્યો હતો, જે બાદ જન્મનો દાખલો પ્રિયાને નામે પ્રાપ્ત કર્યો. ૧૫ ઑક્ટોબરે હોસ્પિટલમાં રજા અપાયા બાદ તેણે બાળક દત્તક આપી દીધું હતું. થોડા મહિના બાદ બાળકની તબિયત લથડતા તેને પ્રિયા પંદર જાન્યુઆરીએ હોસ્પિટલમાં લઇ આવી હતી, જ્યાં એપેન્ડિકસની સર્જરી બાદ ડોક્ટરે પ્રિયાને પણ પરીક્ષણ કરવવા કહ્યું હતું. આથી આંચકો લાગતાં પ્રિયાએ કબૂલ કર્યું હતું કે તેણે બાળકને ગેરકાયદે દત્તક લીધું છે.

# સાતાંક્રુઝમાં રહેણાંક ઈમારતમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાંતાક્રુઝ (પશ્ચિમ)માં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની બિલ્ડિંગમાં સોમવારે સવારના આગ લાગી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સાંતાક્રુઝ (પશ્ચિમ)માં એસ.વી.રોડ પર ખીરા નગરમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની કુમકુમ નામની બિલ્ડિંગ આવેલી છે. સોમવારે સવારના ૧૦.૩૦ વાગે ત્રીજા માળા પર આવેલા ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા જ ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી.

ઘટના સ્થળે ફાયર એન્જિન, વોટર ટેન્કર પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. પરંતુ મકાનને આગને કારણે મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

# જિતેન્દ્ર આવ્હાડ બેડીઓમાં વિધાન ભવનમાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજથી બજેટ સત્ર શરૂ થયું છે. આ સત્ર ૩ માર્ચ થી ૨૬ માર્ચ, ૨૦૨૫ દરમિયાન યોજાશે. આ બજેટ સત્ર તોફાની રહેવાની શક્યતા છે, જેમાં વિપક્ષ રાજ્યના વિવિધ મુદ્દાઓ પર સરકારને ઘેરી લે તેવી શક્યતા છે. કોકાટે અને મુંડેના રાજીનામા પર વિપક્ષ આક્રમક બને તેવી શક્યતા છે. આ પૃષ્ઠભૂમિમાં, જિતેન્દ્ર આવ્હાડ આજે હાથકડી પહેરીને વિધાન ભવનમાં પ્રવેશ્યા હતા. મીડિયાને પ્રતિક્રિયા આપતા જિતેન્દ્ર આવ્હાડે કહ્યું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર હુમલો થઈ રહ્યો છે. જે રીતે પોતાની જાતને વ્યક્ત



બેડીઓમાં જિતેન્દ્ર આવ્હાડ. (અમય ખરાડે)

કરતા કાર્યકરો સામે કેસ દાખલ કરીને અવાજોને દબાવવામાં આવી રહ્યા છે. તે પદ્ધતિ ખોટી છે. આ સાથે તેમણે વધુમાં કહ્યું કે આપણને અભિવ્યક્તિની આઝાદીનો બંધારણીય અધિકાર છે. આપણે આપણી જાતને વ્યક્ત કરી શકતા હોવા જોઈએ. આ બેડીઓ અમેરિકામાં અન્યાયી વર્તનનો ભોગ બનતા ભારતીયોને બચાવવા માટે પણ છે. અમેરિકામાં તમારા ભાઈ-બહેનો જે વેદના સહન કરી રહ્યા છે તે આ સાંકળોથી ઓછી નથી. એટલા માટે મારા હાથમાં આ બેડીઓ છે. એમ જિતેન્દ્ર આવ્હાડે કહ્યું હતું. ■

# ધનંજય મુંડે મળ્યા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનેઃ શું ચર્ચા થઈ તે રહસ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય વિધાનસભાની બજેટ સત્ર આજથી શરૂ થયું છે. બજેટ સત્ર દરમિયાન વિધાન પરિષદની કાર્યવાહી પૂર્ણ થયા પછી, કેબિનેટ પ્રધાન ધનંજય મુંડેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા.



ધનંજય મુંડે

બીડના સરપંચની હત્યાના કેસમાં વાલ્મિક કરાડને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા બાદ વિપક્ષ ધનંજય મુંડેના રાજીનામાની જોરશોરથી માગણી કરી રહ્યું છે, ત્યારે ધનંજય મુંડે અને મુખ્ય પ્રધાન વચ્ચેની આ મુલાકાત મહત્ત્વપૂર્ણ બની ગઈ છે.

ધનંજય મુંડે અને મુખ્ય પ્રધાન વચ્ચેની મુલાકાતથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ધનંજય મુંડે વચ્ચે ૧૦ થી ૧૫ મિનિટ સુધી ચર્ચા થઈ હોવાના અહેવાલ છે, પરંતુ આ બેઠકમાં ખરેખર શું ચર્ચા થઈ તે હજુ સુધી સામે આવ્યું નથી.■

# અંધેરીમાં પેટ્રોલ રેડી સગીરાને જીવતી સળગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરીમાં ઘર નજીકનાં પગથિયાં પર બેસેલી સગીરા પર પેટ્રોલ રેડી યુવાને તેને જીવતી સળગાવી હોવાની ઘટના બની હતી. આ ઘટનામાં યુવાનના પણ બન્ને હાથ દાઝ્યા હોવાથી તેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

અંધેરી પશ્ચિમમાં મરોલ ગાવઠણ ખાતે બનેલી આ ઘટનામાં ૬૦ ટકા દાઝેલી સગીરાને સારવાર માટે કૂપર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સગીરાની માતાની ફરિયાદને આધારે પોલીસે જિતેન્દ્ર ઉર્ફે જીતુ તાંબે (૩૦) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર સગીરા અને તાંબે વચ્ચે મિત્રતા હતી. છ મહિના અગાઉ બન્નેને મરોલ વિસ્તારમાં સાથે ફરતાં એક રહેવાસીએ જોયાં હતાં. આ બાબતની જાણ થતાં ફરિયાદીએ દીકરીની પૂછપરછ કરી હતી અને તાંબેને પણ ચેતવણી આપી હતી. કહેવાય છે કે રવિવારની રાતે જમ્યા પછી ૧૧.૩૦ વાગ્યાની આસપાસ સગીરા ઘર નજીકની સીડીનાં પગથિયાં પર બેઠી હતી. તે સમયે ત્યાં આવેલા આરોપીએ તેના પર પેટ્રોલ રેડી દીવાસળી ચાંપી હતી. સગીરાએ મદદ માટે બૂમો પાડતાં રહેવાસીઓ દોડી આવ્યા હતા અને આગ ઓલવી નાખી હતી. જોકે આગમાં સગીરા ૬૦ ટકા દાઝી હતી. સારવાર માટે તેને કૂપર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોઈ તાંબેએ આ કૃત્ય કર્યું હોવાનું સગીરાએ તેની માતાને કહ્યું હતું. ■

# શ્વાનને લઇ વિવાદ થતાં પડોશીઓને ગાળો ભાંડી, તેમનાં સંતાનોની કરી મારપીટઃ મહિલા વિરુદ્ધ ગુનો

થાણે: થાણે જિલ્લામાં પાળેલા શ્વાનને લઇ વિવાદ થતાં પડોશીઓને જાતિવાદી અપશબ્દો કહ્યા બાદ તેમનાં સંતાનોની મારપીટ કરવા બદલ મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

કેટલીક મહિલાઓ શુક્રવારે આરોપી પાસે ગઇ હતી અને ફરિયાદ કરી હતી કે તેનો શ્વાન શહાપુરમાં તેમના વિસ્તારમાં ઉપદ્રવ પેદા કરી રહ્યો છે.

શહાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મહિલાઓની ફરિયાદનું સમાધાન કરવાને બદલે આરોપી મહિલા રોષે ભરાઇ હતી અને તેમને જાતિવાદી અપશબ્દો કહ્યા હતા. આરોપીએ ત્યાર બાદ તેનો ગુસ્સો પડોશીઓનાં સંતાનો પર ઉતાર્યો હતો. આરોપી મહિલાએ દાવો કર્યો હતો કે તેમનાં સંતાનો ખૂબ અવાજ કરે છે, જેને કારણે શ્વાનને ખલેલ પહોંચે છે.

આરોપીએ બાદમાં પડોશીઓના ત્રણ, સાત અને આઠ વર્ષના સંતાનની મારપીટ કરી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના બાદ પડોશીઓએ શહાપુર પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, શિડ્યુલ્ડ કાસ્ટ એન્ડ શિડયુલ્ડ ટ્રાઇબ્સ (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીઝ) એક્ટ અને જુવેનાઇલ જસ્ટિસ (કૅર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્ર) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. અમે આરોપી મહિલા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે અને તપાસ કરી રહ્યા છીએ. આ પ્રકરણે હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન - હિન્દુ**

ધાર્મિક સમાચાર આપવા જૈનાચાર Jainam24.com, 9819669108. (૧૫૩૨૪-સી)

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૬૬૪-બી)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Bfast ડિનર સાથે વ્યક્તિગત પ્રવાસ જોવાલાયક સ્થળોનો પ્રવાસ પ્રાઈવેટ કાર. Per Couple Starting from સિક્કિમ 58000 ઉત્તરાંચલ 55000 કાશ્મીર 54000 હિમાચલ 45000 આંદામાન 44000 સિંગાપોર 127000 અઝરબૈજાન 108000 અરહામ હોલિડે 9769977466/9892534488. (બી-૧૫૬૧૨)

### ૧૪. નોકરી ખાલી છે

**સાઉથ મુંબઈમાં**

**જૈન તિર્થમાં ઓફીસમાં યોગ્ય પગાર સાથે (૧) મેનેજર - અનુભવી, ધાર્મિક, વિશ્વાસુ (૨) કોમ્પ્યુટર ઓપરેટર - સારા અનુભવીની જરૂર છે. મોબાઈલ 9322234901 email: alloysteels@gmail.com (એસડીબી-૨૪૬૪)**

■ ભાઈઓ, બહેનો અનલીમીટેડ કમાણી, નિવૃત્તિ પછી કમાવો, મેટ્રીક પાસ. 8169881070. (૧૫૩૨૪-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/-, 3 બેડરૂમ 7,000/-, કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ, પ્લાનીંગ અને રીનોવેશન પ્રોફેશનલ ટીમ દ્વારા Helpline - 8989282877. (૧૫૩૨૪/બી).

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, - 8450941119. (બી-૧૫૬૪૨)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# 'તમે તમારી ખુરશી સંભાળી ન શકયા તો હું શું કરું?'

## ફડણવીસની સામે જ જયારે અજિત પવારે એકનાથ શિંદેને સંભળાવી દીધું

મુંબઈઃ મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવારને ઘણા વખતે રવિવારે એકસાથે હસતા જોયા છે. આ જોઈને એક ગઝલ યાદ આવે છે,'તુમ ઇતના જો મુસ્કુરા રહે હોં..'

એકનાથ શિંદે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હતા અને દેવેન્દ્ર ફડણવીસ ડેપ્યુટી સીએમ ત્યારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી વખતે પણ આવું ઘણીવાર જોવા મળ્યું હતું અને અત્યારે બદલાયેલી રાજકીય પરિસ્થિતિમાં બંનેની ખુરશીઓની અદલાબદલી થઈ છે ત્યારે પણ જોવા મળી રહ્યું છે. ત્યારની અને અત્યારની પરિસ્થિતિમાં માત્ર એક જ વસ્તુ કોમન છે. અજિત પવાર ત્યારે ડેપ્યુટી સીએમ હતા અને અત્યારે પણ છે. એકનાથ શિંદે સાથેનો તેમનો તાજેતરનો ઝઘડો એક મોટો કટાક્ષ છે. એક રીતે, એકનાથ શિંદેની અગાઉની ટિપ્પણીનો જવાબ છે.

વાતચીત દરમિયાન અજિત પવારે એકનાથ શિંદેને તેમના મુખ્યમંત્રી પદને બચાવી ન શકવા માટે ટોણો માર્યો હતો. અગાઉ એકનાથ શિંદેએ અજિત પવાર વિશે કહ્યું હતું કે તેમને કોઈપણ સમયે શપથ લેવાનો અનુભવ છે.

પત્રકાર પરિષદમાં મહારાષ્ટ્ર સરકારને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, પરંતુ જે ઘટના બધાને યાદ રહી ગઈ તે હતી,મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને બંને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને અજિત પવાર વચ્ચે બોલાચાલી અને બાદમાં હાસ્ય.

આ સાંભળીને અજિત પવારે કહ્યું, જો તમે તમારી ખુરશી ન બચાવી શક્યા તો હું શું કરી શકું? વાત વધુ આગળ ન વધે તે માટે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વાતાવરણને હળવું કરવાના પ્રયાસરૂપે કહ્યું , અમારી પાસે રિવોલ્વિંગ ચેર છે. આવી ગરમીમાં શીતયુદ્ધ કેવી રીતે થઈ શકે? અમારી વચ્ચે બધું કુલ કુલ છે.

# મોગરા અને માહુલ પમ્પિંગ સ્ટેશનનું કામ ફરી ઘોંચમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા ફરી એક વખત બે મહત્ત્વનાં પમ્પિંગ સ્ટેશન મોગરા અને માહુલ પર બાંધકામ શરૂ કરવામાં નિષ્ફળ ગયું છે. મોગરા સ્ટેશન માટેની વિવાદિત જમીનની કિંમત બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવી છે અને પાલિકાના પ્રશાસન ભૂષણ ગગરાણી દ્વારા તેને મંજૂર કરવામાં આવી છે, તેમ છતાં પર્યાવરણ અને વન મંત્રાલયની મંજૂરીની રાહમાં અટવાઈ ગયો છે. વધુમાં પાલિકાએ હજુ સુધી માહુલ પમ્પિંગ સ્ટેશન માટે આવશ્યક મીઠાગરની જમીન સંપાદિત કરી શકી નથી, તેને કારણે તેનું કામ પણ અટવાયેલું છે. મુંબઈમાં ૨૦૦૫ની સાલમાં આવેલા વિનાશક પૂર બાદ ચિતળે સમિતિની ભલામણ કરાયેલા આઠ પ્રોજેક્ટમાંથી બે મહત્ત્વનાં પમ્પિંગ સ્ટેશન માટે જમીન સંપાદન કરવામાં પાલિકાને સતત અડચણ આવી રહી છે. મોગરા પમ્પિંગ સ્ટેશન માટે ટેન્ડરનું કામ ૨૦૨૧માં ફાઈનલ થયું હતું. પરંતુ બે ખાનગી પક્ષો વચ્ચે જમીનની માલિકીને લઈને ચાલી રહેલા કાયદાકીય વિવાદને કારણે જમીન સંપાદન પ્રક્રિયામાં વિલંબ થયો હતો. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ અમે હાઈ કોર્ટમાં ૩૩ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે અને વહીવટી મંજૂરી બાદ પમ્પિંગ સ્ટેશન માટે વર્ક ઓર્ડર બહાર પાડવામાં આવ્યો છે. હવે અમે પર્યાવરણ અને વન મંત્રાલયની મંજૂરીની મેળવવાની પ્રક્રિયામાં છીએ. ત્યારબાદ બાંધકામ તાત્કાલિક ચાલુ થઈ જશે. મોગરા પમ્પિંગને કારણે વર્સોવા, અંધેરી અને જોગેશ્વરીમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી રાહત મળશે.

# લૂંટારાઓએ કરેલા હુમલામાં ડીસીપી, એપીઆઇ ઘાયલ

પુણેઃ લૂંટના ગુનામાં સંડોવાયેલા લૂંટારાઓને પકડવા ગયેલી પોલીસ ટીમ પર તેમણે હુમલો કર્યો હતો, જેમાં ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) અને આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટરને ઇજા પહોંચી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. એક લૂંટારુએ ડીસીપી પર કોયતાથી હુમલો કર્યો હતો. આથી વળતા જવાબમાં ડીસીપીએ પોતાની સર્વિસ રિવોલ્વરમાંથી તેના પર ગોળીબાર કર્યો હતો. પગમાં ગોળી વાગવાથી લૂંટારુ ઘાયલ થયો હતો અને તેને બાદમાં તાબામાં લેવાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર પુણે જિલ્લાના ખેડ તહેસીલમાં ચિંચોશી ગામમાં સોમવારે વહેલી સવારે આ ઘટના બની હતી. પિંપરી-ચિંચવડના ડીસીપી (ઝોન-૩) ડો. શિવાજી પાટીલે કહ્યું હતું કે બે લૂંટારા ગામમાં છુપાયા હોવાની માહિતી પોલીસને મળી હતી.

બંને લૂંટારા એક ટોળકીનો ભાગ હતા અને આ ટોળકીએ ગયા મહિને બહુલ ગામમાં એક ઘરમાં ઘૂસી લૂંટ ચલાવી હતી અને તેમણે બે રહેવાસીને ગંભીર ઇજા પહોંચાડી હતી.

પાટીલે જણાવ્યું હતું કે બંને લૂંટારા વિશે મળેલી માહિતીને આધારે ચાકણ પોલીસ સ્ટેશનની ટીમ સાથે હું ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ત્યાં છટકું ગોઠવાયું હતું. બંને લૂંટારાની ઓળખ સચિન ભોસલે અને મિથુન ભોસલે તરીકે થઇ હતી. બંનેને પકડતી વખતે સચિન ભોસલેએ મારા પર કોયતાથી હુમલો કર્યો હતો તેમાં મને ઇજા થઇ હતી. આથી વળતા જવાબમાં મેં બે રાઉન્ડ ફાયર કર્યું હતું, જેમાં સચિનના પગમાં ગોળી વાગી હતી, જેને કારણે તે પકડાઇ ગયો હતો, જ્યારે મિથુન ભાગી છૂટ્યો હતો. અથડામણ દરમિયાન ચાકણ પોલીસ સ્ટેશનનો આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર પ્રસન્ના જર્હાડ પણ ઘાયલ થયો હતો.

૧ જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ ભીમા-કોરેગાંવ ખાતે ફાટી નીકળેલી હિંસા બાદ પુણેમાં એલ્ગાર પરિષદ-માઓવાદી સાથે કડીના કેસની અગાઉ પવારે તપાસ કરી હતી. (પીટીઆઇ)

## છેલ્લા પાનાનું ચાલુ

### ઔરંગઝેબના શાસન

સત્ર દરમિયાન વિધાનસભાના પ્રાંગણમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

દેશમાં હાલ ઔરંગઝેબની છબિ ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે. ઔરંગઝેબે પોતાના શાસનકાળ દરમિયાન ઘણાં મંદિરો બનાવ્યાં હતાં. શું ઔરંગઝેબે છત્રપતિ શિવાજી મહારાજને જે રીતે માર્યા એ રીત સાચી હતી, એવો સવાલ જ્યારે તેમને પૂછવામાં આવ્યો ત્યારે તેઓ તેનો જવાબ આપી નહોતા શક્યા અને ત્યાંથી ચાલ્યા ગયા હતા. જોકે હવે તેમના આ નિવેદનથી વિવાદ ઊભો થાય એવા સંકેતો દેખાઈ રહ્યા છે.

### ૪,૫૦૦ કરોડના

પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ કેસ દાખલ કર્યો હતો. પેનકાર્ડ ક્લબ્સ લિમિટેડ અને તેના ડિરેક્ટરોએ સેબી અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)ના નિયમોનું ઉલ્લંઘન કરીને હૉટેલ ડિસ્કાઉન્ટિંગ, એક્સિડેન્ટલ ઈન્સ્યોરન્સ અને રોકાણકારો દ્વારા કરાયેલી ડિપોઝિટ સામે ઉચ્ચ દરે વળતરો સહિતના અન્ય લાભોનું વચન આપીને ત્રણથી નવ વર્ષ સુધીની અલગ અલગ મુદતની વિવિધ યોજનાઓ રજૂ કરી હતી, એમ ઈડીએ જણાવ્યું હતું. આ કેસના મુખ્ય આરોપી અને કંપનીના ભૂતપૂર્વ ડિરેક્ટર સ્વર્ગસ્થ સુધીર મોરવેકરની વિદેશી મિલકતોની વિગતો ધરાવતા 'વાંધાજનક' દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. આ મિલકતોનું સંચાલન હાલમાં મોરવેકરના પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવે છે. અમુક દસ્તાવેજી પુરાવા પણ સર્ચ દરમિયાન મળી આવ્યા હતા, જે દર્શાવે છે કે અસ્ક્યામતોનો નિકાલ કરવાનો પ્રયાસ કરાયો હતો. (પીટીઆઈ)

### કરુણા મુંડે સાથે

વખતે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો નહોતો, એમ અરજીમાં વધુમાં જણાવાયું હતું. ધનંજય મુંડેએ દાવો કર્યો હતો કે એક રાજકીય પાર્ટી વખતે તે મહિલા સાથે સંપર્કમાં આવ્યો હતો અને વારંવાર મળવાને કારણે અમારી વચ્ચે વ્યક્તિગત સંબંધ બન્યા હતા જેને પરસ્પર સંમતિથી આગળ વધારવાનું અમે નક્કી કર્યું હતું. અમારા વચ્ચેના સંબંધોથી બે બાળકો થયા હતા અને બાળકોના સંબંધિત દસ્તાવેજો માટે મારું નામ અને અટક વાપરવાની મેં પરવાનગી આપી હતી. પ્રતિવાદી મહિલાને હું પરણેલો છું એ પહેલાથી ખબર હતી, છતાં તેણે સ્વેચ્છાએ મારી સાથે સંબંધ રાખવાનું પસંદ કર્યું હતું, એમ અરજીમાં જણાવાયું હતું. ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીમાં વિજય થયા બાદ મુંબઈમાં સરકારી બંગલામાં પત્ની રાજશ્રી મુંડે સાથે રહેવાનું શરૂ કર્યુ ત્યાર બાદ તે મહિલાના વર્તનમાં બદલાવ આવ્યો હતો. તે મહિલા અને તેના પરિવાર દ્વારા વિવિધ કારણો ધરીને વારંવાર પૈસાની માગણી કરવા લાગ્યા હતા. મહિલાએ પોતે મારી પ્રથમ પત્ની હોવાનો દાવો કરીને કરુણા ધનંજય મુંડેના નામથી સોશિયલ મીડિયા પર અકાઉન્ટ પણ ખોલ્યા હતા, પણ અમારા ક્યારેય લગ્ન થયા નથી, એમ અરજીમાં જણાવાયું હતું. કોર્ટે વધુ સુનાવણી ૨૧મી માર્ચ સુધી મુલતવી રાખી હતી.

### ૬,૪૮૯.૨૦ કરોડની

માર્ગ અને પુલ પ્રોજેક્ટ્સ માટે વ્યાજમુક્ત લોન માટે ભંડોળ, રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજ શિક્ષણ ફી શિષ્યવૃત્તિ યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય યોજના, પુણે રિંગ રોડને ગતિ આપવી, જાલના-નાંદેડ એક્સપ્રેસવેનાં કામો, ગોદાવરી મરાઠવાડા સિંચાઈ વિકાસ નિગમ માટે બલિરાજા જળ સંજીવની યોજના, સરકારી યોગદાન ઘટક હેઠળ વિવિધ પ્રોજેક્ટ્સ માટે ભંડોળ વગેરેનો સમાવેશ થાય છે.

સોમવાર થી શરૂ થયેલા બજેટ સત્રના પહેલા દિવસે, નાયબ મુખ્યપ્રધાન અને નાણા પ્રધાન અજિત પવારે વિધાનસભામાં વર્ષ ૨૦૨૪-૨૫ માટેની પૂરક માગણીઓ રજૂ કરી.

રજૂ કરાયેલા ૬,૪૮૬.૨૦ કરોડ રૂપિયામાંથી, ફરજિયાત ખર્ચ હેઠળ ૯૩૨.૫૪ કરોડ રૂપિયાની માગણીઓ, કાર્યક્રમો હેઠળ ૩,૪૨૦.૪૧ કરોડ રૂપિયાની માગણીઓ અને કેન્દ્રીય પ્રાયોજિત કાર્યક્રમો હેઠળ નાણાકીય સહાયની ઉપલબ્ધતાને અનુરૂપ ૨,૧૩૩.૨૫ કરોડ રૂપિયાની માગણીઓ સબમિટ કરવામાં આવી છે.

૬,૪૮૬.૨૦ કરોડ રૂપિયાની કુલ પૂરક માંગણીઓ હોવા છતાં, રાજ્યની તિજોરી પર તેનો વાસ્તવિક ચોખ્ખો બોજ ફક્ત ૪,૨૪૫.૯૪ કરોડ રૂપિયા છે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

### માધવી પુરી બુચ સામે

અરજી કરી હતી. અરજીમાં ૧૯૯૪માં બીએસઈ પર કંપનીની લિસ્ટિંગ દરમિયાન કરવામાં આવેલા છેતરપિંડીના ચોક્કસ આરોપો સંબંધિત રાજ્યની એસીબીને તેમની સામે ગુનો નોંધવાનો નિર્દેશ આપતા સ્પેશ્યિલ કોર્ટના પહેલી માર્ચના આદેશને રદ કરવાની માગ કરવામાં આવી હતી. તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવે એ માટે જસ્ટિસ એસ.જી. દીઘેની સિંગલ બેન્ચ સમક્ષ અરજીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બેન્ચે કહ્યું હતું તે મંગળવારે આ કેસની સુનાવણી કરશે અને ત્યાં સુધી એસીબી કોઇ પણ પ્રકારની કાર્યવાહી કરે નહીં. અરજીઓમાં સ્પેશિયલ કોર્ટના આદેશને રદ કરવાની માગ કરવામાં આવી હતી અને તેને ગેરકાયદે અને મનસ્વી ગણાવવામાં આવ્યો હતો. અરજીમાં એવું પણ જણાવાયું હતું કે નિર્ણય લેતાં પહેલાં અરજદારોને નોટિસ પણ આપવામાં નહોતી આવી. અત્રે ઉલ્લેખીય છે કે સ્પેશ્યિલ એસીબી કોર્ટના ન્યાયાધીશ એસ.ઈ. બાંગડે પહેલી માર્ચના રોજ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે નિમયનકારી ખામીઓ અને મીલીભગતના પ્રથમદર્શી પુરાવાને આધારે નિષ્પક્ષ તપાસની જરૂર છે. જોકે હાઈ કોર્ટે આ કેસમાં ચોથી માર્ચ સુધી હાલમાં કોઈ કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું. આ કેસની સુનાવણી ચોથી માર્ચ પર મોકૂફ રાખવામાં આવી હતી.

### દેશદ્રોહી અબુ આઝમી

દેશભક્તના વિરોધમાં નિવેદન કર્યું છે. આથી તેમને દેશદ્રોહી ગણવા જોઈએ.

અબુ આઝમીના નિવેદનને 'પાપ' ગણાવતાં શિંદેએ કહ્યું હતું કે આ અત્યંત નિંદાત્મક છે. છત્રપતિ સંભાજી મહારાજને ૪૦ દિવસ સુધી ટોર્ચર કરનારા ઔરંગઝેબને સારી વ્યક્તિ કહેવી એ પાપ છે. અબુ આઝમીએ માફી માગવી જોઈએ અને મુખ્ય પ્રધાને પણ આ બાબતને ગંભીરતાથી લીધી છે. તેમની સામે દેશદ્રોહનો ગુનો નોંધાઈ શકે છે.

#### અબુ આઝમીને આજે હું ઈતિહાસનું પુસ્તક આપીશઃ રામ કદમ

ભાજપના વિધાનસભ્ય રામ કદમે આ અંગે ટિપ્પણી કરી હતી કે અબુ આઝમીને ઈતિહાસ ખબર નથી. તેમનું નિવેદન ખોટું છે. રામ કદમે કહ્યું હતું કે કાલે જ્યારે તે સભામાં આવશે ત્યારે હું તેને ઈતિહાસનું પુસ્તક આપીશ. રામ કદમે બાદમાં એવો પણ પ્રશ્ન કર્યો હતો કે શું અબુ આઝમીને ખબર નથી કે ઔરંગઝેબે આપણા છત્રપતિ સંભાજી મહારાજને કેવી રીતે કેદ કર્યા અને તેમને કેવી રીતે અવિરત ત્રાસ આપ્યો હતો.

#### સાવંત સામે કેસ કરવાની કરણી સેનાની માગ

કરણી સેનાના પ્રમુખ અજય સિંહ સેંગરે ઈતિહાસકાર અને સંશોધક ઇન્દ્રજિત સાવંત વિરુદ્ધ ખાંડેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સેંગરે ઇતિહાસકાર ઇન્દ્રજિત સાવંત પર તેમની યુટ્યુબ ચેનલ પર બ્રાહ્મણો અને રાજપૂતો વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. તે વારંવાર બ્રાહ્મણો અને રાજપૂતો વિરુદ્ધ નિવેદનો આપે છે. વિદેશી લેખકોનો ઇતિહાસ વાંચ્યા પછી ઇન્દ્રજિત સાવંત બોલી રહ્યા છે. તેથી કરણી સેનાએ પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે, જેમાં વિનંતી કરવામાં આવી છે કે સમાજમાં તેમની સાથે દુર્વ્યવહાર થવા બદલ તેમની સામે કેસ દાખલ કરવામાં આવે.

## હિન્દુ મરણ

રાજુલાવાળા સ્વ. જીતેન્દ્ર અમૃતલાલ ભુતાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં.વ. ૯૬) શ્રીજીચરણ પામ્યા છે. તે ભારતી શૈલેશ ગાંધી, સ્વ. ભાવના અની કામદાર, સંધ્યા. ધીરેન શાહ, રૂપલ જગદીશ શાહ અને સોનલ નયન કિસના દવાલાનાં માતુશ્રી. આયેશા, કરિશ્મા, ક્ષિતિજ, ઇશિતા, સની અને કર્નિકાનાં નાની. પિયર પક્ષે દેલવાડાવાળા સ્વ. ત્રિભોવનદાસ હેમરાજ ગોરડિયાની પુત્રી. લૌકિક ક્રિયા બંધ છે.

**હાલાઇ ભાટીયા**

રાજેન્દ્ર જમનાદાસ કાપડીયા (રાજાભાઇ) તા. ૨-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે (ઉં.વ. ૮૫)તે ભારતીબેનના પતિ. પ્રતિક, ઉષ્માના પિતા. અં. સૌ. ગુંજનના સસરા. દીક્ષિતાનાં દાદા. વિરમતી મથુરાદાસ વેદના જમાઇ. પુષ્પાબેન પરસોતમ આશર, વિજય કાપડીયા, જયુબેન શાંતારામ રેગેંના નાના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડુંગરવાળા હાલ વિલેપાર્લે સ્વ. જયાલક્ષ્મી વસંતરાય મહેતાના સુપુત્ર અશ્વિન મહેતા (ઉં. વ.૭૦) તા. ૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દક્ષાના પતિ. નિરજ અને નીધિના પિતાશ્રી. મનાલી તથા અમીતના સસરા. કિરીટ તથા પ્રતિભાના ભાઇ. તે ભેરાઇવાળા ગં. સ્વ. જયોતિબેન માધવદાસ ગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૪-૩-૨૫ના મંગળવારે પથી ૭. ઠે. રાજપુરીયા હોલ, નવીનભાઇ ઠક્કર માર્ગ, વિલેપાર્લે (પૂર્વ).

**કપોળ**

સિહોર નિવાસી હાલ જુહુ સ્કીમ સ્વ. જમનાબેન નંદલાલ ભુતાના વહુ જયશ્રીબેન ઉત્તમભાઇ નંદલાલ ભુતા (ઉં. વ. ૮૨) રવિવાર, તા. ૨-૩-૨૫ના શ્રી અંબા માતાજીના ચરણે સીધાવ્યા છે. તે કુંતી, આશિષના માતુશ્રી. કેતનભાઇ, ભાવિકાના સાસુ. સ્વ. જયા લક્ષ્મી હિંમતલાલ મહેતાના સુપુત્રી. લલિતભાઇ, સ્વ. ધીરજભાઇ , અનિલભાઇ, વસંતબેન, નલિનીબેનના બહેન. પ્રાર્થનાસભા તા. ૪-૩-૨૫ના પથી ૭. ઠે. જલારામ હોલ, એન.એસ.રોડ નંબર-૬, હાટકેશ સોસાયટી, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ).

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઉના નિવાસી હાલ પવઇ-મુંબઇ રસિકલાલ ગાંધી (ઉં. વ.૮૮) તે સ્વ. નરોતમદાસ માધવજી ગાંધીના પુત્ર. તે સ્વ. નાનાલાલ અને સ્વ. હિંમતલાલના નાના ભાઇ. તે સ્વ. ચંદ્રીકાબેન નવનીતલાલ કોઠી તથા ડો. જસુબેન જીતેન્દ્ર વ્યાસના ભાઇ. સ્વ. નિલમબેનના પતિ. તે નિખિલ, રૂપલ અમીત જસાણી તથા દિપાના પિતા. તે હિના નિખિલ તથા અમીત જસાણીના સસરા. તે સ્વ. નગીનદાસ નાગરદાસ જુઠાણીના જમાઇ તા. ૨ માર્ચ ૨૫ના અક્ષરવાસ પામ્યા છે. ઠે.૩૦૧, જેમ હાઉસ, લેક બુલેવાડ રોડ, હીરાનંદાની, પવઇ, મુંબઇ-૪૦૦૦૭૬. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અ. સૌ. દમયંતીબેન સુરેશચંદ્ર મહેતા (નશીરાબાદ-જલગાંવ) તા. ૨-૩-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે મિલનભાઇ, ઉમંગભાઇના માતુશ્રી. નિરૂપમાબેન, કાજલબેનના સાસુમા. પાર્થ-જાનકી, મીત-કિંજલ, જશ, સોનીયાના દાદીમાં. પિયર પક્ષે સ્વ. કૃષ્ણાબેન અમૃતલાલ ભગવાનદાસ દોશીનાં સુપુત્રી. સ્વસુર પક્ષે સ્વ. રામદાસભાઇ નાનાભાઇ મહેતા. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૪-૩-૨૫નાં જલગાવ મુકામે રાખેલ છે.

**વૈષ્ણવ રામાનંદી**

ગામ-ભાયાવદર હાલ કાંદિવલી, કિશોરભાઈ કુબાવત તે વનીતાબેનના પતિ. સ્વ.રંભાબેન અને સ્વ.દામોદરદાસ કુબાવતના પુત્ર. ભાવેશ, પારૂલ,

## પારસી મરણ

નવલ નરીમન મિસ્ત્રી તે નરગીશ નવલ મિસ્ત્રીના ખાવીંદ. તે મરહુમો નરીમન રૂસ્તમજી મિસ્ત્રી ને ડોલી નરીમન મિસ્ત્રીના દીકરા. તે ઝુબીન ને સાયરસના બાવાજી. તે ખુશનુમા ને આવાના સસરા. તે સીલ્લુ શેટીના ભાઇ. તે કેઝલ, પરશેશ, માઝહીન ને બરઝેસના બપાવાજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. સ્નેહ સદન, ફ્લેટ નં.૨૨, બીજો માળ, ૧૬૩ કોલાબા રોડ, મુંબઇ-૪૦૦૦૦૫.

રતી હકીમ તે મરહુમો મેરવાનજી જમશેદજી હકીમ તે આલામાય ભત્રીજી-ભાણેજી, મેરવાનજી હકીમ, તે મરહુમો જાલ કેકી, નોશીર હોમી દાદી જીમી (જમશેદ), મરહુમો દોલીના બહેન. રૂસી જમશેદ હકીમ, ભત્રીજી-ભાણેજ, ભીખક રૂસી હકીમ, ગ્રેટ નેવ્યુ ભત્રીજી-ભાણેજી ધન રૂસ્તમ હકીમ. (ઉં. વ. ૧૦૨). રે. ઠે. રૂમ ૧૬, બિલ્ડિંગ ૧૭-બી, રૂસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, ભાયખલા, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૩-૨૫ને બપોરે ૩.૪૫ વાગે કલાકે ફોર્ટ મધ્યે બનાજી ભીમજી અગિયારીમાં.

ધીરેન, કિરન, કેતનના પિતા. જાગૃતિ, નાની જાગૃતિ, કાજલ, રમેશકુમાર અને સમીરકુમારના સસરા.મીનાબેન, દિલીપભાઈ સ્વ.લાલદાસભાઈ, રેખાબેન, દક્ષાબેન, ભાનુબેનના મોટાભાઇ, પ્રતીક, હરષીતા, મિતેષ, કૌશિક, ભૂમિકા, નેહલ, દ્રષ્ટિ, કિજલ, હર્ષેલ, કૃતિકા, પ્રગતીના દાદા. શુક્રવાર તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના દેવલોક પામેલ છે. પ્રાર્થનાસભા શ્રી ખતવાડી દરબાર, હેમુ કલાની રોડ, ઈરાની વાડી ૧નં, કાંદિવલી (વે) તા.૫/૩/૨૫ બુધવારે ૪:૩૦ થી ૬:૩૦.

**હાલાઈ લોહાણા**

દ્વારકાવાળા હાલ વાલકેશ્વર, રાજેન્દ્ર માવાણી (ઉં. વ. ૭૬) તા.૩/૩/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.શોભનાબેન જમનાદાસ માવાણી, સ્વ.મંજુલાબેન મથુરાદાસ માવાણીના સુપુત્ર, નિશાબેન માવાણીના પતિ. ઝરણા ખુશરુ ઘીસ્તાના પિતાશ્રી. પરસીસના નાના. સ્વ.નીલાબેન રમેશચંદ્ર દત્તાણીના જમાઈ. અતુલ અને મુકુલના બનેવી, જય, હિતેન્દ્ર, રમેશ, હરેશ, પન્નાબેન, જતીનના મોટાભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જૂનાગઢ હાલ પાર્લા, સ્વ.કાંતાબેન નંદલાલભાઈ કતીરાના પુત્ર સુભાષભાઈ (ઉં. વ. ૭૮) જે પ્રવિણાબેનના પતિ. મિહિર અને નમ્રતાના પિતા. હેમાના સસરા. પ્રમોદભાઈ અને દિલીપભાઈના ભાઈ. નાનાલાલ ચકુભાઈ ભૂપતાનીના જમાઈ. તા. ૨ માર્ચ ૨૦૨૫ના રવિવાર શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**વિશા પોરવાડ વૈષ્ણવ**

મૂળ ગામ નંદુરબાર નિવાસી હાલ બોરીવલી, સ્વ.પ્રભાબેન શંકરલાલ વાણીના પુત્ર જયંતીલાલ વાણી (ઉં. વ. ૬૫) ૧/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નીલમબેનના પતિ. પ્રિયા તથા પ્રાચીના પિતા. રોનક સચદેવના સસરા. ધનેન્દ્ર તથા ભુપેન્દ્રના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ ભાણવડ હાલ થાણા, મુકેશભાઈ દ્વારકાદાસ વસનજી મજીઠીયાના ધર્મપત્ની અ.સૌ. સંધ્યાબેન (જયશ્રીબેન) (ઉં. વ. ૬૫) ૨/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.આદિત્યના માતુશ્રી. ગં.સ્વ.રૂપલબેનના સાસુ. સ્વ.મહેન્દ્રભાઈ, ગીરીશભાઈ, સ્વ.અશોકભાઈ, જયેશભાઇ, નીતિનભાઈ, સ્વ.જ્યોત્સ્નાબેન હસમુખલાલ, સ્વ.શોભનાબેન શૈલેષકુમાર, દીનાબેન રમેશકુમાર, ગં.સ્વ. ભાવનાબેન જીતેન્દ્રકુમાર, રૂપાબેન દિનેશકુમારના ભાભી. પિયરપક્ષે બિપીનભાઈ, સ્વ. અજયભાઇ હેમરાજ, ગં.સ્વ.આશાબેન રાજેશકુમાર, નીતાબેન સતીશકુમારના બહેન. બંને પક્ષની પ્રાર્થનસભા ૪/૩/૨૫ના ૫ થી ૬. ત્રિપદ ૩, પ્રાપ્ય પુષ્પ સોસાયટી, ટેરેસ ઘોડબંદર રોડ, સુરજ વોટર પાર્કની બાજુમાં, થાણા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દસગામ પંચાલ - પલસાણા**

ગામ પલસાણા, હાલ ઠાકુર વિલેજ કાંદિવલી, અરવિંદભાઈ પંચાલ (ઉં. વ. ૭૭) શનિવાર તા.૧-૩-૨૫ના શ્રીચરણ પામ્યા છે. તે જમુનાબહેન ચૂનીલાલ પંચાલના પુત્ર. ગં.સ્વ. નયનાબહેનના પતિ. રાજેશ, આરતીના પિતા. તારક, શીતલના સસરા. હેમલતાબહેન અને દિલીપભાઈના ભાઈ. રિયા, હેલી, અંજલિ, હર્ષના દાદા. પ્રાર્થનાસભા બુધવાર તા.૫-૩-૨૫ના ૪થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમન્ડ સિનેમાની સામે, રાધાકૃષ્ણ હોટેલ, બોરીવલી-પશ્ચિમ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ વરવાળા (દ્વારકા) હાલ કલ્યાણ, ભાવિક (ઉં. વ. ૪૨) રવિવાર તા. ૨/૩/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ.દીપાબેન તથા સ્વ.બિપીનભાઈ મોનજી જટણીયા (પડધાવાળા)ના સુપુત્ર. પિંકલભાઈના નાનાભાઈ. પાયલબેનના દિયર. સ્વ.ડુંગરસીભાઈ, રસિકભાઈના ભત્રીજા. જયેશભાઇ, શૈલેષભાઈ, સ્વ.અનિલભાઈ, વિપુલભાઈ, ફાલ્ગુનભાઈ, અ.સૌ.વૈશાલીબેન વિશાલકુમાર દત્તાણીના ભાઈ. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૪/૦૩/૨૫ના ૪:૩૦ થી ૬:૩૦. માતોશ્રી શ્યામભાઈ લોહાણા મહાજનવાડી, ૧લે માળે સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કલ્યાણ વેસ્ટ. ત્વચા દાન કરેલ છે.

**લોહાણા**

મૂળ ગામ સાવરકુંડલા હાલ કલ્યાણ, બીપીનચંદ્ર વિઠ્ઠલદાસ મશરૂના ધર્મપત્ની સૌ.રમીલાબેન મશરૂ (ઉં. વ. ૭૭) તા. ૨/૩/૨૫ને રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે બાવનચંદભાઈ માધવજીભાઈ નથવાણી સાવરકુંડલાના દિકરી. દીપકભાઈ તથા પરાગભાઈ, મીનાબેન (વર્ષાબેન) ઉમેશકુમાર, સ્વ.ચારુલતા પવનકુમાર, કિરણબેન સંજયકુમારનાં માતુશ્રી. જ્યોતિબેન તથા રીનાબેનના સાસુ. સ્વ.મણીલાલભાઈ, સ્વ.ભગવાનજીભાઈ, સ્વ.લીલીબેન, સ્વ.ત્રિવેણીબેન, ગં.સ્વ. શાંતીબેન, ગં.સ્વ.સવિતાબેન, ગં.સ્વ.કમુબેન તથા સતીબેનના ભાભી. હર્ષ, નિધિ, શુભનાં દાદી. પ્રાર્થનાસભા તા.૦૪/૦૩/૨૫ મંગળવારના ૫ થી ૬.૩૦. જલારામ હૉલ, લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કલ્યાણ પશ્ચિમ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગામ સભરાઈ હાલે ડોમ્બિવલી, જોષી શૈલેષ કનૈયા (ઉં. વ. ૬૪) તા. ૨.૩.૨૫ના રામશરણ પામ્યા છે. તે સ્વ.વિમળાબેન નાનાલાલના જેષ્ઠપુત્ર. માલતીબેનના પતિ. જતીન અને પૂનમ અમિત રાડિયાના પિતા. દક્ષાબેન દીપક ગાવડિયા, સ્વ.સંજયભાઈના મોટાભાઈ. સ્વ.ગોદાવરી ધનજી ઠક્કરના મોટાજમાઈ. હેતલ અને અમિતના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૫/૩/૨૫ના પથી ૭.૦૦. સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. મરઘાબેન નાનાલાલ શાહના સુપુત્ર પ્રતાપભાઇ (ઉં.વ. ૭૯) તા. ૨-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દિનાબેનના પતિ. સ્વ. રજનીકાંતભાઇ અને સ્વ. રંજનબેનના ભાઇ. ચિરાગ-એકતા, તોરલ-જવાહરના પિતાશ્રી. સ્વ. પાર્વતીબેન પોપટલાલના જમાઇ. ભકતી ભાવના સમયઃ ૪થી ૬. તા. ૪-૩-૨૫ના મંગળવાર. ઠે. એન. એસ. એમ. સ્કૂલ દીક્ષિત રોડ, વિલેપાર્લે (ઇસ્ટ).

**દિગમ્બર જૈન**

ગઢડા સ્વામીના નિવાસી હાલ મલાડ (ઇંદોર) સ્વ. રમાબેન ભીખલાલ વર્ધમાન કામદારના પુત્ર ચીમનભાઇ (ઉં. વ. ૮૦) તા. ૧-૩-૨૫ શનિવારે દેહપરિવર્તન થયેલ છે. તે સ્વ. લીનાબેનના પતિ. ગૌતમ-રાજીવના પિતા. સ્વ. નટવરભાઇ, જીતેન્દ્રભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. જયાબેન, સ્વ. ઇંદુબેન, સરોજબેન, નયનાબેન, ઇલાબેન, નીતાબેન, ભાવનાબેનના ભાઇ. સ્વ. બાબુભાઇ ત્રિભોવનદાસ જસાણીના જમાઇ. સૌ. પૂજા, સૌ.શિલ્પના સસરા. પ્રાર્થનાસભા જૈન ભવન, ઇંદોર ખાતે તા. ૬-૩-૨૫ના ગુરુવારે ૧૦થી ૧૨. ચક્ષુદાન કરેલ છે.

**વેરાવળ વિશા ઓસવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ અંધેરી, પદમાબેન કિશોરભાઈ શાહ (ઉં. વ. ૮૫) ૨-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ગ.સ્વ.જયાબેન દેવીદાસના પુત્રી. ગં.સ્વ.કિશોર ભીમજી કાલીદાસના પત્ની. ધરમેશભાઈ, નેવીલના માતુશ્રી. મિનળ, ઋજુતાના સાસુ. દિલિપભાઈના ભાભી. ધવિત, દર્શ, આરૂષના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના દેવકાંબેન મેઘજી દેવશી છેડાના સુપુત્રી અ.સૌ. વાસંતી સપન ચૌધરી (ઉં. વ. ૭૬) તા. ૨૮-૦૨-૨૫ના અવસાન પામેલ છે. કલકત્તાના મોરાબેન હરીપદ ચૌધરીના પુત્રવધૂ. સપન ચૌધરીના ધર્મપત્ની. જય અને નીખીલના માતુશ્રી. આણંદજી, મણીલાલ અને દીલીપના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સપન ચૌધરી, સી-૫૧૪, ધીરજ કીર્તી, એવરશાઇન નગર, મલાડ (વે.), મું. ૬૪.

ટુંડા હાલે ડોંબીવલીના જેન્તીલાલ વસનજી દેઢીયા (ઉં. વ. ૭૧) તા. ૧-૩-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ચંદનબેનના પતિ. સ્વ. પાનબાઇ વસનજી કુરપારના સુપુત્ર. સ્વ. હર્ષલ, હેરીલના પિતા. સ્વ. કાંતીલાલ, સ્વ. ચુનીલાલના ભાઇ. સાડાઉના સ્વ. કસ્તુર કાનજી કોરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હેરીલ જેન્તીલાલ દેઢીયા, એસ-૫૦૧, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.)

બિદડાના શ્રી કિરણ વલ્લભજી શાહ (ગડા) (ઉં. વ. ૫૯) તા. ૧-૩-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી લક્ષ્મીબેન વલ્લભજી ગડાના સુપુત્ર. દીપાના જીવનસાથી. માનસી, ગૌરવના પિતાશ્રી. ધીરેનના ભાઈ. ડેપાના હેમલતા નેમજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : કિરણ વલ્લભજી શાહ, એ/૬૦૩, અમીધારા સોસાયટી, મામલતદાર વાડી રોડ નં.૪, મલાડ (વેસ્ટ).

બેરાજાના શ્રીમતી કુસુમ સાવલા (ઉં. વ. ૭૧) તા. ૨-૩-૨૫ ના અવસાન પામેલ છે. દિવાળીબેન વેલજીના પુત્રવધૂ. સ્વ. દિનેશના ધર્મપત્ની. નક્ષતા, ધારા, પંચીતાના માતુશ્રી. લક્ષ્મીબેન ઉમરશી છેડાના સુપુત્રી. સ્વ. જગદીશ, પ્રમિલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ સાવલા, ૯૨/૨૧, ગણેશ નિવાસ કો.હા.સો., ચરઈ, થાણે (વે) - ૪૦૦૬૦૧.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

મહુવા હાલ વિલેપાર્લા, વસંતરાય રતિલાલ શાહ (ઉં. વ. ૮૪) સ્વ.ધીરજબેનના પતિ. શ્વસુર પક્ષે ભાઈચંદભાઈ રામચંદભાઈ સંઘવી સાવરકુંડલા વાળાના જમાઈ. સ્વ.મોહનભાઈ-નગીનભાઈ-સ્વ.અરવિંદભાઈ-મહાસુખભાઈના ભાઈ. બિમલભાઈ-મયુરભાઈ-પારસભાઈ-હિરેનભાઈ-હીનાબેન-જયનાબેનના પિતાશ્રી. શિલ્પાબેન-અમીબેન-બિકલબેન-વૈશાલીબેન-અનિલ કુમાર-હરેશ કુમારના સસરા તા.૦૩/૦૩/૨૫ને સોમવાર અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા મંગળવારે તા.૪/૩/૨૫ના ૧૦ થી ૧૨. જલારામ હોલ, એન એસ દફ્તરી રોડ, જેવીપીડી, વિલે પાર્લે (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા જૈન**

બોટાદ હાલ કાંદિવલી, સ્વ.અંજવાળીબેન ધનજીભાઈ શાહના પુત્ર તથા સ્વ.બિપીનચંદ્રના ધર્મપત્ની રસીલાબેન (ઉં. વ. ૮૩) ૨/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. સંજીવ-નિમીષા, બ્રિજેશ-જીજ્ઞા, બીના કાર્તિક મહેતા, ડિમ્પલ જયેશ બિલખિયાના માતુશ્રી. સ્વ.કુસુમબેન રસિકલાલ ધ્રુવ, સરોજબેન, સ્વ.ચંદ્રિકાબેન રમેશચંદ્ર શાહ, સ્વ.વીણાબેન વિનોદચંદ્ર શાહ, ભારતીબેન જીતેન્દ્રકુમાર અજમેરા, જ્યોતિબેન યોગેશકુમાર કોઠારી, દિપીકાબેન રાજેશકુમાર જોબાલિયાના ભાભી. વઢવાણ નિવાસી સ્વ. શાંતિલાલ વૃજલાલ ગોસલીયાના દીકરી, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ બોરીવલી, કીર્તિલાલ રતિલાલ દોશી (ઉં. વ. ૯૩) ૧/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મધુબેનના પતિ. કીર્તિલાલ શિવલાલ પારેખના જમાઈ. અલ્કા, મનીષ, રાજુના પિતા. જીતેન્દ્રકુમાર તથા રૂપલના સસરા. સ્વ.વસંતભાઈ, સ્વ. પનાભાઈ, સ્વ. ચીનુભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. મંગળભાઈ, સ્વ. ભાનુબેન તથા સ્વ.પદમાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

(ખાટડી નિવાસી) હાલ મીરારોડ, શાહ મહેન્દ્રભાઈ દલિચંદભાઈના ધર્મપત્ની જ્યોતિબેન (ઉં. વ. ૭૧) તા. ૧-૩-૨૫ને શનિવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.રસિકભાઈ, વિનોદભાઈ, સ્વ.રજનીભાઈ, જીતુભાઈ, પ્રવીણભાઈ, બટુકભાઈના ભાભી. તેજસ, સચિન, પાયલના માતુશ્રી. મૈત્રી, પિયુષકુમાર ગાંધીના સાસુ. પિયરપક્ષે શાહ વ્રજલાલ પરશોત્તમદાસ ખડસલિયાવાળાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના**

મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# તન-મન-ધનથી રહો તરોતાજા

# ફુગાવાનું જોખમ કઈ રીતે નિવારી શકાય?




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

*'કરવેરાની અને ફુગાવાની અસર થાય છે એ બાબતનું ધ્યાન રાખ્યા વગર અપનાવેલો રોકાણનો વ્યૂહ ખરેખર તો રોકાણસંબંધી વાતાવરણનું ખરું સ્વરૂપ પારખવામાં નિષ્ફળ ગયેલો કહેવાય અને ગંભીર રીતે ખામીભર્યો કહેવાય. રોકાણકારની ખરીદશક્તિનું રક્ષણ થાય એ અત્યંત આવશ્યક છે.'*

- સર જોન ટેમ્પલ્ટન

રચના નામની કોલેજિયને પોકેટ મનીમાંથી આશરે ૧૫,૦૦૦ રૂપિયા બચાવ્યા હતા. એની ઇચ્છા સારામાં સારાં ફીચર્સ ધરાવતો મોબાઇલ ફોન લેવાની હતી. જો કે, એની મમ્મીએ ફોન ખરીદવાને બદલે ફિક્સ્ડ ડિપોઝિટ કરાવી લેવાનું સૂચન કર્યું. ફિક્સ્ડ ડિપોઝિટમાં આ રકમ એક વર્ષ પછી ૧૬,૦૦૦ રૂપિયા થઈ જશે અને તેમાંથી મોબાઇલ ઉપરાંત એક ડ્રેસ પણ ખરીદી શકાશે એવું એને કહેવામાં આવ્યું હતું. રચનાએ એ સૂચન સ્વીકારી લીધું. એક વર્ષ પછી એને જે ૧૬,૦૦૦ રૂપિયા મળ્યા ત્યારે એને જોઈતો હતો એવા મોબાઇલની કિંમત ૧૭,૨૫૦ રૂપિયા થઈ ગઈ હતી. રચના દુઃખી દુઃખી થઈ ગઈ. એણે મુદ્દલમાં વ્યાજ ઉમેરાઈને મળનારી ૧૬,૦૦૦ રૂપિયાની રકમમાંથી બે ખરીદી કરવાનું વિચાર્યું હતું, પરંતુ એના માટે તો હવે મોબાઇલ ખરીદવાનું પણ મુશ્કેલ બની ગયું હતું.

આપણાં રોકાણો પર ફુગાવાના દર કરતાં ઓછી ઊપજ મળે એવું ઘણી વાર બનતું હોય છે. રચનાની જેમ આપણને પણ મુદ્દલ કરતાં વધારે રકમ મળે, પરંતુ એ વધેલી રકમની ખરીદશક્તિ ઘટી ગઈ હોય છે. આવું થાય ત્યારે તેને 'ઇન્ફલેશન રિસ્ક' એટલે કે ફુગાવાસર્જિત જોખમ કહેવામાં આવે છે.

આવી ઇન્ફલેશન રિસ્કની અસર પારદર્શક હોતી નથી, અર્થાત એ પહેલેથી જોઈ શકાતી નથી અથવા તો સ્પષ્ટપણે દેખાતી નથી. આ જોખમ એકંદરે સંપૂર્ણ સિસ્ટમનું હોય છે. આમ, ફુગાવાસર્જિત જોખમને સિસ્ટમેટિક રિસ્ક (તંત્રનું અંતર્ભૂત જોખમ) હોય છે.

તંત્રમાં અંતર્ભૂત હોય એવી કોઈ વસ્તુને ટાળી શકાતી નથી. જો તમે ઉનાળાની બળબળતી બપોરે ઘરની બહાર નીકળો તો તમને આકરો તાપ લાગવાનો જ છે. વળી, પ્રદૂષણવાળી જગ્યા હોય તો તેને લીધે અકળામણ પણ વધી જાય. આમાંથી અમુક અસર તમારા શરીર કે આરોગ્યને નુકસાન કરનારી પણ હોઈ શકે છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે તમારે ઘરની બહાર જ નીકળવું નહીં. વળી, ઘરની અંદર જ ભરાઈ રહેવું એ પણ વ્યવહારુ ઉકેલ નથી. તો પછી કરવું શું?

આવે વખતે સમજદાર માણસ પોતાનું બહાર નીકળવાનું આયોજન એવી રીતે કરશે કે એને ગરમી અને પ્રદૂષણ ઓછામાં ઓછાં નડે, દાખલા તરીકે, માણસ સવારના ભાગમાં બહારનું કામ પતાવી લે અથવા તો સાંજના સમયે બહાર જવાનું રાખે. જે કામ કરવાની ઉતાવળ ન હોય એ બીજી મોસમમાં કરી શકાય. ટૂંકમાં, કોઈ અનિવાર્ય સ્થિતિથી બચવા માટે આપણે વિવિધ રસ્તા અપનાવવા પડે છે.

આ જ રીતે આપણે ફુગાવાસર્જિત જોખમથી બચવા માટે આપણાં નાણાં ઈક્વિટી, સોનું, ડેટ એવી વિવિધ પ્રકારની ઍસેટ્સમાં રોકી શકીએ છીએ. ફુગાવાસર્જિત જોખમ અનિવાર્ય છે, પરંતુ તેનાથી બચવા માટે આ રીતે રોકાણ કરવું સારું રહે છે, કારણકે દરેક ઍસેટ પર ફુગાવાસર્જિત જોખમની અસર અલગ અલગ હોય છે.

બીજો વિકલ્પ નિયમિતપણે રોકાણ કરવાનો છે. આવા પ્રકારના રોકાણ માટે રિકરિંગ ડિપોઝિટ અને એસઆઇપી (સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન), વગેરે વિકલ્પ છે. રિકરિંગ ડિપોઝિટમાં તથા એસઆઇપીમાં નિશ્ચિત રકમ નિશ્ચિત સમયાંતરે રોકવામાં આવતી હોય છે. વર્ષ દરમિયાન ફુગાવાનો દર પણ વધતો-ઘટતો રહે છે. નિયમિત પ્રકારનું રોકાણ આપણને અલગ અલગ સમયે અલગ અલગ ઍસેટ્સમાં નાણાં રોકવાની તક પૂરી પાડે છે.

ફુગાવો સિસ્ટમેટિક જોખમ છે. આવા જોખમની અસરને ઓછી કરવા માટે સૌથી સારો ઉપાય વિવિધ સમયખંડમાં રોકાણનું ડાઇવર્સિફિકેશન કરવાનો છે. ■

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

# જાણી લેવા જેવી વરિષ્ઠ નાગરિકોની બચત યોજના



વરિષ્ઠ નાગરિક બચત યોજના (સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ - SCSS) ભારત સરકારે ૨૦૦૪માં શરૂ કરી હતી. નિવૃત્તિ પછી આવકનો નિયમિત સ્રોત વ્યાજના રૂપે મળે અને સાથે સાથે મુદ્દલની સુરક્ષા અને કરવેરાના લાભ મળે એવો એનો ઉદ્દેશ્ય છે.

ભારતમાં રહેતા વરિષ્ઠ નાગરિકો વ્યક્તિગત અથવા સંયુક્ત રીતે એકસામટી રકમનું રોકાણ કરીને આ યોજનાનો લાભ મેળવી શકે છે.

**કોણ SCSSનું ખાતું ખોલાવી શકે છે?**

કોઈપણ નિવાસી વ્યક્તિ, જે અહીં દર્શાવેલાં માપદંડોને સંતોષે છે એ આ ખાતું ખોલાવી શકે છે:

(૧) ખાતું ખોલાવવાની તારીખે જેમની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોય અથવા

(૨) જેમની ઉંમર ૫૫ વર્ષ કે તેથી વધુ, પરંતુ ૬૦ વર્ષથી ઓછી હોય અને જેમણે સેવાનિવૃત્તિ, વીઆરએસ (સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના) અથવા વિશેષ વીઆરએસ હેઠળ નિવૃત્તિ લીધી હોય એવી વ્યક્તિઓ અમુક શરતોને આધીન રહીને ખાતું ખોલાવી શકે છે.

(૩) સંરક્ષણ સેવાઓના નિવૃત્ત કર્મચારીઓ (નાગરિક સંરક્ષણ કર્મચારીઓ સિવાય), અન્ય નિર્દિષ્ટ શરતો સંતોષીને ૫૦ વર્ષની ઉંમરે ખાતું ખોલાવી શકે છે.

SCSS લગતા કેટલાક નિયમોને લીધે એચયુએફ (હિન્દુ અવિભક્ત કુટુંબ) અને એનઆરઆઈ (નોન રેસિડેન્ટ ઇન્ડિયન્સ)ને આ યોજનામાં રોકાણ કરવાની મંજૂરી નથી. જો કે, અહીં એ નોંધવું અગત્યનું છે કે એનઆરઆઈ વ્યક્તિએ વિદેશ જતાં પહેલાં ખાતું ખોલાવ્યું હોય તો એ ખાતું ચાલુ રાખી શકાય છે. આ એકાઉન્ટ મહત્તમ પાંચ વર્ષ માટે જ ચાલુ રાખી શકાય છે.

### ખાતું ક્યાં ખોલાવી શકાય?

SCSSનુ ખાતું કોઈપણ પોસ્ટ ઑફિસમાં અથવા યોજના ઑફર કરનારી કેટલીક નિયુક્ત રાષ્ટ્રીયકૃત બેન્કોની શાખાઓ અથવા કેટલીક ખાનગી બેન્કોમાં ખોલાવી શકાય છે.

### ખાતું કેવી રીતે ખોલાવવું?

SCSSનું ખાતું ખોલાવવા માટે બેન્ક અથવા પોસ્ટ ઑફિસ પસંદ કરી લેવાયા પછી જો સંબંધિત બેન્ક કે પોસ્ટ ઑફિસમાં બચત ખાતું ન હોય તો એ ખાતું ખોલાવવું પડે છે. ત્યારબાદ, SCSS ખાતું ખોલાવવા માટે અહીં દર્શાવેલા દસ્તાવેજોની જરૂર પડશે:

૧) ખાતું ખોલાવવાનું ફોર્મ, ફોર્મ-એ, જે યોગ્ય રીતે ભરીને સુપરત કરવાનું રહેશે. આ ફોર્મ ખાતું ખોલનાર બેન્ક અથવા પોસ્ટ ઑફિસ પાસેથી મળી રહે છે.

૨) પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફ્સ.

૩) પેન કાર્ડ અથવા પાસપોર્ટ જેવો ઓળખનો પુરાવો.

૪ ) સરનામાનો પુરાવો જેમ કે આધાર કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, મતદાર ઓળખપત્ર અથવા રેશન કાર્ડ.

૫) જમા કરવામાં આવનારી રકમનો ચેક.

પુરાવા તરીકે સબમિટ કરવામાં આવતા તમામ દસ્તાવેજોને સ્વ-પ્રમાણિત કરવાનું યાદ રાખો અને ખાતું ખોલાવતી વખતે ચકાસણીના હેતુ માટે દસ્તાવેજોની મૂળ પ્રત પણ સાથે રાખો.

### SCSS એકાઉન્ટની કેટલીક ખાસિયત

**ખાતાંની સંખ્યાઃ**

વ્યક્તિઓને એક કરતાં વધુ ખાતાં જાતે ચલાવવાની અથવા તેમના જીવનસાથી સાથે સંયુક્ત ખાતું ખોલવાની છૂટ છે.

જો કે, સંયુક્ત ખાતું ફક્ત જીવનસાથી સાથે જ ખોલી શકાય છે. અહીં જણાવવું રહ્યું કે વ્યક્તિ એક જ ચૂકવણી દ્વારા ખાતામાં રકમ જમા કરાવી શકે છે. આમ, એક ખાતાધારક યોજના હેઠળ એક કરતાં વધુ ખાતાંનું સંચાલન કરી શકે છે, પરંતુ બધાં ખાતાં મળીને જમા કરવામાં આવતી રકમ ૩૦ લાખ રૂપિયા કરતાં વધુ હોવી જોઈએ નહીં.

**યોજનાની પાકતી મુદતઃ**

યોજનાની પાકતી મુદત ૫ વર્ષ છે. ત્યાર પછી, ખાતાની મુદત પૂરી થવા પર કોઈપણ ચાર્જ વગર ખાતું બંધ કરાવી શકાય છે. જો વ્યક્તિઓ ઈચ્છે તો આ ખાતાની મુદત વધુ ૩ વર્ષ માટે લંબાવી શકાય છે.

**નામાંકનઃ**

SCSS ખાતા માટે અરજી કરતી વખતે નામાંકન કરાવી શકાય છે. તમારું એકાઉન્ટ અમુક સમયગાળા સુધી અસ્તિત્વમાં રહ્યા બાદ પણ નામાંકન (નોમિનેશન) કરાવી શકાય છે. આ નોમિનેશન સંબંધિત બેન્ક અથવા પોસ્ટ ઑફિસમાં ફોર્મ-સી ભરીને રદ કરી શકાય છે અથવા એમાં ફેરફાર કરાવી શકાય છે.

**રોકાણની લઘુતમ અને મહત્તમ રકમઃ**

આ ખાતામાં રોકાણ એક જ ડિપોઝિટ દ્વારા કરવાનું હોય છે અને તે પણ રૂ. ૧૦૦૦ના ગુણાંકમાં. ડિપોઝિટની લઘુતમ રકમ રૂ. ૧૦૦૦ અને મહત્તમ રકમ રૂ. ૩૦ લાખ છે. જ્યારે ચેક દ્વારા ડિપોઝીટ કરવામાં આવે છે ત્યારે ચેકના ક્લિયરિંગની તારીખને એકાઉન્ટ ખોલવાની તારીખ ગણવામાં આવે છે.

### SCSS એકાઉન્ટનું ટ્રાન્સફર

એક બેન્કમાંથી બીજી બેન્કમાં આ ખાતાની પોર્ટેબિલિટી ઉપલબ્ધ છે. વધુમાં, કોઈ વ્યક્તિ બેન્કમાંથી પોસ્ટ ઑફિસમાં અને પોસ્ટ ઑફિસમાંથી બેન્કમાં SCSS એકાઉન્ટ ટ્રાન્સફર કરી શકે છે. આવા એકાઉન્ટ ટ્રાન્સફર કરવાના હેતુ માટે, વ્યક્તિએ બેન્ક અથવા પોસ્ટ ઑફિસમાં ફોર્મ-જી સુપરત કરવાનું હોય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# આરોગ્યની દૃષ્ટિએ... આ ઋતુમાં કેવી ફેશન અપનાવશો?



હજી ફેબ્રુઆરી મહિનો માંડ પત્યો છે, પણ ગરમીનો પારો મે મહિના જેટલો ઊંચો ચઢ્યો છે. જાડા અને ગરમ કપડાને હટાવીને હળવા રંગના અને પતલા કાપડના કપડાં પહેરવાનો સમય આવી ગયો છે.

ગરમીમાં તમે કેવા કપડાં પહેરો છો તેની તમારા આરોગ્ય ઉપર પણ ખાસ્સી અસર થતી હોય છે. ખાસ કરીને, મુંબઈ જેવા શહેરમાં જ્યાં ભેજનું પ્રમાણ ખૂબ ઊંચું હોવાથી લોકો પરસેવે રેબઝેબ થઇ જતા હોય છે, તેથી જો યોગ્ય કપડાં પહેરવામાં ન આવે તો શરીર પર તેની વિપરીત અસર થઈ શકે અને એવી અસર થાય પણ છે.



હિટ વેવથી બચવા માટે તમારે કેટલીક સાવચેતી રાખવી જોઈએ. તમારા શરીરને માત્ર અંદરથી જ નહીં, બહારથી પણ ઠંડું રાખવું જોઈએ. માત્ર શરીરને હાઇડ્રેટેડ રાખવાથી તમારું કાર્ય પૂરું થઇ જતું નથી. તમારે યોગ્ય પ્રકારના કપડાઓનું ચયન પણ કરવું જોઈએ. ફેશનેબલ ભલે હોય, પણ ગરમીને અનુરૂપ નહીં હોય તો તમે બીમાર પણ પડી શકો છો.

### હળવા રંગનાં કપડાં પસંદ કરો

રંગોનું હવામાન સાથે સમીકરણ હોય છે. કેટલાક રંગો ગરમ હોય છે, તો કેટલાક ઠંડા. તમારા ઉપર ઘેરા રંગ કદાચ બહુ સૂટ કરતા હોય તો પણ, ગરમીની મોસમમાં ઘેરા રંગના કપડાં પહેરવાનું ટાળજો. એટલે કે કાળા, નેવી અને જાંબલી રંગના કપડાં ન પહેરો. તેનાથી તમને વધુ ગરમીનો અનુભવ થશે. ઘેરા રંગના કપડાં ગરમીને શોષતા નથી. એના કારણે શરીરમાં ગરમી ઉત્પન્ન થવા લાગે છે અને તમને શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે. તેથી, સફેદ, ગુલાબી, પીચ જેવા હળવા રંગના કપડાં પહેરો.

હળવા રંગના કપડાંમાં શ્વાસ લેવાનું સરળ બને છે. તેનાથી તમારા શરીરનું તાપમાન યોગ્ય રહેશે. કોશિશ કરો કે પેન્ટ્સ, ટ્રાઉઝર કે પાયજામા પણ ઘેરા રંગ ના ન હોય. સુતરાઉ કપડાંની પહેલી પસંદગી

સુતરાઉ વસ્ત્રો હંમેશાં શરીર માટે સારા ગણવામાં આવે છે. એટલા માટે મોટાભાગના લોકો આ ફેબ્રિકમાંથી બનેલા કપડાં પહેરવાનું પસંદ કરે છે. ઉનાળાની ઋતુમાં ગરમીથી બચવા માટે તમારે સુતરાઉ કપડાં પહેરવા જોઈએ. કોટનના કપડાં હવાદાર હોય છે. આ ઉપરાંત, તે સૂર્યપ્રકાશને પણ સરળતાથી શોષી લે છે, જેના કારણે તમને ઓછી ગરમીનો અનુભવ થાય છે. લીનનના કપડાં પણ ગરમીમાં તમને આરામદાયક અનુભવ આપી શકે છે.

### ઢીલાં કપડાં પહેરો

આ ઋતુમાં બને ત્યાં સુધી ચુસ્ત વસ્ત્રો પહેરવાનું ટાળો, કારણ કે તેનાથી રક્ત પરિભ્રમણ બગડે છે. જ્યારે આવું થાય છે, ત્યારે સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. તેથી, ઉનાળાની ઋતુમાં યોગ્ય વસ્ત્રો પસંદ કરો. આવા ડ્રેસ તમારા શરીર પર ચોંટી જશે નહીં, જેના કારણે તમને ગરમી નહીં લાગે. ઉનાળામાં જીન્સ પહેરવાનું ટાળો. આના કારણે તમને ફોલ્લીઓ પણ થઈ શકે છે. તમે રેયોન સ્કર્ટ સાથે લૂઝ ટોપ પહેરી શકો છો. માર્કેટમાં તમને વિવિધ પ્રકારના પેન્ટ મળશે. બેગી અને ફ્લેરેડ પેન્ટ ઉનાળા માટે એકદમ બેસ્ટ છે. સ્લીવલેસ પહેરવાનું ટાળો.



ઉનાળામાં, યુવતીઓ સ્ટાઇલ અને આરામ માટે કટ સ્લીવ અથવા સ્લીવલેસ આઉટફિટ પહેરે છે તો યુવકો પણ સ્લીવલેસ ટી-શર્ટ પહેરવાનું પસંદ કરે છે. આ પ્રકારનાં ડ્રેસ તમને આરામદાયક ભલે લાગે, પરંતુ જો વધુ પડતી ગરમી, સૂર્યપ્રકાશ અને યુવી કિરણો સીધા ત્વચા પર પડે છે તો તે ઝડપથી કાળી થવા લાગે છે. તેથી, ફક્ત સંપૂર્ણ બાંયના કપડાં જ પહેરવાં જોઈએ. જો કે, તમે ઢીલા કપડાંનો વિકલ્પ પસંદ કરી શકો છો. ઉપરાંત જો તમારે ઓફિસની બહાર કામ કરવાનું હોય તો આખી બાંયના કપડાં યોગ્ય રહેશે, પણ જો તમે ઓફિસની અંદર રહીને જ કામ કરતા હો, તો અડધી બાંયના કપડાં પસંદ કરી શકો.

### સ્કાર્ફ

તમે જોયું હશે કે ગામડામાં પુરુષો ગમછો રાખે છે અને મહિલાઓ કોઈપણ ઉંમરની હોય, સાડી પહેરી હોય તો માથે છેડો રાખે અથવા દુપટ્ટો તો હોય જ. આજે એ ફેશન શહેરમાં અપનાવવા જેવી છે, સ્કાર્ફના રૂપમાં. તમને માર્કેટમાં અલગ-અલગ ડિઝાઈન અને કલરના સ્કાર્ફ મળશે. તે તમને સુંદર દેખાવામાં મદદ કરે છે પરંતુ ટેનિંગથી પણ બચાવે છે. સ્કાર્ફ તમારા ચહેરાને સૂર્યપ્રકાશથી બચાવવામાં મદદ કરે છે. તમે સ્કાર્ફને કોઈપણ રીતે સ્ટાઇલ કરીને પહેરી શકો છો.

હેટ અથવા કેપ પણ પહેરવાનું રાખો સ્ટ્રો હેટ્સ ઉનાળા માટે જરૂરી છે. તે તમને બજારમાં ઘણી સુંદર ડિઝાઇનમાં મળશે. તે તમારા ચહેરાને યુવી કિરણોથી બચાવવામાં મદદ કરે છે. તમારે ઉનાળામાં હંમેશાં ટોપી પહેરવી જોઈએ, કારણ કે તે તમને ટેનિંગથી બચાવશે. તમને આવી હેટ ન ગમતી હોય તો અન્ય કાપડમાંથી બનેલી કેપ પણ પસંદ કરી શકો. તેનાથી માથામાં સીધો સૂર્યપ્રકાશ નહીં પડે ને ગરમી પણ ઓછી લાગશે.

આ બધા વચ્ચે અન્ય કેટલીક વાતોનું ધ્યાન રાખવું પણ જરૂરી છે, જેમકે હંમેશાં સનસ્ક્રીન લગાવીને બહાર જાવ. તે ત્વચાને થતા નુકસાનને અટકાવે છે. સનગ્લાસ અને છત્રીનો ઉપયોગ કરવાનું ન ચૂકો. આ તમને હિટ વેવથી બચાવશે. હિટ વેવ દરમિયાન શરીરને હાઇડ્રેટેડ રાખવું ખૂબ જ જરૂરી છે. તેથી, તમારી બેગમાં પાણીની બોટલ રાખો. તમારા આહારમાં માત્ર ઠંડા ફળો અને શાકભાજીનો જ ઉપયોગ કરો. ગરમીથી બચવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે.

-અને હા, તમે ઇચ્છો તો, તમે ઉનાળામાં શરીરને અંદરથી ઠંડું રાખવા માટે સત્તુનું સેવન કરી શકો છો કારણ કે તે ઠંડકની અસર સાથેનો ખાદ્યપદાર્થ છે અને આજે પણ તેને ગરમીનો શ્રેષ્ઠ ઈલાજ માનવામાં આવે છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# બુકનુ

## ઉત્તર પ્રદેશનો લોકપ્રિય મસાલો પાચનતંત્રની સમસ્યાને માટે શ્રેષ્ઠ

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ભરાયેલાં આસ્થાના મહા કુંભમેળામાં જવાનું સદ્‌ભાગ્ય આપ સર્વેને પ્રાપ્ત થયું હશે. ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવીને પાવન થવાનો મોકો મળ્યો હશે. તેમણે અનુભવ્યું હશે કે દેશ-વિદેશનું માનવ મહેરામણ ઉત્તર પ્રદેશના એક નાનકડાં શહેર પ્રયાગરાજમાં ઉમટ્યું હતું. ટ્રેન હોય કે પછી રોડ મુસાફરી હોય કે પછી હવાઈ સફર હોય કે પછી જળમાર્ગ હોય, પ્રયાગરાજ જવાનો ઉમળકો ઠેર-ઠેર જોવા મળતો હતો. આમ તો મહાકુંભ મેળામાં સંતો દ્વારા ભંડારા ચાલતા જોવા મળતા હતાં. સ્વાદરસિયા વર્ગ ઉત્તર પ્રદેશની સ્થાનિક વાનગીનો સ્વાદ અચૂક માણતો જોવા મળતો હતો. ઘાટના પાણી તથા માટીને ધાર્મિક કાર્ય માટે શ્રદ્ધાળુ સાથે લઈ જાય છે. સાથે-સાથે બુકનુ નામે લોકપ્રિય બનેલા મસાલાને અચૂક ખરીદતો હતો.

ભારતના પ્રત્યેક રાજ્યની આગવી ઓળખ તેના ખાસ મસાલાને લીધે થતી આવે છે. જેમ કે દક્ષિણ ભારતનો 'પોડી' મસાલો. મહારાષ્ટ્રીયન લોકપ્રિય 'ઠેચા', ગુજરાતમાં ઘેર-ઘેર ઉપયોગમાં લેવાતો અથાણાનો સૂકો મસાલો, રાજસ્થાનની સૂકી લસણની ચટણી વિગેરે. ઉત્તર પ્રદેશમાં લોકપ્રિય છે બુકનુ મસાલો.

વાસ્તવમાં સૌ પ્રથમ આ મસાલાની શોધ કાનપુરમાં થઈ હતી તેવું માનવામાં આવે છે. મસાલાના સ્વાદ-સુગંધને કારણે તેની લોકપ્રિયતા દેશ-વિદેશમાં જોવા મળે છે. આ મસાલાની અંદર ઔષધીય ગુણો સમાયેલાં છે. તેથી લગભગ ઉત્તર પ્રદેશના પ્રત્યેક ઘરમાં આ મસાલો આપને અચૂક મળી રહેશે. ચોખ્ખું ઘી કે સરસિયાના તેલમાં મસાલો તૈયાર થયા બાદ સાંતળવામાં આવે છે. તેમાં ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રી ઘર-ઘર તેમજ હથરોટી દીઠ બદલાતી હોય છે.

ઉત્તર ભારતમાં 'બુકનુ' નામે પ્રચલિત આ ખાસ મસાલા માટે એવું કહેવાય છે કે સંપૂર્ણ ઉત્તર પ્રદેશમાં સ્વાદનો જાદુ ચલાવનાર બુકનુ નામક સ્વાદિષ્ટ મસાલો છે. મસાલો બનાવવાની શરૂઆત કાનપુરથી થઈ હતી. પ્રત્યેક દર્દની દવા આ મસાલામાં સમાયેલી જોવા મળે છે.

દાળ-શાકમાં ભેળવો કે દહીં-ભાત સાથે સ્વાદ માણી શકાય છે. રોટલી -પરાઠા કે પૂરી ઉપર ભભરાવીને ખાવામાં આવે છે. પેટનો ઉત્તમ દોસ્ત ગણાય છે. ગુજરાતીમાં કહેવત છે ને કે 'જેનું પેટ સાફ તેનાથી ભાગે રોગ'. શરીરની અનેક તકલીફનું મૂળ પેટ ગણાય છે. થોડાં વર્ષો પહેલાંની વાત કરીએ તો ત્યારે આજે મળી રહે છે તેવી નિષ્ણાત ડૉક્ટરની સલાહ તથા દવાઓનો ઉપયોગ ઘણો ઓછો હતો. દાદી-નાની દ્વારા નાની-મોટી તકલીફમાં ઘરઘરાઉ ઉપચારની પ્રથા હતી. એક ચમચી ચૂરણ ખવડાવીને પેટની સમસ્યાથી રાહત મળતી. શિશુ રડે ત્યારે પેટ ઉપર હિંગને પાણીમાં પલાળીને ચોપડવામાં આવતી. બસ આવા જ એક અસરદાર આયુર્વેદિક ચૂરણ કે મસાલાનો ઉપયોગ ઉત્તર ભારતમાં ઘરે-ઘરે લાંબા સમયથી કરવામાં આવતો. જે પાચનક્રિયાને મજબૂત બનાવવાની સાથે સ્વાદને વધારતી હતી.



**બુકનુ મસાલો બનાવવાની સામગ્રી :** ૨-૩ નંગ હરડે, ૨-૩ નંગ બહેડાં, ૨ ચમચી સૂકા આમળાં, ૧૦ નંગ વાવડિંગ, ૧ મોટી ચમચી જીરૂ, ૧ મોટી ચમચી શાહજીરું, ૧ મોટી ચમચી અજમો, ૧ મોટી ચમચી વરિયાળી, ૧ મોટી ચમચી મરી, ૧ મોટી ચમચી લવિંગ. ૧ મોટી ચમચી સૂંઠ પાઉડર, ૨ નંગ હળદર, ૪ નંગ મરોડ ફલી, સ્વાદાનુસાર સામાન્ય મીઠું, સ્વાદાનુસાર સંચળ, સ્વાદાનુસાર કાળું મીઠું.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ કડક મસાલાને ઘીમાં સાંતળી લેવા. ત્યારબાદ ચારણીથી મસાલો ચાળી લેવો. મોટા ટૂકડાં કે અધકચરું વટાયું હોય તેને ફરીથી વાટી લેવું. હવાબંધ ડબ્બામાં મસાલો ભરી લેવો. આવશ્યક્તા મુજબ સ્વાદિષ્ટ ચટપટા મસાલાનો ઉપયોગ કરવો. કોઈ મસાલો ન મળે તેમછતાં અન્ય સામગ્રીને વ્યવસ્થિત શેક્યા બાદ મસાલો તૈયાર કરવો.

બુકનુ મસાલાના ભાવની વાત કરીએ તો સો ગ્રામનો ભાવ ૮૦-૧૦૦ રૂપિયે તો અનેક સ્થળે તેનો પરંપરાગત શુદ્ધતાની સાથે બનાવવાથી ભાવ પ્રતિ કિલોના ૨૦૦૦ રૂપિયા જોવા મળે છે. આ મસાલો ભારતના વિવિધ પ્રદેશો જેવા કે દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્રની સાથે વિદેશી દેશો જેવા કે અમેરીકા, જર્મની, ફ્રાંસ, મોરેશિયસ જેવા દેશોમાં લોકપ્રિય બન્યો છે. બુકનુ મસાલાની ૨૫ બ્રાન્ડ તો ફક્ત કાનપુરમાં જોવા મળે છે. ઉત્તર પ્રદેશમાં કુલ ૧૦ હજારથી વધુ નાના-નાના કુટિર ઉદ્યોગ મસાલો બનાવવાનું કામ કરે છે. સ્થાનિક ઉદ્યમી મહિલાઓનું કહેવું છે કે ઘરમાં સ્વસ્છતા તેમજ યોગ્ય માત્રામાં મસાલાની સામગ્રી ભેળવવાથી તેનો સ્વાદ વધુ ચટાકેદાર બને છે.

બુકનુ મસાલામાં ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રીની વાત કરીએ તો લગભગ આમચુર પાઉડર, સાદું મીઠું, સંચળ, હળદર, જીરું, સ્વાદાનુસાર હિંગ, શાહજીરું, મોટી એલચી, નાની લીલી એલચી, અજમો, મેથી દાણા, મરી, વરિયાળી, વાવડિંગ, સૂંઠ, મરોડ ફલ્લી, પીપરીમૂળ, હરડે, સ્વાદાનુસાર બહેડા, સ્વાદાનુસાર સૂકા આમળાં વગેરે સામગ્રીને ઘી કે સરસિયાના તેલમાં સાંતળી લેવામાં આવે છે. થોડો સમય સૂકવ્યા બાદ તેને પથ્થરના ખલ-બત્તા કે પિત્તળની કે લોખંડની ખાંડણીમાં ખાંડી લેવામાં આવે છે.

ઉત્તર પ્રદેશવાસી એવું દઢપણે માને છે કે બુકન મસાલો પાચનક્રિયાને માટે રામબાણ ઈલાજ ગણાય છે. હવામાનમાં થતાં બદલાવની અસર સ્વાસ્થ્ય ઉપર ઉપરોક્ત મસાલાનો ઉપયોગ કરવાથી ઓછી થાય છે. સવારનો નાસ્તો હોય કે બપોરનું ભોજન હોય કે રાત્રિનું વાળુ હોય બુકનુ મસાલાનો ઉપયોગ ઘરે-ઘરે છૂટથી કરવામાં આવે છે. ઘરઘરાઉ તૈયાર કરવામાં આવતાં બુકનુ મસાલો પ્રાચીન ધરોહર ગણાય છે.

**સ્વાસ્થ્ય લાભ :** પેટની ગરબડ હોય કે ગળાની ખરાબી હોય મેથી દાણા, અજમો તેમજ બંને પ્રકારના જીરું જેમ કે સાદુ જીરું તથા શાહજીરુંનો ઉપયોગ પાચનક્રિયા, શ્વાસની તકલીફ તેમ જ ગળાની ખારાશને દૂર કરવામાં મદદરૂપ ગણાય છે.

ડાયાબિટીસની તકલીફમાં હરડે અત્યંત ગુણકારી ગણાય છે. હરડેમાં રહેલી હાઈપોગ્લાઈસેમિક પ્રોપર્ટી શરીરમાં શર્કરાની માત્રાને ઘટાડવામાં મદદ કરે છે. હરડેનું નિયમિત સેવન કરવાથી લોહીમાં શર્કરાની માત્રા ઘટવા લાગે છે.

**ત્વચાને ચમકદાર બનાવવા માટે ગુણકારી:** હરડેમાં ઍન્ટિ-ઓક્સિડન્ટની સાથે વિટામિન સી, મેગ્નેશ્યિમ, પોટેશ્યિમ, આયર્ન જેવાં પોષક તત્ત્વો ભરપૂર પ્રમાણમાં સમાયેલાં હોય છે. જે ત્વચાને ચમકદાર બનાવવા માટે લાભકારી ગણાય છે. હરડેમાં હાજર ઍન્ટિ-ઓક્સિડન્ટ તેમજ ઍન્ટિ-બૅક્ટેરિયલ ગુણો ત્વચાને એલર્જી તથા ચેપથી બચાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે લાભદાયી:** બુકનુ મસાલામાં ઉપયોગમાં લેવામાં આવતાં શાહજીરું કે કાળાજીરું રોગપ્રતિકારક શકિત વધારવા માટે અત્યંત ઉપયોગી ગણાય છે. મીઠા જીરા તરીકે લોકપ્રિય જીરુંમાં વિવિધ પ્રકારના ખનીજ, વિટામિન્સ, મિનરલ્સ, ફોસ્ફરસ કેલ્શ્યિમ, ફાઈબરની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. આયુર્વેદ મુજબ શાહજીરાને ફૂદીનાના પાન સાથે ખાવાથી યાદશક્તિ તેજ બને છે. વધતી વય સાથે યાદશકિત નબળી પડવાની તકલીફમાં રાહત મળે છે.

**હાથ-પગની બળતરાને દૂર કરવામાં ગુણકારી :** ગામની સીમમાં જોવા મળતાં બહેડાંના વૃક્ષો તેમ જ તેના ફળનો ઉપયોગ આયુર્વેદ અનુસાર સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. હાથ પગમાં બળતરા કે સોજાની તકલીફમાં તે બહેડાંના ફળનો ઉપયોગ અત્યંત ગુણકારી ગણાય છે. આદિવાસી સમુદાય અત્યંત ગુણકારી બહેડાંના વૃક્ષનું રવિવાર તથા મંગળવારે પૂજન કરીને તન-મન-ધનની તંદુરસ્તીની પ્રાર્થના કરે છે. કફ, વાત-પિત્તની તકલીફમાં તેનું ચૂર્ણ રામબાણ ગણાય છે. ■

feedback@bombaysamachar.com
વિશેષ
રેખા દેશરાજ

# સાંધાના દુખાવા ને ખરજવામાં રાહત આપે છે ગૂગળ

ગૂગળ, એક ઘટાદાર વૃક્ષ છે, તેમાંથી જે રેઝિન અથવા ગુંદર જેવો પદાર્થ નીકળે છે તેને ગૂગળ કહેવાય છે. સદીઓથી આયુર્વેદમાં તેનો ઔષધ તરીકે ઉપયોગ થતો આવ્યો છે. ગૂગળના આ ગુંદરમાંથી ઘણી આયુર્વેદિક દવાઓ બનાવવામાં આવે છે. તેમાંથી જ કૈશોર ગૂગળ, ચાંદપ્રભા વટી અને મહાયોગરાજ ગૂગળ જેવી રચનાઓ બને છે. ભારતમાં ગૂગળ વૃક્ષની બે પ્રજાતિઓ જોવા મળે છે. એકનું નામ કોમિફોરા મુકુલ અને બીજુ કોમિફોરા રાક્સબર્ધાયી. ભારતની બહાર આફ્રિકામાં એક પ્રજાતિ જોવા મળે છે, જેને કોમીફોરા આફ્રિકાના કહેવામાં આવે છે. તે બુર્સરેસી કુટુંબનું એક વૃક્ષ છે, જેની જીનસ કોમિફોરા છે. ઘણી જગ્યાએ, ગૂગળ ઝાડમાંથી મળતો ગુંદર અથવા રેઝિન પીળાશ પડતા અથવા ઘેરા લાલ રંગનો હોય છે, ઘણી જગ્યાએ ગુંદરનો રંગ ઘેરો બદામી હોય છે. તેમાં હળવી મીઠી સુગંધ હોય છે. જો તમે તેને આગમાં મૂકો છો, તો તે એક સુગંધ આપે છે. તેથી તેનો ઉપયોગ મંદિરો અને પૂજા સ્થાનોમાં પ્રગટાવવામાં આવતી અગરબત્તીઓમાં થાય છે. આ રેઝિન અથવા ગમ કડવો, તીખો અને ગરમ હોય છે. તે કફ, વાત, ક્રમી, વસ્ત્ર, ષોડશ અને અર્શનાશક છે. આયુર્વેદમાં આ ગુંદર અથવા રેઝિનના પાંચ પ્રકાર જણાવવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે - મહિષાક્ષ, મહાનિલ, કુમુદ, પદ્મ અને હિરણ્ય. તેમાંથી મહિષાક્ષ અને મહાનિલ હાથીઓ માટે ઉપયોગી છે અને કુમુદ અને પદ્મ ઘોડાઓ માટે ઉપયોગી છે. જ્યારે પાંચમું હિરણ્ય ગૂગળ મનુષ્ય માટે ઉપયોગી છે. ગૂગળમાંથી ઘણા બધા ફોર્મ્યુલા તો બને જ છે, સાથે તે ત્રિફળા, ગોક્ષરાદિ ગૂગળ, સિંહનાદ અને ચંદ્રપ્રભા ગૂગળ વગેરે જેવા ફોર્મ્યુલેશનમાં પણ ઉપયોગી પદાર્થ છે.

ગૂગળનું વૃક્ષ ઘટાદાર હોય છે, જેના પાંદડા નાના હોય છે. તે માત્ર વરસાદની મોસમમાં જ ઊગે છે, તે જ સમયે તેના પર પાંદડા દેખાય છે, બાકીના મહિનાઓ એટલે કે શિયાળા અને ઉનાળામાં, તેની વૃદ્ધિ અટકી જાય છે અને તે પાંદડા વિનાનું બની જાય છે.



સામાન્ય રીતે ગૂગળનું ઝાડ ૩ થી ૪ મીટર ઊંચું હોય છે. તેના થડમાંથી જે સફેદ રંગનું દૂધ નીકળે છે તે જ ગૂગળ કે ગમ. ગૂગળનાં વૃક્ષો એક સમયે ભારતના ઘણા ભાગોમાં પુષ્કળ પ્રમાણમાં જોવા મળતા હતા. અગાઉ કર્ણાટક, રાજસ્થાન, ગુજરાત અને મધ્ય પ્રદેશનાં જંગલોમાં તે પોતાની મેળે ઊગતું હતું. જોકે હવે, જડીબુટ્ટીઓ બનાવવા માટે તેની ખૂબ માગ હોવાથી, ઘણી જગ્યાએ તે વ્યવસાયિક રીતે ઉગાડવામાં આવે છે. ભારતમાં ગૂગળની માગ વધુ અને ઉત્પાદન ઓછું હોવાથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાંથી તેની આયાત કરવામાં આવે છે. તાજેતરનાં વર્ષોમાં, ભારતના ઘણા ભાગોમાં, ખાસ કરીને મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ગૂગળની ખેતી ખૂબ જ નફાકારક રોકડ પાક તરીકે ઊભરી આવી છે.

જો યોગ્ય રીતે કરવામાં આવે તો એક એકરમાં ગૂગળની ખેતી કરવાથી વાર્ષિક પાંચ લાખ રૂપિયા સુધીનો નફો મળે છે. પહેલા માત્ર તેના ગુંદરનો ઉપયોગ થતો હતો, પરંતુ હવે જ્યારે ઉપયોગની તકનીક અને સંશોધન સુવિધાઓ આગળ વધી છે, ત્યારે આ વૃક્ષના દરેક ભાગનો ઔષધીય ઉપયોગ થવા લાગ્યો છે. ત્રણથી ચાર મીટર ઊંચા ગૂગળના ઝાડમાંથી જે ગુંદર નીકળે છે તેની બજારમાં સારી કિંમત મળે છે. ગૂગળનું વૃક્ષ ઉગાડવા માટે ઉષ્ણકટિબંધીય અને શુષ્ક આબોહવા જરૂરી છે. તેને બગીચાઓમાં વાડ તરીકે અથવા ખેતરોમાં ફેન્સિંગ તરીકે પણ વાવવામાં આવે છે. રેતાળ અને ડુંગરાળ જમીન જેમાં પાણીનો સારો નિકાલ હોય તે આની ખેતી માટે સૌથી યોગ્ય છે. તે શુષ્ક સ્થળોએ પણ સારી રીતે ઊગે છે. તેથી તે બિન-પિયત વિસ્તારોમાં પણ સરળતાથી ઉગાડવામાં આવે છે. તેથી તે પડતર જમીનના વિકાસમાં મદદરૂપ થાય છે.

ગૂગળનો છોડ સામાન્ય રીતે કલમ દ્વારા ઊગાડવામાં આવે છે. ૪ થી ૫ ટકા ગૂગળના વૃક્ષો વાવણી દ્વારા ઉગાડવામાં આવે છે. જૂન અને જુલાઈ મહિનામાં ૧૦ મિમી જાડી ડાળી કાપીને તેને નર્સરીમાં પોલી બેગમાં બાંધીને એક વર્ષ માટે છોડી દેવામાં આવે છે. એક વર્ષ પછી, તેને ખેતરમાં અથવા બગીચામાં અથવા સીમામાં વાવેતર કરવામાં આવે છે. ગૂગળના છોડને એક મીટરના અંતરે અને બે મીટરના અંતરે પંક્તિથી રોપવામાં આવે છે. એક એકરમાં ૨૦૦૦ ગૂગળનાં વૃક્ષો વાવવામાં આવે છે. રોપવાના સમયે, દરેક ગૂગળના છોડને સરેરાશ ૧૦ કિલો સડેલા છાણના ખાતરની જરૂર પડે છે, જેના કારણે તે ખૂબ સારી રીતે વધે છે. આ ખાતરમાં લીમડાની કેક ઉમેરવાથી તે ઉધઈથી સુરક્ષિત રહે છે. સામાન્ય રીતે પ્રથમ વર્ષમાં દર મહિને, બીજા વર્ષે દર બે-ત્રણ મહિને અને બે વર્ષ પછી સામાન્ય રીતે તેને પાણી આપવાની જરૂર હોતી નથી, છતાં પાંચ વર્ષ પછી, દર થોડા મહિને તેને પાણી આપી શકાય છે.


ગૂગળના છોડની આસપાસ ઊગતું ઘાસ દૂર કરતા રહેવું જોઈએ. ગૂગળના છોડમાંથી પહેલી ઉપજ લગભગ ૮ વર્ષ પછી મળે છે, પરંતુ તેને કેટલીક નવી રીતે ઉછેરવાથી વહેલું પરિણામ મળવા લાગે છે. પ્રથમ વર્ષમાં ગૂગળના ઝાડમાંથી લગભગ એક કિલોગ્રામ ગૂગળ મળે છે. પાછળથી, જેમ જેમ વૃક્ષને કાપવાનું ચાલુ રહે છે અને તેની ઉંમર વધતી જાય છે, તેમ ગુંદર અથવા રેઝિનનું પ્રમાણ વધતું જાય છે. બજારમાં સો ટકા શુદ્ધ ગૂગળ ૪૦૦ થી ૫૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે. બજારમાં ઉપલબ્ધતાને આધારે તેની કિંમતમાં વધઘટ થતી રહે છે. કેટલીકવાર તે ૧૦૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી વેચાય છે. શરૂઆતમાં એક એકરમાંથી સરેરાશ ૨ લાખ રૂપિયા વાર્ષિક નફો થાય છે, જે બાદમાં સારા પાકના નેટવર્કને કારણે વાર્ષિક રૂ. પાંચ થી છ લાખ સુધી વધે છે. ગૂગળના અગણિત સ્વાસ્થ્ય લાભો છે. હૃદય રોગના કિસ્સામાં તે ખૂબ જ ફાયદાકારક છે. કારણ કે ગૂગળનું ગમ કોલેસ્ટ્રોલ ઘટાડે છે. તે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે. તેનો ઉપયોગથી સ્થૂળતાને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે. તે સંધિવા અને શરીરના અન્ય દુખાવા માટે પણ રાહત આપે છે, કારણ કે તેના ઉપયોગથી શરીરમાં સોજો ઓછો થાય છે, ખાસ કરીને સાંધાનો સોજો અને દુખાવો. ખરજવું, ફોડલી અને અન્ય વિકૃતિઓ જેવા ચામડીના રોગોમાં તે ખૂબ જ અસરકારક છે. ગૂગળ થાઇરોઇડ અને પ્રજનન સ્વાસ્થ્યને સંતુલિત કરવામાં પણ ખૂબ ઉપયોગી છે. આજકાલ, ગૂગળ મોટાભાગે રાજસ્થાન (થાર રણ), ઉત્તર પ્રદેશ (બુંદેલખંડ), ગુજરાત, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ઉગાડવામાં આવે છે. મૂળભૂત રીતે, આયુર્વેદમાં, તે હૃદય રોગ, સાંધાનો દુખાવો, સ્થૂળતા અને અન્ય ઘણી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી રાહત આપે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# જ્યારે કોઈ દાઝી જાય ત્યારે

## આવી પરિસ્થિતિમાં તાત્કાલિક સારવાર માટે શું કરવું?

| દાઝ્યાના ચાર સ્ટેજ | |
|---|---|
| સ્ટેજ... | ચામડી પર થતી અસર |
| પહેલુંઃ | બહારની ચામડીને ઈજા પહોંચે છે. |
| બીજું : | અંદરની ચામડી સુધી ઈજા પહોંચે છે. |
| ત્રીજું : | ચામડી અને ચરબી સુધી ઈજા પહોંચે છે, કોઈકવાર સ્નાયુને પણ ઈજા પહોંચી શકે છે. |
| ચોથું : | ચામડી, ચરબી, સ્નાયુ અને હાડકાં સુધી ઈજા પહોંચે છે. |




### દાઝીએ ત્યારે શું કરવું - શું ન કરવું?

**શું કરવું?**

- ખોટી શરમ કે ગભરાહટ રાખ્યા વિના જો કોઈ નજીકમાં ન હોય તો મદદ માટે જોરજોરથી બૂમો પાડવી.
- તરત જ ઠંડા પાણીનો નળ ખોલીને તેની નીચે દાઝેલો ભાગ રાખવો.
- જો નળ ન હોય તો દાઝેલા ભાગ પર પાણીની ધાર કરવી અથવા પાણીમાં ૧૦-૧૫ મિનિટ ડૂબાડી રાખવો.
- અગ્નિ જો માત્ર કપડાં ઉપર જ લાગ્યો હોય તો તરત જ તે કપડાને કાઢી નાખવા.
- વીંટી, ઘરેણાં, ઘડિયાળ વગેરે બહાર પહેરેલી વસ્તુઓ તરત જ કાઢી નાખવી. નહિતર સોજો વધી જશે.
- જો શરીરના વધારે ભાગ ઉપર આગ લાગેલી હોય તો નજીકમાં ધૂળ કે કાદવ હોય ત્યાં તરત જ આળોટવા લાગવું.

**શું ન કરવું ?**

- જે લોકો આપણને બચાવવા માગતા હોય તેમને આપણાથી દૂર ન કરવા.
- દાઝેલા ભાગ ઉપર બને ત્યાં સુધી બરફ ન ઘસવો કે તેના પર ખૂબ જ ઠંડું પાણી પણ ન નાખવું. કેમ જે, તેનાથી રૂઝ આવતા વાર લાગે છે અને ચામડીને વધારે નુકસાન થાય છે.
- દાઝેલું કપડું જો ચામડી સાથે ચોંટી ગયું હોય તો તેને કાઢવાનો પ્રયત્ન ન કરવો. ચિકિત્સક પાસે સારવાર લેવી.
- ફોડલાઓ ફોડવા નહિ. નહિતર ચેપ લાગી શકે છે અને જો ફોડલાઓ ફૂટી ગયા હોય તો તેને ખુલ્લા ન રાખવા.
- અન્ય કપડાઓ દ્વારા આગ ઓલવવાનો પ્રયત્ન ન કરવો.

### દાઝી ગયા પછી શું કરવું - શું ન કરવું?

**શું કરવું?**

- દાઝેલા ભાગ ઉપર કુંવારપાઠાનું લાબરું લગાવવું. તેનાથી દુઃખાવો ઓછો થાય છે અને ચામડીને જલદી રૂઝ લાવવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.
- દાઝેલા ભાગને હૃદયથી ઊંચો રાખવો, જેથી શરીરમાં બ્લડપ્રેશર જળવાઈ રહે છે.
- પાણી અને પ્રવાહી પદાર્થો ખૂબ જ લેવા. તેમાં પણ નારિયેળનું પાણી વધારે પીવું.

**શું ન કરવું?**

- દાઝેલા ભાગ ઉપર ઘી કે અન્ય કોઈ લોશનો ન લગાવવા. તેનાથી કોઈ ફાયદો થતો નથી.
- દાઝેલા હાથ કે પગને હૃદયથી નીચે ન રાખવા.
- ખાંડ, તળેલા અને મીઠાવાળા પદાર્થો રૂઝ લાવવામાં ખૂબ જ વાર લગાડે છે. માટે જ્યાં સુધી રૂઝ ન આવે ત્યાં સુધી આવા પદાર્થો ન લેવા.

### દાઝ્યા હોય તેના ઉપચાર

૧) સૂકા કોપરાને પાણીમાં ઘસીને તેનો લેપ દાઝેલા ભાગ ઉપર ચોપડવાથી દાહ અને બળતરા મટે છે.
૨) ત્રિફળાચૂર્ણ (હરડે + બહેડાં + આંબળા)ને થોડા પાણીમાં લસોટીને તેનો ઘસારો-લેપ દાઝેલી ચામડી ઉપર સવાર-સાંજ ચોપડવાથી દાઝવાથી થયેલ સફેદ ચામડી અસલ જેવી થઈ શકે છે.
૩) કુંવારપાઠાનો ઘાટો રસ દાઝ્યા ઉપર વારંવાર લગાડવો.
૪) ખૂબ પાકાં કેળાને બરાબર મસળી ત્યારબાદ દાઝેલા ઘા પર લગાવીને પાટો બાંધી દેવો.
૫) તુલસીરસ અને કોપરેલ ઉકાળીને દાઝેલા પર ચોપડવાથી તેની બળતરા મટે છે, ફોલ્લા અને જખમ ઝડપથી રૂઝાઈ જાય છે.
૬) દાઝેલા ઘા પર તરત જ કોપરેલ અથવા બટેકા કાપી ઘસવાથી ફોલ્લા થતા નથી અને ચામડીમાં ડાઘા પડતા નથી. દિવસમાં ત્રણ-ચાર વાર આમ કરવું.
૭) દાઝેલા ઘા પર મધ લગાવવાથી રૂઝ જલદી આવે છે અને ઘાના ડાઘા ઓછા થાય છે.
૮) દાઝેલા ઘા પર માપસર કકડાવેલું તેલ ઠારીને ચોપડવાથી ખૂબ ફાયદો થાય છે.
૯) દાઝેલા ઘા ઉપર તાંદળજાનો રસ ચોપડવો.
૧૦) ચણાના લોટનું પાતળું પ્રવાહી દાઝ્યા ઉપર સારું કામ કરે છે. ■



feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# યોગસાધન ધીમી ગતિએ કામ કરે છે, પરંતુ સુધારો કાયમી ધોરણે થાય છે



(ગતાંકથી ચાલુ)

**(૯) લોહીનું ઊંચું દબાણઃ**

મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ પ્રમાણે આ રોગના દર્દીમાં ક્રોધ વધારે હોય છે. તેઓ ક્રોધને અપ્રગટ જ રહેવા દે છે. આ દર્મિત ક્રોધની અસર રક્તપ્રવાહ પર થાય છે. આ દમિત ક્રોધને કારણે મગજના જ્ઞાનતંતુઓ ઉશ્કેરાયેલા રહે છે. આ ઉશ્કેરાટને પરિણામે મૂત્રપિંડને લોહી પહોંચાડનારી રક્તનલિકાઓમાં રેનિન નામના ઉત્સેચકો પેદા થાય છે. તેમનું લોહીમાં પરિભ્રમણ થવાથી લોહીની નળીઓ સાંકડી થઇ જાય છે. પરિણામે લોહીનું દબાણ વધે છે.

વ્હીસ અને ઇંગ્લિશના મત પ્રમાણે આવી વ્યક્તિઓ પરાધીનવૃત્તિવાળી હોય છે. તેમનાં ચિત્તમાં ઊંડા તિરસ્કારની લાગણી ભારેલા અગ્નિની જેમ સળગતી હોય છે. આમ વૃત્તિનું દમન અને ચિત્તની લાગણીઓને દાબી દેવાના સ્વભાવથી આવા લોકો લોહીના ઊંચા દબાણના રોગી બને છે.

**(૧૦) ત્વચાદાહઃ** ચામડીમાં સતત દાહ, ખજવાળ આદિ લક્ષણો આ રોગમાં જોવા મળે છે. જે વ્યક્તિ સ્વજનના વિયોગની ચિંતાથી ઘેરાયેલી હોય અથવા ભારે સંઘર્ષમાં અટવાયેલી હોય તેમને આ રોગ લાગુ પડે છે.

પોતાની જાત પ્રત્યે તિરસ્કાર કે પાપભાવમાંથી પણ આ રોગ પ્રગટ થાય છે.

**(૧૧) આધાશીશીઃ** અડધા માથામાં દુખાવો થવો-આ આધાશીશીનું પ્રધાન લક્ષણ છે. સૂર્યના ઉદયથી દુખાવો શરૂ થાય છે, બપોરે દુખાવો વધે છે અને સાંજે દુખાવો દૂર થાય છે.

જે વ્યક્તિની મહત્ત્વાકાંક્ષા અધૂરી રહે છે તે વ્યક્તિ મનમાં સતત સંઘર્ષ અનુભવે છે. આ હતાશા અને સંઘર્ષ આધાશીશીમાં પરિણમે છે.

**(૧૨) સંધિવાઃ** આ રોગમાં દર્દીના હાથ, પગ કે કમરના સાંધામાં દુખાવો થાય છે.

અત્યંત માનિક તંગદિલીમાંથી આ રોગ જન્મે છે.

મનના સંઘર્ષોમાંથી વાયુની બીમારી થાય છે તેમ આયુર્વેદ અને યોગ પણ માને છે. સંધિવા વાતરોગ છે અને તેના પાયામાં મનના સંઘર્ષો હોઇ શકે છે.

## ચિકિત્સાઃ

મનોદૈહિક વિકૃતિઓમાંથી મુક્ત થવામાં યોગાભ્યાસ ખૂબ મૂલ્યવાન સાધન સિદ્ધ થયેલ છે. ક્રોધ, ચિંતા, ઇર્ષ્યા, લોભ, મોહ, સંઘર્ષ આદિ નકારાત્મક આવેગોમાંથી મનોદૈહિક વિકૃતિઓ જન્મે છે. યોગાભ્યાસ દ્વારા આ નકારાત્મક આવેગોનું નિવારણ શક્ય બને છે અને તેમ થાય તો મનોદૈહિક વિકૃતિઓમાંથી પણ છુટકારો મળે છે.

મનોદૈહિક વિકૃતિઓ અનેક પ્રકારની છે. તદનુસાર ચિકિત્સાનું સ્વરૂપ પણ ભિન્નભિન્ન હોય છે. વળી વ્યક્તિગત ભિન્નતા પણ લક્ષમાં રાખવી જોઇએ.

અહીં એક સામાન્ય યોગાભ્યાસની રૂપરેખા પ્રસ્તુત છે.

**(૧) સમજઃ** દર્દી પોતાના રોગના સ્વરૂપ અને કારણમીમાંસાને સમજે તે મૂલ્યવાન ચિકિત્સા છે.

**(૨) યોગાસનઃ** દર્દીની વય, શારીરિક અવસ્થા, રોગનું સ્વરૂપ આદિ પરિબળોને ખ્યાલમાં રાખીને યોગાસનના અભ્યાસનો ક્રમ ગોઠવવો જોઇએ. સારા યોગચિકિત્સક અને સારા યોગશિક્ષક સાથે મળીને આ ક્રમ નિર્ધાતિ કરે.

**(૩) પ્રાણાયામઃ** ૧. સરળ ઉજ્જાયી,
૨. અનુલોમવિલોમ

આ બંને પ્રાણાયામની વિગતવાર વિચારણા આગળનાં પ્રકરણોમાં થઇ છે. અહીં પુનરાવર્તન નહીં કરીએ. સાવધાનઃ દર્દીને કુંભક આપવો નહીં.

**(૪) શવાસનઃ** શવાસનના સ્વરૂપની વિગતવાર સમજ 'તાણની યૌગિક માનસચિકિત્સા' નામના પ્રકરણમાં આપવામાં આવેલ છે.

**(૫) યૌગિક પરામર્શઃ** એક સ્વતંત્ર પ્રકરણમાં આ મુદ્દાની વિચારણા કરવામાં આવી છે.

**(૬) ધ્યાનાભ્યાસઃ** એક સ્વતંત્ર પ્રકરણમાં આ મુદ્દાની વિચારણા કરવામાં આવેલ છે.

૫. સમાપનઃ મનોદૈહિક વિકૃતિનાં કારણો મનમાં હોય છે અને રોગ શરીરમાં અભિવ્યક્ત થાય છે.

મનોદૈહિક વિકૃતિ અને કાલ્પનિક રોગ આ બંને એક નથી. કાલ્પનિક રોગમાં રોગ હોતો જ નથી, માત્ર રોગની કલ્પના જ હોય છે; જ્યારે મનોદૈહિક વિકૃતિમાં શરીરની ભૂમિકા પર રોગ હોય જ છે, પણ કારણો મનમાં હોય છે. અહીં રોગની માત્ર કલ્પના નથી. આમ હોવાથી આવી બીમારીમાં આવશ્યકતા પ્રમાણે અને રોગના સ્વરૂપ પ્રમાણે શારીરિક ભૂમિકાએ દર્દીની એલોપથી, આયુર્વેદિક આદિ ચિકિત્સાપદ્ધતિ પ્રમાણે સારવાર કરવી જોઇએ અને સાથેસાથે માનસચિકિત્સા તરીકે યૌગિક સાધન આપવું જોઇએ.

યોગસાધન ધીમી ગતિએ કામ કરે છે, પરંતુ સુધારો કાયમી ધોરણે થાય છે, તેથી દર્દી અને ચિકિત્સકે ખૂબ ધીરજ રાખવી જોઇએ.


વ્યક્તિગત ભિન્નતા સતત ખ્યાલમાં રાખવી જોઇએ. (સમાપ્ત)■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# સ્વર્ગવાસી થયા વગરનું સ્વર્ગ!



'ચંબુ અંકલ, આ પેપરમાં તમારી સિંગાપોર-મલેશિયા જવાની જાહેરખબર વાંચી. બોલો રિટર્નનો શું ભાવ રાખ્યો છે?' 'વૈકુંઠ ટ્રાવેલ'ના મેનેજર ચંબુલાલને સરોજે પૂછ્યું.'જુઓ ભાભી, આખું રિટર્ન પેકેજ પર હેડ એક લાખની આસપાસ, સમજાવું'

'એ પછી. પહેલાં તમે મારી વાત સમજો. મને શરદીનો કોઠો છે એટલે મને નોન એસી ફ્લાઇટ જોઈએ ને સિંગાપુર જો ટ્રેન જતી હોય તો એ પણ ચાલે, આપણને કઈ ફ્લાઇટનો મોહ નથી અને બીજું, આપણે મોજ કરવા જવાનું હોય તો મહારાજનું શું કામ છે? કથા થોડી કરવાની છે?'

'અરે ભાભી, આ મહારાજ એટલે પોતાનો રસોઇયો, પોતાના હાથે રોજ અલગ અલગ સરસ વાનગી.'

'સોરી અંકલ નો નીડ. અમે તો ઘરેથી જ તેર દિવસના થેપલા, છુંદો, ગોળકેરી, ફાફડા, જલેબી લઈને આવીએ ને કહેતા હો તો આખી ફ્લાઇટના બધા પ્રવાસીઓ માટે પણ લઈ આવું બસ.!

તમે અવાજ કરો બોસ, ને ભાવમાં જે ઓછા થાય એ કરી આપો. આપણે તમને હજી બીજી ટૂરમાં ખટાઈ આપીશું. હમણાં જે આપું એ પ્રેમથી લઈ લેજો. બરાબર?'(દસ સેકન્ડ પછી)

'અરે, તમે પ્રાણીસંગ્રહાલયના પાંજરામાં વાંદરીને જોતા હો એમ મારી સામે ટગર ટગર શું જોઈ રહ્યા છો?'

'અરે, તમે સમજતા કેમ નથી, તમારે સિદ્ધપુર જવું છે કે સિંગાપુર?'

'અરે, માત્ર હું જ સમજુ છું એ તમે કેમ સમજતા નથી? હવે રડમસ થયા વગર આખું પેકેજ સમજાવો'

'અરે, પર હેડ એક લાખ રિટર્ન ને ક્રૂઝ સાથે જવું હોય તો એ રીતે સમજાવું' 'ક્રૂઝ સાથે? ના ભાઈ ના, હું ઈઝ ક્રૂઝ?' સરોજ બોલી 'ન જાન ન પહેચાન મૈ તેરા મહેમાન.

અમે અમારી દીકરી રુચિ સાથે જવું છે. કોઈ ક્રૂઝ બ્રુઝને તો અમે ઓળખતા પણ નથી ને'...

'પ્લીઝ, તમે ઝાટકા ઉપર ઝાટકા ન આપો. હવે હું પોક મૂકીને રડી પડીશ તમને ક્રૂઝની સૂઝ નથી? ક્રૂઝ એટલે પ્રવાસના છેલ્લા ત્રણ દિવસ તેર માળની જાયન્ટ સ્ટીમરમાં યાદગાર દરિયાઈ સફર. ફાઇવ સ્ટાર જેવી સગવડ. એક અનોખો અનુભવ, અનોખી અનુભૂતિ. થિયેટર-માર્કેટ, સ્વિમિંગ પુલ, જિમ અરે, ડાન્સ બાર...તેર દિવસ ચિંતા મુક્ત, તમને થશે કે સાચું સુખ પિયરિયામાં કે સાસરિયામાં નથી, પણ અહીં છે. અહીં છે અહીં છે! ઇન શોર્ટ જાણે આખું સ્વર્ગ પૃથ્વી ઉપર!'

'વાઆઉઉ.. આખું સ્વર્ગ પૃથ્વી પર? યુ મીન્સ જીવતાજીવત સ્વર્ગવાસી' સરોજ તો એક ફૂટ ટેનિસ દડાની જેમ ઊછળી ને પછી સ્પ્રિંગવાળી ખુરશીના કારણે ફરી અડધો ફૂટ ઓટોમેટિકલી ઊછળી. મોઢામાં આખો લાડવો આવી ગયો હોય એમ હરખમાં ને હરખમાં અચાનક રોમેન્ટિક મૂડમાં બાફ્યુંઃ

'ચંબુ ડાર્લિંગ, સોરી...એકદમ વેરી સોરી... ચંબુઅંકલ, રિયલી યુ આર ગ્રેટ, યુ આર જિનિયસ' પછી ચંબુલાલના બંને ગાલ પર હળવી ચીમટી ભરી કાનમાં ધીરેથી બોલી 'આ મારો ગગો મારી સાથે ન હોત તો બે ચાર બકીઓ તમારા ગાલ પર ચોંટાડી દીધી હોત.'

આટલું સાંભળતા તો ચંબુલાલની આંખોના ડોળા સરકસમાં આવતા મોતના કૂવામાં ફરતા ફટફટિયાની જેમ ગોળ ગોળ ફરવા લાગ્યાઃ

'અરે ભાભી..'

'અરે ભાભી ગઈ તેલ પીવા. મેં આમને (મને) કેટલીવાર કીધું રોજ કેટલા લોકો સ્વર્ગે જાય છે તો ચાલોને, આપણે એક આંટો મારી આવીએ. પણ માને? પોતે બે વાર સિરિયસ બીમાર હતા ત્યારે બોલેલા કે હું બે વાર સ્વર્ગના દરવાજે ટકોરા મારી પાછો આવ્યો છું, મને થયું કે દરવાજો ખૂલવાની થોડી તો રાહ જોવી હતી, પણ પાછા ફર્યા તો આપણું નસીબ' પછી કબૂતરની જેમ સોરી કબૂતરીની જેમ મારી તરફ ડોકી ફેરવી બોલી :

'આ જુઓ, તમે તો કહેતા હતા કે શરીર છોડ્યા વગર સ્વર્ગે જવાતું નથી ને શરીર સાથે સ્વર્ગ જવું શક્ય નથી. આ વખતે ટકોરા માર્યા વગર જ આ ચંબુઅંકલે સ્વર્ગના દરવાજા ખોલી આપ્યા છે. એટલે મારું મરવાનું કેન્સલ હવે મારી સ્વર્ગની આઈ મીન ક્રૂઝમાં જવાની મજા ન બગાડતા. હવે બધા આપણા સગાઓ ને કુંભમેળામાં ડૂબી ગયેલા બધા ક્રૂઝમાં જ મળશે. સમજ્યા?'

ચંબુલાલનો ચહેરો નજીકના કોઈ સ્વજનનો સ્વર્ગવાસ થયો હોય એવો થઈ ગયો. હનુમાન ચાલીસાનો પાઠ કરતી હોય એવી સરોજની અવિરત વાણીથી મારી પણ અંદરથી ખચકી. મનમાં થયુ કે મારી ગગીના હોઠ પર લિપસ્ટિકના બદલે ફેવિકોલ ચોંટાડી એના ઉપર જ ચાર પાંચ જાડી સ્ટેપલર પિન મારી મજબૂત પ્લાસ્ટર લગાડી એની બોલતી જ બંધ કરી દઉં.

'વિચારીને ફોન કરીએ' એટલું બોલી અમે નીકળી ગયા. અમે ઘરે પહોંચ્યા ત્યાં મારી ગગી તાડૂકી :

'અરે તમે તો વર છો કે વરુ? આ ચંબુલાલની ઓફિસમાં મોતિયો ઉતરાવ્યા પછી પહેલી વાર આંખ ખોલતા દર્દીની જેમ મારી સામે શેના ટગર ટગર ડોળા કાઢતા હતા?'

'ડોળા કાઢતો નહોતો પણ ડોળા કાઢીને તારા હાથમાં મૂકી દેવાનું વિચારતો હતો. દેખવુંય નઇ ને દાઝવુંય નઇ.'

'પણ એવું તો શું દેખ્યું ને ક્યાં દાઝ્યા?'

'મને પૂછે છે? હે, મારી ગજગામિની' હું રડમસ થઇ ગયો 'તું જ કહે તારી સાથે લગ્ન કરવા સિવાય જીવનમાં કોઈ ગંભીર ભૂલ કરી છે? હે અજ્ઞાની જીવ, નથી તને ક્રૂઝની સૂઝ કે નથી સ્વર્ગની ગતાગમ. આ ચંબુલાલે જરાક કીધું કે ક્રૂઝમાં જાણે આખું સ્વર્ગ પૃથ્વી ...એમાં તો મંડી પડી, આપણે જઈએ. તે જવાની જીદ પકડી પણ તે સ્વર્ગ જોયું છે? ના. ચંબુલાલે જોયું છે? ના. અલ્યા વાચક તમે જોયું છે? બોલો ના. જે ગયા એણે આવી કીધું કે કેવું છે? ના. આટલા બધા ના ની સામે તારી શેની હા થાય છે? અરે, સ્વર્ગ - નરકની બધી કલ્પના છે. તારું તન અને મન ખુશ રહે, સંતોષી રહે એ સ્વર્ગ જ છે! સંસારની જાળ જંજાળમાંથી મુક્તિ મળે એ સ્વર્ગવાસી થયા વગરનું સ્વર્ગ જ છે, સમજી?'.

શું કહો છો? ■

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખપ | GRASS |
| ખર | SIX |
| ખટ | NEED |
| ખસ | DONKEY |
| ખડ | ITCH |

## ઓળખાણ પડી?



આજકાલ પૌષ્ટિક નાસ્તા તરીકે હોંશે હોંશે ખવાતી અને એક સમયની ભુલાઈ ગયેલી આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થની ઓળખાણ પડી?

અ) સાકરિયા  બ) મખાણા  ક) પતાસા  ડ) અશ્વગંધા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વૈ | ૨ જ | ના | ૩ થ | | ૪ ભી | ૫ મા | શં | ૬ ક | ર |
| ૭ કું | ડ | | ૮ વા | ૯ રા | | ર | | ડ | |
| ૧૦ ઠ | પ | કો | | ૧૧ મે | દ | | ૧૨ શી | ક | ર |
| | ણું | | ૧૩ વિ | શ્વ | | ૧૪ સા | લ | | |
| ૧૫ ત્ર્યં | | ૧૬ કે | દા | ર | ૧૭ ના | થ | | ૧૮ હ | દ |
| ૧૯ બ | ૨૦ ચા | વા | ય | | મ | | ૨૧ હા | લ | |
| ૨૨ કે | ર | | | ૨૩ વિ | દા | ર | ક | | ૨૪ કા |
| શ્વ | | ૨૫ ઘુ | શ્મે | શ્વ | ર | | | ૨૬ પૂ | ર્તિ |
| ૨૭ ર | ૨૮ સ | મ | | ના | | ૨૯ હા | ૩૦ ર | | કે |
| | ૩૧ હ | ર | | થ | | ૩૨ નિ | સ | હા | ય |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| ૧૦ | | | | | ૧૧ | | | | |
| | | ૧૨ | | ૧૩ | | | | | ૧૪ |
| ૧૫ | | | | | | | ૧૬ | | |
| | | ૧૭ | ૧૮ | | ૧૯ | ૨૦ | | | |
| ૨૧ | ૨૨ | | | | ૨૩ | | | ૨૪ | |
| ૨૫ | | | | ૨૬ | | | ૨૭ | | |
| | | ૨૮ | | ૨૯ | | | ૩૦ | | ૩૧ |
| | ૩૨ | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. પિનાક ધનુષ્યધારી (૫)
૪. ભગવાન શંકરને ચડાવાય (૪)
૭. મુસલમાન રાજા (૨)
૮. --- રાજ એટલે સ્ત્રીઓનું રાજ (૨)
૯. ઝાડો, જુલાબ, રેચ (૨)
૧૦. પરદો (૨)
૧૧. બહાદુર (૪)
૧૩. પગ મૂકતાં ડૂબી જવાય એવો કાદવ (૩)
૧૫. જુગારી, ધુતારો, ઠગ (૩)
૧૬. ફૂલમાંની રજ (૩)
૧૭. ઢીલું પડી ગયેલું, હાલતું (૬)
૨૧. ભરપૂર હોવાની લાગણી (૪)
૨૩. --- ઉપર લેવું એટલે ધ્યાનમાં લેવું (૨)
૨૪. કાદવ (૨)
૨૫. તરફેણ (૨)
૨૬. એકદમ ગરમાગરમ (૫)
૨૯. ઓછું (૨)
૩૦. ચેતન, જીવવાળું (૩)
૩૨. ધનુર્ધર (૪)
૩૩. થવું, બનવું (૨)

**ઊભી ચાવી**

૧. અવગતિયો જીવ, પ્રેત (૩)
૨. નકામું, વગર કારણે (૩)
૩. માનસિક રીતે અસ્થિર (૩)
૪. બીજ (વાવવા માટેનાં) (૪)
૫. પાલવ, લુગડાનો છેડો (૩)
૬. ત્રાસેલું (૨)
૮. ભગવાન શિવનું શસ્ત્ર (૩)
૧૨. શુભ પ્રસંગ, લાગ, સમય (૪)
૧૩. લક્ષ્મીજીનું આસન, એક ફૂલ (૩)
૧૪. શહેરી પ્રજાજન (૪)
૧૫. કૈલાસ પર રહેનાર (૫)
૧૬. ક્ષણ, સમયનું માપ (૨)
૧૮. નુકસાન, ઠોકર, મૂક (૨)
૧૯. ડંકાનો અવાજ, ગરબડ, તોફાન (૪)
૨૦. ખાણ ખોદનારો (૩)
૨૨. શિકાર, ખોરાક (૨)
૨૪. શિક્ષક (અપમાન જનક શબ્દ) (૩)
૨૬. --- ઉઠવું એટલે રડારોળ કરી મૂકવી (૩)
૨૭. કરડવું, દંશ દેવો (૩)
૨૮. કમી, ઉણપ, ખોટ (૨)
૩૧. વડે, માટે, બદલે (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પ્રવાસમાં લોકો સુવિધા માગે છે' વાક્યમાં 'સુવિધા' શબ્દનો અર્થ જણાવો.

અ) સૌંદર્ય  બ) સગવડ  ક) સલામતી  ડ) સાવધાની

## માતૃભાષાની મહેક

ખડ એટલે ઘાસ. ગાય બકરીઓને ખડ ખવરાવવા લઈ ગયા એમ ગ્રામ્ય બોલીમાં કહેવાતું હોય છે. ખડ ખાવું એટલે મૂર્ખાઈ ભરેલું કામ કરવું અથવા હીણપત ભરેલું કામ કરવું. ખડ વાઢવા જવું અને ગળચોપડીનું ભાતું એટલે ગજા ઉપરાંત ખર્ચ કરવું. વેંત બહાર ખર્ચ કરવું. ખડની તાપણીએ તાપવું એટલે થોડો વખત ટકવું.

## સુડોકુ-૮૦૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૬ | ૧ | ૩ | | | | |
| ૪ | | | | ૭ | | | | |
| ૫ | | | ૬ | | | | | |
| | | ૪ | | | | ૩ | | ૨ |
| | | ૧ | | | | ૯ | | |
| ૯ | | ૭ | | | | ૮ | | |
| | | | | | ૧ | | | ૬ |
| | | | | ૪ | | | | ૫ |
| | | | | ૯ | ૫ | ૨ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૩ | ૪ | ૭ | ૮ | ૨ | ૧ | ૬ |
| ૮ | ૭ | ૨ | ૯ | ૧ | ૬ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૪ | ૧ | ૨ | ૫ | ૩ | ૯ | ૮ | ૭ |
| ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૪ | ૮ | ૯ | ૫ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ |
| ૫ | ૨ | ૬ | ૧ | ૩ | ૯ | ૮ | ૭ | ૪ |
| ૨ | ૬ | ૪ | ૩ | ૯ | ૧ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૯ | ૫ | ૮ | ૪ | ૨ | ૧ | ૬ | ૩ |
| ૩ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૯ | ૨ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ENTOMOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પદાર્થ  બ) વાયુ  ક) જંતુ  ડ) આદત

## ઈર્શાદ

ક્યાં સંતાડું દરિયો? કાંઠા ક્યાં સંતાડું?
આંસુ ને આંસુના ડાઘા ક્યાં સંતાડું?

-વ્રજેશ મિસ્ત્રી

## માઈન્ડ ગેમ

સૃષ્ટિમાં કેટલાક પ્રાણી એવા હોય છે જે જમીન પર અને પાણી એમ બંને જગ્યાએ રહે છે. આવા પ્રાણીઓ કયા નામથી ઓળખાય છે?

અ) Reptiles  બ) Vertebrates
ક) Amphibians  ડ) Aquatic

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચેપ | INFECTION |
| ચેલો | PUPIL |
| ચોટ | BLOW |
| ચોડું | BROAD |
| ચોર | THIEF |

માઈન્ડ ગેમ
શાહમૃગ

ઓળખાણ પડી?
Langash

ગુજરાત મોરી મોરી રે
મનુષ્ય

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
જૂતા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ સંઘવી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) મહેશ દોશી (૧૩) નુતન વિપીન શાહ (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) અરવિંદ કામદાર (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભાવના કર્વે (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) જ્યોત્સના ગાંધી (૨૭) રમેશ દલાલ (૨૮) ઈનાક્ષી દલાલ (૨૯) હિના દલાલ (૩૦) નયના ગિરીશ મિસ્ત્રી (૩૧) પુષ્પા ખોના (૩૨) જગદીશ ઠક્કર (૩૩) નિતિન બજરિયા (૩૪) અંજુ ટોલિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) વિણા સંપટ (૩૯) દેવેન્દ્ર સંપટ




## મેથ્યૂ શોર્ટના સ્થાને કોનોલીને કર્યો સામેલ

દુબઈ: ભારત સામેની સેમિફાઇનલ મેચ અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઇજાગ્રસ્ત મેથ્યુ શોર્ટના સ્થાને યુવા સ્પિનર્સ ઓલરાઉન્ડર કૂપર કોનોલીનો ઓસ્ટ્રેલિયન ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અફઘાનિસ્તાન સામેની મેચ દરમિયાન શોર્ટને પગમાં ઈજા થઈ હતી. ગયા વર્ષે ઈંગ્લેન્ડ સામે વનડેમાં ડેબ્યૂ કરનાર ૨૧ વર્ષીય કોનોલીને ટુર્નામેન્ટ માટે ટ્રાવેલિંગ રિઝર્વમાં સ્થાન આપવામાં આવ્યું હતું. સોમવારે આઇસીસી ટુર્નામેન્ટ ટેકનિકલ કમિટીએ આ ફેરફારને મંજૂરી આપી હતી. કોનોલી અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયા તરફથી છ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂક્યો છે, જેમાં ત્રણ વનડેનો સમાવેશ થાય છે. મંગળવારે ઓસ્ટ્રેલિયા ભારત સામે પ્રથમ સેમિફાઇનલમાં રમવાનું છે.

# આજે ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે ટક્કર, ‘બદલો’ લેવા ઊતરશે ભારતીય ટીમ

દુબઇ: આજે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઇનલ મેચ દુબઈમાં રમાશે. ભારતીય ટીમ તેના ગ્રુપ સ્ટેજમાં શાનદાર પ્રદર્શન કરવામાં સફળ રહી છે અને તેની ત્રણેય મેચ જીતીને ટોચ પર પહોંચી છે. નોંધનીય છે કે ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતનો પરાજય થયો હતો. હવે ભારત પાસે તે હારનો બદલો લેવાની તક છે. ભારતીય ટીમ સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ફાઇનલમાં પહોંચવાનો પ્રયાસ કરશે. આ મેચમાં બંને ટીમો જીતવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે જેથી તેઓ ફાઇનલમાં રમી શકે.

આ બંને ટીમો માટે આસાન મેચ નહીં હોય કારણ કે ભારતીય ટીમ જ્યારે તેના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહ વિના ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી રહી છે ત્યારે ઓસ્ટ્રેલિયન ટીમમાં પેટ કમિન્સ, મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ જેવા મોટા સ્ટાર્સ સામેલ નથી.

જો આપણે વન-ડે ક્રિકેટમાં બંને ટીમો વચ્ચેના રેકોર્ડ પર નજર કરીએ તો ઓસ્ટ્રેલિયાનો હાથ ઉપર હોય તેવું જણાય છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વન-ડેમાં ૧૫૧ મેચોમાં સામસામે ટકરાઇ છે. જેમાં ઓસ્ટ્રેલિયા ૮૪ વખત જીત્યું છે જ્યારે ભારત ૫૭ વખત જીત્યું છે. ૧૦ મેચમાંથી કોઈ પરિણામ આવી શક્યું નથી. આઇસીસી વન-ડે ટુનામેન્ટના રેકોર્ડમાં પણ ઓસ્ટ્રેલિયાએ ભારત કરતાં વધુ મેચ જીતી છે. બંને ટીમો આઇસીસી વન-ડે વર્લ્ડ કપ અને આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં કુલ ૧૮ વખત સામસામે આવી ચૂકી છે, જેમાં ઓસ્ટ્રેલિયા ૧૦ વખત જીત્યું છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ ૭ મેચ જીતી છે. એક મેચ અનિર્ણિત રહી હતી.


આઇસીસી નોકઆઉટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા આઠ વખત સામસામે આવી ચૂક્યા છે. ઓસ્ટ્રેલિયા અને ભારત બંને ૪-૪ વખત જીતવામાં સફળ રહ્યા છે. ૨૦૧૫થી ટીમ ઈન્ડિયા આઇસીસી નોકઆઉટ મેચોમાં ઓસ્ટ્રેલિયાને હરાવી શકી નથી.

ચક્રવર્તી, કુલદીપ યાદવ, રવીન્દ્ર જાડેજા અને અક્ષર પટેલની ભારતીય સ્પિન ટીમે ન્યૂઝીલેન્ડ સામે નવ વિકેટ ઝડપી હતી. બીજી તરફ, ઓસ્ટ્રેલિયા પાસે એડમ ઝમ્પાના રૂપમાં ફક્ત એક જ નિષ્ણાત સ્પિનર છે. તે સિવાય ગ્લેન મેક્સવેલ અને ટ્રેવિસ હેડ પાસેથી સારા પ્રદર્શનની આશા રહેશે. ■











# વિલિયમસનની બહુમૂલ્ય વિકેટ પડતા જ વિરાટ અક્ષરને પગે લાગ્યો!

દુબઈ: ભારતને રવિવારે અહીં ચેમ્પિયન્સ ટ્રોફીની છેલ્લી લીગ મેચમાં વિજય અપાવીને ટૂર્નામેન્ટમાં અપરાજિત રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર સ્પિનર અક્ષર પટેલે એક પ્રાઈઝ વિકેટ લીધી એટલે વિરાટ કોહલી આનંદિત મૂડમાં અક્ષર પાસે પહોંચી ગયો હતો અને મજાકમાં તેને પગે લાગ્યો હતો.

ભારતની પ્લેઇંગ-ઇલેવનમાં ચાર સ્પિનર હતા જેમાં અક્ષર ઉપરાંત રવીન્દ્ર જાડેજા, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવનો સમાવેશ હતો.

કિવીઓની દસમાંથી નવ વિકેટ ભારતીય સ્પિનર્સે લીધી હતી. સૌથી વધુ પાંચ વિકેટ વરુણે અને બે વિકેટ કુલદીપે મેળવી હતી, પરંતુ ટીમ ઇન્ડિયા માટે માથાનો દુખાવો બની ગયેલા ભૂતપૂર્વ કેપ્ટન કેન વિલિયમસન (૮૧ રન, ૧૨૦ બોલ, સાત ફોર)ને અક્ષરે આઉટ કર્યો એટલે વિરાટ દોડીને અક્ષર પાસે પહોંચી ગયો હતો અને મજાકમાં તેને પગે લાગ્યો હતો. અક્ષરે આ બેટિંગ-લેજન્ડને તરત રોકવાનો પ્રયત્ન કર્યો હતો. અક્ષર તથા ટીમના બીજા ખેલાડીઓ વિરાટની આ અનોખી મજાક જોઈને ખૂબ હસ્યા હતા. બધાએ અક્ષરને આ વિકેટ બદલ અભિનંદન આપ્યા હતા.

ન્યૂ ઝીલેન્ડને જીતવા ૨૫૦ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. ૪૧મી ઓવરમાં કિવીઓનો સ્કોર છ વિકેટે ૧૬૯ રન હતો અને વિલિયમસન એકલા હાથે ન્યૂ ઝીલેન્ડને જિતાડી શકે એવી ત્યારે સ્થિતિ હતી.

એવામાં અક્ષરે તેને જાળમાં આબાદ ફસાવ્યો હતો. અક્ષરના ફ્લાઇટેડ બોલમાં વિલિયમસન સ્ટ્રેઈટ શોટ મારવા ગયો હતો, પણ ચૂકી ગયો અને વિકેટકીપર કેએલ રાહુલે તકનો લાભ લઈને તેને સ્ટમ્પ-આઉટ કરી દીધો હતો.




વિલિયમસન ત્યારે ઓવરના છેલ્લા બોલમાં ઉતાવળે એક રન લેવા માગતો હતો કે જેથી કરીને સ્ટ્રાઈક પોતાની પાસે રહે. જોકે તે અક્ષર અને રાહુલની જાળમાંથી છટકી શક્યો નહોતો. રાહુલે સ્ટમ્પિંગ કરતા જ વિલિયમસન પાછળ જોયા વગર ચાલવા લાગ્યો હતો.

વિલિયમસનની એ સાતમી વિકેટ પડ્યા બાદ બીજી બે-ત્રણ નાની ભાગીદારી સાથે ૪૬મી ઓવરમાં ન્યૂ ઝીલેન્ડનો દાવ ૨૦૫ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો.

૪૪ રનથી મેળવેલા આ વિજય સાથે ભારત ગ્રૂપ ‘એ’માં નંબર વન રહ્યું અને હવે મંગળવારે (બપોરે ૨:૩૦ વાગ્યાથી) સેમિ ફાઇનલમાં ભારતનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે. બીજી સેમિ ફાઇનલ બુધવારે લાહોરમાં ન્યૂ ઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ■

# આ અમારું ઘર નથી, પિચમાંથી અમને અલગ પ્રકારના પડકારો મળ્યા: રોહિત શર્મા

દુબઇ: કેપ્ટન રોહિત શર્માએ એ ધારણાને ફગાવી દીધી હતી કે તેમની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તમામ મેચ દુબઈમાં રમીને ફાયદો મેળવી રહી છે. તેમણે કહ્યું હતું કે આ તેમનું હોમ ગ્રાઉન્ડ નથી અને પિચો તરફથી તેમની ટીમને પણ અલગ અલગ પ્રકારના પડકારો મળ્યા છે. પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ઘણા ભૂતપૂર્વ ખેલાડીઓએ કહ્યું હતું કે બધી મેચો એક જ સ્થળે રમવાથી ભારતને અન્ય ટીમો કરતાં પરિસ્થિતિઓમાં વધુ સારી રીતે ઢળવામાં મદદ મળી છે.




ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં રોહિતે કહ્યું હતું કે, ‘‘દર વખતે પિચ તરફથી એક અલગ પ્રકારના પડકારો મળે છે. અમે અહીં ત્રણ મેચ રમ્યા છે અને ત્રણેય મેચમાં પિચનું સ્વરૂપ અલગ રહ્યું છે. આ અમારું ઘર નથી, આ દુબઈ છે. અમે અહીં એટલી મેચ પણ રમ્યા નથી. આ અમારા માટે પણ નવું છે.’’

તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલ પહેલા તેમની ટીમે પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવું પડશે. અહીં ચાર કે પાંચ પિચનો ઉપયોગ થઈ રહ્યો છે. મને ખબર નથી કે સેમિફાઇનલમાં પિચ કેવી હશે. પણ ગમે તે હોય આપણે અનુકૂળ થવું પડશે અને તેના પર રમવું પડશે.

ન્યૂઝીલેન્ડ સામેની છેલ્લી ગ્રૂપ મેચનું ઉદાહરણ આપતા રોહિતે કહ્યું હતું કે, અમે જોયું કે જ્યારે બોલરો બોલિંગ કરી રહ્યા હતા ત્યારે બોલ સ્વિંગ થઈ રહ્યો હતો. પહેલી બે મેચમાં આવું નહોતું. અમે છેલ્લી મેચમાં જોયું કે બોલરોના બોલ સ્પિન થઇ રહ્યા નહોતા. તેથી વિવિધ પિચો પર વિવિધ પડકારો હોય છે. અમને ખબર નથી કે પિચ કેવી હશે કે નહીં. જો બોલરોને પિચમાંથી મદદ મળી હોત તો મેચ વધુ રસપ્રદ થઇ હોત. પડકારજનક પિચો સારી છે કારણ કે અમે સારી મેચ ઇચ્છીએ છીએ.

રોહિતે ટીમમાં પાંચ સ્પિનરોને પસંદ કરવાના નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે તેમને દુબઈની પિચોનો ખ્યાલ હતો કારણ કે તે આઇએલટી૨૦ પર નજર રાખી રહ્યો હતો. છેલ્લા બે મહિનામાં આપણે જોયું છે કે પિચો ધીમી છે. અમને લાગ્યું કે સ્પિનર્સને મદદરૂપ થશે. જો અમને વધારાના બેટ્સમેનની જરૂર હોય તો ઋષભ પંત છે તેથી અમે એક વધારાનો સ્પિનર પસંદ કર્યો હતો. ■

# જાણીતા સ્પીનર પદમાકર શિવલકરનું અવસાન

મુંબઈ: મુંબઈના જાણીતા સ્પીનર પદમાકર શિવલકરનું અહીં ૮૪ વર્ષની વયે અવસાન થયું હતું. ૧૯૬૧-૬૨થી કરીને ૧૯૮૭-૮૮ સુધી તેઓ ૧૨૪ ફર્સ્ટકલાસ મેચ રમ્યા હતા અને ૧૯.૬૯ સરેરાશ સાથે તેમણે ૫૮૯ વિકેટ ઝડપી હતી, પણ તેમને દેશ તરફથી ટેસ્ટમેચ રમવાની ક્યારેય તક મળી નહોતી. બાવીસ વર્ષની ઉંમરે આ ડાબોડી સ્પીનરે રણજી ટ્રોફીમાંથી કારકિર્દીની શરૂઆત કરી હતી અને ૪૮ વર્ષની ઉંમર સુધી તેઓ ક્રિકેટ રમ્યા હતા. દેશની ખૂબ જ જાણીતી એવી સ્પર્ધામાં તેમણે ૩૬૧ વિકેટ ઝડપી હતી, જેમાં ૧૧ વાર ૧૦ વિકેટ ઝડપી હોવાનો સમાવેશ થાય છે. ૨૦૧૭માં ભારતીય ક્રિકેટ બૉર્ડે તેમને સી. કે. નાયડુ લાઈફ ટાઈમ અચીવમેન્ટ ઍવૉર્ડથી સન્માનિત કર્યા હતા.



# રિલાયન્સ, એચડીએફસી બેંક સહિતના હેવીવેઈટ શૅરોની વેચવાલીના દબાણે સેન્સેક્સ અને નિફ્ટી નેગેટિવ ઝોનમાં વધુ નીચે સરક્યા

મુંબઇઃ વિદેશી ફંડોની અવિરત વેચવાલી સાથે એચડીએફસી બેન્ક અને રિલાયન્સ જેવા હેવીવેટ શેરોમાં ધોવાણ ચાલુ રહેતા સોમવારે સેન્સેક્સ અને નિફ્ટી નેગેટીવ ઝોનમાં વધુ નીચી સપાટીએ સરક્યા હતા. સેન્સેક્સ ૧૧૨.૧૬ પોઇન્ટ અથવા તો ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૭૩,૦૮૫.૯૪ની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન બેન્ચમાર્ક ૭૩,૬૪૯૩.૭૨ પોઇન્ટની ઊંચી અને ૭૨,૭૮૪.૫૪ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ઇન્ડેક્સ સતત નવમા સત્રની પીછેહઠમાં ૫.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૦૨ ટકાના ઘટાડા સાથે ૨૨,૧૧૯.૩૦ની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન આ બેન્ચમાર્ક ૧૨૦ પોઇન્ટ અથવા તો ૦.૫૪ ટકા તૂટીને ૨૨,૦૦૪.૭૦ની નીચી સપાટીને અથડાયો હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, બજાજ ફિનસર્વ, એચડીએફસી બનેક, અદાણી પોર્ટસ, મારુતિ સુઝુકી, એક્સિસ બેન્ક, હિંદુસ્તાન યુનિલીવર, સન ફાર્માસ્યુટિકલ્સ અને એશિયન પેઇન્ટ્સ સેન્સેક્સના ટોચના ઘટાનારા શેરોની યાદીમાં હતા. જ્યારે અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ, એનટીપીસી, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો અને સ્ટેટ બેન્ક ટોપ ગેઇનર્સની યાદીમાં હતા.

ફેમાના કથિત ભંગ બદ્દલ ઇડી તરફથી નોટીસ મળી હોવાથી પેટીએમના શેરમાં ચારેક ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. નેશનલ કંપની લો એપીલેટ ટ્રિબ્યુનલે નાદારીની પ્રક્રિયા પડતી મૂકી હોવાથી કોફી ડે એન્ટરપ્રાઇઝનો શેર ૨૦ ટકાના ઉછાળા સાથે બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. કંપની ખોટ ઘટાડવા એક હજાર કર્મચારીની છટણી કરી રહી હોવાના અહેવાલોએ ઓલા ઇલેક્ટ્રિકનો શેર પાંચ ટકાના કડાકા સાથે બાવન સપ્તાહની નીચી સપાટીએ પટકાયો હતો.

એમેરાલ્ડ ફાઇનાન્સ લિમિટેડે પ્રેફેન્શિયલ એલોટમેન્ટ દ્વારા ઇક્વિટી શેર જારી કરવાની અને રૂ. ૧૫.૦૫ કરોડના પ્રસ્તાવિત મૂડી ઉપાર્જન માટે શેરધારકોની મંજૂરી મેળવવા માટે ૨૫ માર્ચે ઇજીએમ બોલાવી છે. પહેલી માર્ચે યોજાયેલી બોર્ડ મીટીંગમાં પ્રતિ શેર રૂ. ૧૩૧ના ભાવે ૧,૧૪૮,૯૦૦ ઇક્વિટી શેર જારી કરવાની મંજૂરી અપાઇ હતી, જેમાં રૂ. ૧૦ ની ફેસ વેલ્યુ અને પ્રતિ શેર રૂ. ૧૨૧નું પ્રીમિયમ શામેલ હતું. પ્રણવ કન્સ્ટ્રકશને આઇપીઓ માટે સેબીમાં દસ્તાવેજ ફાઇલ કરાવ્યા છે. હોસ્પિટાલિટી સર્વિસ પ્રોવાઇડર, પ્રવેગ લિમિટેડે ભારતની અગ્રણી હોટેલ ચેઇન્સમાંની એક ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ (આઇએચસીએલ) સાથે વ્યૂહાત્મક ભાગીદારી સાધી છે. આ કરારના ભાગરૂપે, આઇએચસીએલ લક્ષદ્વીપના બંગારામ ટાપુ પર સ્થિત પ્રવેગની એસેટ, પ્રવેગ એટોલ્સનું સંચાલન કરશે. આ રિસોર્ટને સેલક્યુશન બ્રાન્ડ હેઠળ વર્ગીકૃત કરવામાં આવશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સિર્વસિસની સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશને ભારતમાં કેન્સરની સારવાર માટેની દવા દુર્વાલ્યુમેપ સોલ્યુશનની આયાત અને વિતરણ માટે એસ્ટ્રાઝેનેકા ફાર્માને મંજૂરી આપી છે. એમ્ફીના ડેટા દર્શાવે છે કે ૩૪ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સે એકત્રિત રીતે ૫૦.૯૦ લાખ રોકાણકાર ફોલિયો સાથે રૂ. ૪.૦૮ લાખ કરોડની સંપત્તિનું સંચાલન કર્યુ હતું. પાછલા ત્રણ મહિનામાં, હાઇબ્રિડ ફંડ્સમાં કુલ ચોખ્ખા નાણા પ્રવાહનો લગભગ એક ચતુર્થાંશ હિસ્સો બીએએફનો હતો, જેમાં બરોડા બીએનપી પરિબા બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડે તેની શરૂઆતથી ૫૯ ટકાની સરેરાશ ચોખ્ખી ઇક્વિટી ફાળવણી સાથે નિફ્ટી ટીઆરઆઇના ૯૩ ટકા વળતર આપ્યું છે. આ ફંડ બજારની પરિસ્થિતિ અનુસાર એસેટ એલોકેશનમાં ફેરફાર કરે છે.

આઇઇએક્સે ફેબ્રુઆરીમાં ટ્રેડ વોલ્યુમમાં નવ ટકાનો વધારો નોંધાવ્યો છે. વીસ્કૂલે બે દિવસીય એસીબીએસપી રિજન ૧૦મી પરિષદ ૨૦૨૫નું આયોજન કર્યુ હતું, જેનો ઉદ્દેશ બ્રિજ એક્રોસ બોર્ડર્સ થીમ હેઠળ બિઝનેસ એજ્યુકેશનમાં વૈશ્વિક વિચારધારાના અગ્રણીઓને એક કરવાનો હોય છે. પરિષદમાં દક્ષિણ એશિયાના ઘણા દેશોના સહભાગીઓ એકત્ર થયા હતા અને બેસ્ટ ઓફ રીજન અને સ્ટુડન્ટ શોકેસ થીમ હેઠળ લગભગ ૧૨૦ સંશોધન અને ઉદ્યોગસાહસિક વિચારો અને સ્કૂલ ઓફ થોટ હેઠળ બિઝનેસ પીચ રજૂ કરવામાં આવ્યા હતા. એશિયાઇ બજારોમાં ટોકિયો અને હોંગકોંગમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે શાંઘાઇનો બેન્ચમાર્ક રેડ ઝોનમાં સરક્યો હતો. સિઓલ સેરબજાર રજાને કારણે બંધ રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે નરમાઈતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ છતાં આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો પાંચ પૈસાના સુધારા સાથે ૮૭.૩૨ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૭.૩૭ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૭.૩૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૪૧ અને ઉપરમાં ૮૭.૨૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસાના સુધારા સાથે ૮૭.૩૨ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે રૂપિયામાં ૧૯ પૈસાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક બજારમાં નિકાસકારોની ડૉલરમાં વેચવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે જાહેર થયેલો ગત ફેબ્રુઆરી મહિનાના ઉત્પાદનનો એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ ઈન્ડેક્સ આગલા જાન્યુઆરી મહિનાના ૫૭.૭ પૉઈન્ટ સામે ઘટીને ૫૬.૩ની સપાટીએ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૭.૨૦થી ૮૭.૬૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

# ડૉલર નબળો પડતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૨૬૪નો અને ચાંદીમાં ₹ ૯૧૮નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં બે સપ્તાહની ઊંચી સપાટીએથી જોવા મળેલી પીછેહઠ, યુક્રેન-રશિયા વચ્ચે શાંતિ વિલંબિત થવાની શક્યતા અને ટ્રેડ વૉરની ચિંતા વચ્ચે આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યાના નિર્દેશો હતા. આમ વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૩થી ૨૬૪ અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૧૮નો સુધારો આવ્યો હતો. ા

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં મધ્યસત્ર પશ્ચાત્ સ્ટોકિસ્ટોની નીકળેલી નવેસરથી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૯૧૮ના સુધારા સાથે રૂ. ૯૪,૩૯૮ના મથાળે રહ્યા હતા.

તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવ વધી આવતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૩ વધીને રૂ. ૮૪,૯૭૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૬૪ વધીને રૂ. ૮૫,૩૨૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની ઊંચી સપાટીએથી ૦.૪ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યો હોવાના નિર્દેશ, રશિયા-યુક્રેન વચ્ચે શાંતિમંત્રણા વિલંબિત થવાની શક્યતા તેમ જ અમેરિકાની ટેરિફની ચિંતા વચ્ચે સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૮૬૮.૫૪ ડૉલર અને વાયદામાં ભાવ એક ટકો વધીને ૨૮૭૮.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૩૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી વચ્ચેની મંત્રણામાં થયેલી ખટપટને કારણે રાજકીય-ભૌગોલિક તણાવ વધવાની ભીતિ અને ટ્રેડ વૉરની ચિંતાને કારણે સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

વધુમાં અમેરિકી વાણિજ્ય સચિવ હાવર્ડ લ્યુટનિકે ગઈકાલે જણાવ્યું હતું કે કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ચોથી માર્ચથી ટેરિફ અમલી બનશે, પરંતુ ૨૫ ટકા ટેરિફના મુદ્દે ટ્રમ્પ તટસ્થ રહે છે કે કેમ તે જોવું રહ્યું. જોકે, મંગળવારથી ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા અતિરિક્ત જકાત અમલી બનશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં ગત શુક્રવારે જાહેર થયેલા અમેરિકાના જાન્યુઆરી મહિનાના કન્ઝ્યુમર સ્પેન્ડિંગ ડેટામાં ઘટાડો થયો હોવા છતાં એકંદરે ફુગાવામાં વધારો થયો હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતનો નિર્ણય મુલતવી રાખે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યાં છે.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ

### ઈ-ટેન્ડર આમંત્રણ નોટિસ

**ઇલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ (કન્સ્ટ્રક્શન); ઇ-ટેન્ડર નોટિસ નં.: EL/C/ADI/GS/288/2024-25; (1) કામનું નામ તેના સ્થાન સાથે:** પશ્ચિમ રેલવે, સાબરમતી ખાતે વંદે ભારત ટ્રેન સેટ્સ માટે જાળવણી સુવિધાઓની સ્થાપનાના સંબંધમાં 3 ફેઝ 11/0.433 KV પાવર સપ્લાય વ્યવસ્થા ડિઝાઇન, બનાવટ, આપૂર્તિ, ઇન્સ્ટલેશન, નિર્માણ, પરીક્ષણ અને કમીશનીંગ અને સંલગ્ન ઇલેક્ટ્રીકલ કામો; **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 4,12,76,216/-; **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મની:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(4) બિડ જમા કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(5) ટેન્ડર ફી:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(6) કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો:** 12 મહિના; **(7) વેબસાઇટની વિગતો અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in** નોટિસ બોર્ડ અને ડે. ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) ની ઓફીસ, પશ્ચિમ રેલ્વે, નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત- 382345) 129

અમને લાઇક કરો: facebook.com/WesternRly



## પશ્ચિમ રેલવે- રતલામ

### સેન્ટ્રલ ઓપરેશન માટે S&T રૂમ્સની જોગવાઈ

**W/૬૨૩/૫/૧/NIT.** તારીખઃ ૨૮.૦૨.૨૦૨૫ ડિવિઝનલ રેલવે મેનેજર (W/A) રતલામ વેબસાઈટઃ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે વિગતો નીચે મુજબ છે. ઈ-ટેન્ડર નં. RTM-૨૦૨૪-૨૫-૧૪૪. **કામનું નામઃ** નાગદા-ભોપાલ સેક્શન-માકસી, પીર ઉમરોડ અને બેરછા સ્ટેશન-ઈલેક્ટ્રિકલ કામ સહિત 'D' સ્પેશિયલ રૂટ પર ઓવર એજેડ ઈન્ડોર અને આઉટડોર સિગ્નલિંગ ઈક્વિપમેન્ટની બદલીકરણના સંબંધમાં દરેક સ્ટેશન ખાતે સેન્ટ્રલ ઓપરેશન માટે S&T રૂમ્સ, SM ઓફિસની જોગવાઈ. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૫,૨૫,૮૩,૮૩૧.૦૨/- **ડિપોઝિટ કરાયેલ બાના રકમઃ** રૂ. ૪,૧૩,૦૦૦.૦૦/- **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ બિલ્ડિંગ કામનું બાંધકામ. **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૨૮.૦૨.૨૦૨૫. **ટેન્ડરની ખોલવાની તારીખઃ** ૨૮.૦૩.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

SNP-430

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# પેટીએમને ઇડી તરફથી ₹ ૬૧૧ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન સાથે સંબંધિત મામલામાં શૉ કૉઝ નોટિસ

નવી દિલ્હીઃ પેટીએમને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા)ના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) તરફથી કારણ દર્શાવો (શૉ કૉઝ) નોટિસ મળી છે. આ કેસ ૨૦૧૫થી ૨૦૧૯ વચ્ચે ૬૧૧ કરોડ રૂપિયાના ટ્રાન્જેક્શન સાથે સંબંધિત છે. આ મામલમાં ૬૧૧ કરોડ રૂપિયામાંથી, ૩૪૫ કરોડ રૂપિયા પેટાકંપની લિટલ ઇન્ટરનેટ પ્રાઇવેટ લિમિટેડ સાથે સંકળાયેલા રોકાણ વ્યવહારો સાથે સંબંધિત છે, જ્યારે ૨૧ કરોડ રૂપિયા નીયરબાય ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ સાથે સંબંધિત છે. બાકીની રકમ પેટીએમની પેરેન્ટ કંપની વન૯૭ કોમ્યુનિકેશન્સ લિમિટેડ સાથે સંબંધિત છે.

પેટીએમએ ૨૦૧૭માં બંને કંપનીઓને હસ્તગત કરી હતી. પેટીએમએ કહ્યું છે કે આ નોટિસ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મળી હતી. આ ઉલંઘનો ત્યારે થયા જ્યારે આ કંપનીઓ વન૯૭ કોમ્યુનિકેશન્સની પેટાકંપનીઓ નહોતી. પેટીએમએ કહ્યું કે આ મામલો ઉકેલાઈ રહ્યો છે. પેટીએમની સર્વિસ પર કોઈ અસર પડી નથી.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર)માં પેટીએમની પેરેન્ટ કંપની વન ૯૭ કોમ્યુનિકેશન્સને ૨૦૮ કરોડ રૂપિયાની નેટ લોસ થયો હતો. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં પેટીએમનું નુકસાન ૨૨૦ કરોડ રૂપિયા હતું. ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીની આવક ૩૬ ટકા ઘટીને રૂ. ૧,૮૨૮ કરોડ થઈ ગઈ. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં, એટલે કે, ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં તે રૂ. ૨,૮૫૦ કરોડ હતું.

ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ એટલે કે, ફેમા, જૂના કાયદા ફેરા (ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ) ને બદલવા માટે વર્ષ ૧૯૯૯માં રજૂ કરવામાં આવ્યો હતો. ભારતમાં ફેમાની રજૂઆતનો મુખ્ય ઉદ્દેશ્ય બાહ્ય વેપાર અને ચુકવણીને સરળ બનાવવાનો હતો. ફેમા ભારતમાં તમામ વિદેશી વિનિમય વ્યવહારો માટેની પ્રક્રિયાઓની રૂપરેખા આપે છે. આ કાયદા હેઠળ, ઊઉ ને વિદેશી વિનિમય કાયદા અને નિયમોના શંકાસ્પદ ઉલ્લંઘનની તપાસ કરવા, ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવા અને તેમના પર દંડ લાદવાની જવાબદારી આપવામાં આવી છે.


## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

### SLR કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

**ઈ-હરાજી આમંત્રિત કરતી સૂચના**

**કોન્ટ્રાક્ટનો પ્રકાર :** પાર્સલ સ્પેસનું લિઝીંગ — **કેટલોગ નં. LEASE-2024-26**

**સ્થળ અને સંપત્તિની વિગત**

SLRs ના 3.9/04 ટન પાર્સલ સ્પેસ ના લિઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી

| અનું. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 12756 | RSLR | શનિવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | COA (કાકીનાડા) |
| 2 | 19016 | FSLR-II | દરરોજ | PBR (પોરબંદર) | DDR (દાદર) |

(1) ઈ-હરાજી તા.17-03-2025 ના 11:00 કલાક થી શરૂ થશે (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે. (3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો.

BVP-209

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૧ રિંગિટનો ઘટાડો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આજે આયાતી તેલમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સિંગતેલ અને સરસવમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા જળવાઈ રહ્યાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોલ્ડન એગ્રી અને રૂચીના આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૩૭૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, અદાણીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦ અને ગોકુલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૩૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગેતલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં થયા હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૧૨૫થી ૪૨૦૦માં થયા હતા. આ સિવાય આજે દેશભરમાં સરસવની અંદાજે ૮.૨૫ લાખ ગૂણીની આવક થયાના નિર્દેશ હતા. જેમાં જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૧૨૫થી ૬૧૫૦માં, સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૩૧૬ અને રૂ. ૧૩૨૬માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦૬૫થી ૨૦૭૦માં થયા હોવાના અહેવાલ હતા.


## BRIHANMUMBAI MAHANAGARPALIKA

### વૃક્ષ પ્રાધિકરણ

### પબ્લિક નોટીસ

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-Vમાં 'M/પશ્ચિમ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ એટલે કે કુલ ૦૧ પ્રસ્તાવ અસરગ્રસ્ત વૃક્ષોને હટાવવા માટે ટ્રી ઓથોરીટી/મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન ટ્રી ઓથોરીટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- **https://portal.mcgm.gov.in** → About us → wards / Departments → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → 811-Public notice 7 days ઉપર ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ પ્રસ્તાવો માટે નાગરિકોના વાંધા/ સૂચનો જો કોઈ હોય તો, સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરેલ ફોર્મેટમાં મંગાવાય છે.

તમે તમારા સૂચનો/ વાંધાઓ આ ઈમેલ-ID dysg.ta@mcgm.gov.in પર નિયત કરેલ ફોર્મેટમાં સુપ્રત કરી શકો છો. નિયત કરેલ ફોર્મેટમાં તમારા સૂચનો/ વાંધાઓ જણાવેલ સમયમાં પ્રાપ્ત થશે તેની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલ ઈમેલ અથવા લેખિત સૂચનો/ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મેળવવામાં આવેલ સૂચનો/ વાંધા માટેની સુનાવણી ૧૨/૦૩/૨૦૨૫ના સાંજે ૪.૩૦ ક. સાંજે ૫.૦૦ ક. સુધી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને આ સુનાવણીમાં હાજર રહેવું જરૂરી જણાય છે તેઓ તેમના ઈ-મેલ, સૂચનો/ વાંધાઓની નકલ સાથે હાજર રહે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
૨જો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર

PRO/2672/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



# PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ (O.C. વિભાગ)

ક્રે. HE (M&E)/M-૩A/ ૫૯૩૧/ PP, તા. ૨૮.૦૨.૨૦૨૫

### ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ પધ્ધતિમાં આઈટમ રેટ ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| સેક્શન | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (M&E) M-3 APP |
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૧૫૪૮૩૮ |
| કામનું નામ | M-૩A પમ્પિંગ સ્ટેશન, પીસે ખાતે ક્રોમ્પ્ટોન મેક, ૩.૩ KV, ૮૯૦ KW, ૩ ફેઝ AC સ્ક્વેરેલ કેઝ ઈન્ડકશન મોટર્સનું ઓવરહોલિંગ |
| વેબસાઈટ | https://mahatenders.gov.in<br>http://portal.mcgm.gov.in/tenders |

ટેન્ડર દસ્તાવેજ, ટેન્ડર સેક્શન હેઠળ BMCની વેબસાઈટ (http://portal.mcgm.gov.in) તેમજ ઈ-ટેન્ડરીંગ વેબસાઈટ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
(A.S. ભોઈર)
એક્ષીક્યુટિવ એન્જિનિયર (M&E)
M-૩A, પીસે પાંજરાપુર

PRO/2661/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



## BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જીનિયર્સ વિભાગ

### ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૫૬૨૩૭_૧ |
| વિષય | AEOC (TM) ડિવિઝન હેઠળ રોજિંદા જાળવણીના કામો માટે જરૂરી વિવિધ ઉપભોજ્ય સામગ્રીનો સપ્લાય. |
| ટેન્ડર ફી & પ્રોસેસિંગ ફી | રૂ. ૩૮૯૪.૦૦/- (રૂ. ૩૩૦૦/- +૧૮% GST) & રૂ. ૫૦૦ |
| બિડ સુરક્ષા ડિપોઝિટ / બારડી | રૂ. ૪૨,૦૦૦/- (ઓનલાઈન ચૂકવણી કરવી) |
| ટેન્ડરના ઈશ્યુ અને વેચાણની તારીખ | ૦૪.૦૩.૨૦૨૫ ૧૧:૦૦ કલાકથી |
| ટેન્ડર વેચાણ અને બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૦.૦૩.૨૦૨૫ ૧૬:૦૦ કલાક સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન ) | ૧૦.૦૩.૨૦૨૫ ૧૬:૦૦ કલાક સુધી |
| પેકેટ A & B ખૂલશે | ૧૧.૦૩.૨૦૨૫ ૧૬:૦૫ કલાક પછી |
| વિભાગનું નામ | ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી) |
| વેબસાઈટ | mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | શ્રી એ. ડી. હટવાર<br>આસિસ્ટન્ટ એન્જિનિયર (આઉટ સાઈડ શહેર) ટ્રન્ક મેઈન |
| સંપર્ક નંબર | ૭૯૭૭૬૦૮૪૧૯ |
| ઈમેલ ID | ae01dyhemaint.he@mcgm.gov.in |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/2668/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



## BRIHANMUMBAI MAHANAGARPALIKA

### ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ ID નં. | ૨૦૨૫_MCGM_૧૧૫૫૫૭૬_૧ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | F-નોર્થ વોર્ડમાં એક વર્ષ માટે સાયન હિન્દુ સ્મશાનગૃહ ખાતે ઈકો-ફ્રેન્ડલી વૂડ પિર ફર્નેસ (૨ નં.)ની વ્યાપક ઓપરેશન અને જાળવણી કોન્ટ્રાક્ટનું કામ. |
| ટેન્ડરની કિંમત | રૂા. ૩૩૦૦/- (+૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત ખર્ચ) | આઈટમ રેટ ટેન્ડર |
| બીડ સુરક્ષા જમા/ બારડી | રૂા. ૧૯,૦૦૦/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની તારીખ | ૪.૩.૨૦૨૫ના ૧૧ ક. થી |
| બિડ સુરક્ષા ડિપોઝિટ/ બારડીની સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમય | ૧૦.૦૩.૨૦૨૫ ૧૬ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૦.૦૩.૨૦૨૫ ૧૬ ક. સુધી |
| પ્રી-બીડ મીટીંગ | લાગું પડતું નથી |
| પેકેટ A ખુલશે (બીડ ખૂલશે) | ૧૧.૦૩.૨૦૨૫ના ૧૬.૦૦ ક.ના /બાદ |
| સંદેશ વ્યવહારનું સરનામું | ઓફિસઃ- ઈ. ઈ. મીકે. (સાઉથ) BMC, મ્યુનિ. વર્કશોપ, R. S. નીમકર માર્ગ, ભાયખલા (પ.), મુંબઈ-૪૦૦૦૦૮. |
| બીડ ખુલવાનું સ્થળ | E. E. મીકે. (સાઉથ)ની ઓફિસમાં ઓનલાઈન |
| સંપર્ક વ્યક્તિ : | --- |
| A) નામ | શ્રી. એસ.એસ. પાટીલ |
| B) ટેલીફોન (ઓફીસ) | ૦૨૨-૨૩૦૮૩૦૫૧/૫૨/૫૩/૫૪ |
| C) ઈ-મેલ સરનામું | eemechsouth.me@mcgm.gov.in |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in/tenders,<br>https://mahatenders.gov.in |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવા કે કોઈપણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
એક્ઝી. એન્જિ. મીકે. (સાઉથ)

PRO/2676/ADV./2024-25

પાણી બચાઓ, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**







## અબુ આઝમીનું ફરી એક વાર વિવાદાસ્પદ નિવેદન

# 'ઔરંગઝેબના શાસન કાળમાં ભારતનો જીડીપી ૨૪ ટકા હતો'

મુંબઈઃ સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આઝમીએ ઔરંગઝેબને સારા શાસક કહીને વિવાદનો મધપૂડો છેડ્યો છે. ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન ભારતની સરહદો અફઘાનિસ્તાન અને બર્મા સુધી વિસ્તરેલી હતી. તેમના સમયમાં ભારતને સોનાનું પંખી કહેવામાં આવતું હતું. તેમના સમયમાં ભારતનો જીડીપી ૨૪ ટકા હતો. ભારતની સ્થિતિ મજબૂત હોવાને કારણે જ અંગ્રેજો ભારતમાં આવ્યા હતા.

અબુ આઝમીએ એવું કહીને પણ વિવાદને વધુ વકરાવ્યો હતો કે ઔંગઝેબ અને છત્રપતિ શિવાજી મહારાજ વચ્ચેનું યુદ્ધ ધાર્મિક નહોતું. બંને વચ્ચેની લડાઈ રાજકીય હતી. ઔરંગઝેબ ક્રૂર નહોતો અને એ સમયની લડાઈ ક્યારે પણ હિંદુ-મુસલમાન વચ્ચે નહોતી. તેઓ સોમવારે બજેટ (જુઓ પાનું ૪) ▶▶

## દેશદ્રોહી અબુ આઝમી માફી માગેઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મહારાષ્ટ્ર સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીને દેશદ્રોહી ગણાવ્યા હતા અને ૧૭મી સદીના મોગલ શાસક ઔરંગઝેબને સારા વહીવટકર્તા ગણાવવા બદલ તેમની ઝાટકણી કાઢતાં માફી માગે એવી માગણી કરી હતી.

મુંબઈમાં વિધાન ભવન સંકુલમાં પત્રકારોને સંબોધતાં એકનાથ શિંદેએ અબુ આઝમીની ટિપ્પણીનો જવાબ આપ્યો હતો. અબુ આઝમીએ કહ્યું હતું કે ઔરંગઝેબ એક સારો વહીવટકર્તા હતો. તેમણે આ નિવેદન માટે માફી માગવી જોઈએ કેમ કે છત્રપતિ સંભાજી મહારાજ દેશભક્ત અને ખરા રાષ્ટ્રભક્ત હતા... ઔરંગઝેબના વહીવટીતંત્રને સારું કહેવું એ ગંભીર ગુનો છે. આને માટે અબુ આઝમીએ માફી માગવી જોઈએ. તેમણે એક (જુઓ પાનું ૪) ▶▶

## ૪,૫૦૦ કરોડના ફ્રોડના કેસમાં ઈડીની ઝડતીની કામગીરી

મુંબઈઃ મુંબઈની એક કંપની અને તેના પ્રમોટરો દ્વારા ૫૦ લાખ જેટલા ડિપોઝિટરો સાથે ૪,૫૦૦ કરોડ રૂપિયાના કથિત ફ્રોડ સાથે કડી ધરાવતા મની લોન્ડરિંગના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટે (ઈડી) સર્ચ હાથ ધરી હોવાનું અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. પેનકાર્ડ ક્લબ્સ લિમિટેડ (પીસીએલ), તેના ભૂતપૂર્વ ડિરેક્ટર્સ અને અન્યો વિરુદ્ધ ૨૮મી ફેબ્રુઆરીએ આ સર્ચ હાથ ધરાઈ હતી.સેબી ઍક્ટનું ઉલ્લંઘન કરી કલેક્ટિવ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ (સીઆઈએસ) મારફત કથિત ફ્રોડનો આ કેસ છે. આ સ્કીમમાં ૫૦ લાખથી વધુ રોકાણકારો પાસેથી ૪,૫૦૦ કરોડ રૂપિયા કથિત રીતે પડાવવામાં આવ્યા હતા. આ પ્રકરણે મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ પેનકાર્ડ ક્લબ્સ લિમિટેડ અને અન્યો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ કેસની નોંધ લઈ ઈડીએ (જુઓ પાનું ૪) ▶▶







## ૬,૪૮૯.૨૦ કરોડની પૂરક માગણી રજૂ કરી સરકારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે વિધાનસભામાં ૬,૪૮૬.૨૦ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ અને ૪,૨૪૫.૯૪ કરોડ રૂપિયાનો ચોખ્ખો બોજ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં જાહેર ઉપયોગિતા માટે ભંડોળની જોગવાઈ અને રાજ્યના માળખાગત વિકાસને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે, જેમ કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગ્રામીણ નાગરિકો માટે ઘરો, મુખ્યમંત્રી બલિરાજા વીજળી ટેરિફ સબસિડી યોજના હેઠળ કૃષિ પંપ ગ્રાહકો માટે વીજળીના દરમાં રાહત, કેન્દ્રીય યોજના હેઠળ (જુઓ પાનું ૪) ▶▶

## માધવી પુરી બુચ સામે આજ સુધી કોઇ કાર્યવાહી ન કરતાઃ હાઇ કોર્ટ

મુંબઈઃ શેરબજારમાં છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘન બદલ સેબીના ભૂતપૂર્વ અધ્યક્ષ માધવી પુરી બુચ અને અન્ય પાંચ અધિકારીઓ સામે નોંધાયેલા ગુના સામે ચોથી માર્ચ સુધી કોઈ પણ કાર્યવાહી ન કરવાનો આદેશ હાઈ કોર્ટે એસીબીને સોમવારે આપ્યો હતો. બુચ, બોમ્બે સ્ટોક એક્સચેન્જના એમડી સુંદરરામન રામામૂર્તિ અને અન્ય લોકોએ સોમવારે હાઈ કોર્ટમાં (જુઓ પાનું ૪) ▶▶




## 'કરુણા મુંડે સાથે કયારેય લગ્ન નથી કર્યા તો ભરણ પોષણનો સવાલ જ નથી'

### આમ કહીને 'પ્રથમ પત્ની'ને ભરણ પોષણ આપવાના કોર્ટના આદેશોને પડકાર્યા ધનંજય મુંડેએ

મુંબઈઃ પ્રથમ પત્ની હોવાનો દાવો કરનારી મહિલાને ભરણપોષણ ચુકવવાના મેજિસ્ટ્રેટના વચગાળાના આદેશને મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેએ સેશન્સ કોર્ટમાં પડકાર્યો છે.

પોતાની અરજીમાં મુંડેએ કહ્યું હતું કે પ્રથમ પત્ની હોવાનો દાવો કરનારી કરુણા મુંડે સાથે તેમને ક્યારેય લગ્ન કર્યા નથી.

અરજદાર (મુંડે) અને પ્રતિવાદી નંબર-૧ (મહિલા) બન્નેએ લગ્ન કર્યા છે અને તેમની વચ્ચે સંબંધ હોવાને આધાર ગણીને મેજિસ્ટ્રેટ દ્વારા ઉક્ત આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ પોતાને આ આદેશ માન્ય નથી, એમ મુંડેએ અરજીમાં જણાવ્યું હતું. મેજિસ્ટ્રેટે ભરણપોષણ આપવાનો આદેશ આપતી (જુઓ પાનું ૪) ▶▶

